

કુમાર

ભાદરવો ૧૯૮૬

૮૧મો અંક



'તંત્રી: રવિશંકર રાવળ'



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

ચેતવણી

લવાજમ વરસના રૂા. ૬: પરદેશના રૂા. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ; તથા આર. આર. શેઠની કંપની પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ–૨

લેખકો: જેઓને ઊગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટૂંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પૂરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.

ગ્રાહકો વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી.

કુમાર આવતી કાલનાં નાગરિકો ઘડતું આજનાં ઘરોનું માસિક

નિરધાર

[દ્રુતવિલમ્બિત]

કલનિનાદ સુણ્યા રણશંખના,
સમરગાન પીધાં મધુનીતર્યાં,
પ્રગટતી હૃદયે બલિઝંખના,
દિલ જવાન છલોછલ ઊછળ્યાં.

કદમકૂચ ચપોચપ ઊપડે,
બદન જોશ હવે જિરવાય ના,
અરિ શું મેળવિલંબ જ હા નડે,
જગત પાપમુખે નિરખાય ના.

વચન વીરતણું બદલાય ના,
કઠણ કાળજું મંદ કરાય ના,
વિપતભેટ થકી મચકાય ના,
વિજયસિદ્ધિ વિના વિરમાય ના.

સમરરંગ ભલે પલટે ઘડી,
કંઈક સૈનિક જાય ભલે પડી,
વિજય દૂર સુદૂર જણાય છો,
ખડક યોધ મુખે નહિ ઓરછો.

ન દરકાર ન જો સરદાર કો,
રજ વિચાર 'હવે શું' તણો જ શો?
મદદ કોઇ ન તો શું ઉચાટ છે?
લડવું હાથ લઈ શિર વાત છે.

સુન્દરમ્

ભાદરવો ૧૯૮૬
સપ્ટેમ્બર ૧૯૩૦



હવે તો દેશની લડતનો આધાર દરેક જણની પોતાની જ પ્રવૃત્તિ ઉપર આવી રહ્યો છે. દેશને દોરનાર બધા જ અનુભવી લોકનેતાઓએ મામૂલી સુલેહ કરવા કરતાં રાષ્ટ્રધર્મને અનુસરીને સંપૂર્ણ સ્વાતંત્ર્ય માટે આખરી લડત લડી લેવાનો નિરધાર કર્યો છે. બીજી બાજુથી સામ્રાજ્યનો ગર્વ દેશના જાગેલા આત્માને દબાવી ગૂંગળાવી સત્તાવાદી રાજ્યતંત્રનો કાળો પડદો હિંદ પર કાયમને માટે નાખવા હુંકાર કરી રહ્યો છે. ભયંકર નાશકારક શસ્ત્રો જ તેનું આલંબન છે, અને દરેક પળે તેનો ડર બતાવી પ્રજાને શરણ થવાનું આહ્વાન તે દઈ રહ્યો છે. તેની પાસેથી નીતિ ને ઇન્સાફની આશા રાખવી વ્યર્થ છે.

આવે વખતે સ્વધર્મ અને સ્વમાનનું રક્ષણ કરવાનો એક જ માર્ગ સનાતન કાળથી સ્પષ્ટ દેખાતો આવ્યો છે. પાપીઓને શરણ થવા કરતાં સંતોએ મૃત્યુની ભયંકર યાતનાઓ સ્વીકારી છે; સતીઓએ પ્રાણ આપ્યા છે; સ્વાતંત્ર્યવીરોએ હસતાં હસતાં મોતને ગળે બાથ ભીડી છે. યુરોપ કે એશિયા પૃથ્વીના કોઇ પણ દેશના ઇતિહાસમાં એ બલિદાનનું માહાત્મ્ય એકસરખું છે. કુટિલ નીતિ ખેલનારા રાજપુરુષો ગમે તેવું ગુમાન રાખતા હોય, પણ કાળને ચોપડે તેમની કિંમત કોડીની છે. તેઓ જગતને કદી આદર્શ આપી શકયા નથી. ઉપાસના, ત્યાગ અને બલિદાન વિના આદર્શો જન્મ્યા કે સિદ્ધ થયા જ નથી.

આજે હિંદની જીતની ચાવી પાપના તંત્ર સાથે અસહકાર કરવામાં ને સ્વદેશીવ્રતનું ચુસ્ત પાલન કરી લડત જે ઘડીએ જે ભોગ માગે તે આપવાની તત્પરતામાં રહેલી છે. બધા જ માણસો કદાચ નોકરીઓ ન છોડી શકે, પણ પોતાની નોકરી મારફતે દેશ પર થતા જુલમ કે ગેરઈન્સાફમાં પોતાના હાથ ન ખરડાવા દે અને દેશના ફરમાન મુજબ દેશની જ વસ્તુઓ વાપરી દેશને નિભાવે, એટલું તો અવશ્ય કરી શકે. બધા જ માણસો કદાચ પરદેશ સાથેનો વેપાર છોડી ન શકે, પણ જૂઠું બોલી દેશનાં માણસોને પરદેશી માલ પહેરાવી દેવાનો યત્ન તો ન જ કરે. સ્વાતંત્ર્યની ઉષ્મા જરાકે લાગી હોય એમને બધા ત્યાગ સરળ બને છે: માનું મોં જોતાં બાળકના હાથમાંથી જેમ બધાં રમકડાં આપોઆપ પડી જાય છે તેમ.

સ્વતંત્રતા કોઇને પણ નજીક હોય તો તે વિદ્યાર્થીવર્ગને છે. તેમને સરકારી નોકરીની લાલચ ચોંટી હોતી નથી; પૈસા કમાવાનો લોભ વળગ્યો હોતો નથી; સંસારનો ભાર તેમના પર પડયો હોતો નથી; તેમનાં શરીર ને મન તાજાં, વેગભર્યાં ને સહન કરવાને તત્પર તથા ખડતલ હોય છે. તેઓ ધારે તે ઘડીએ સ્વતંત્ર બની શકે એમ છે. જેનાથી વધુ ન બને તેવા વિદ્યાર્થીઓમાંનો પણ એકેએક વિદ્યાર્થી ભવિષ્યમાં ગુલામીભરી નોકરી ન કરવાનું પણ લે, એકેએક જણ ઇંગ્લંડની વસ્તુઓ વિના અને કેવળ સ્વદેશી જ વસ્ત્રો વડે ચલાવી લેવા તૈયાર થાય તો સામ્રાજ્યના ગર્વને તેઓ જ ગાળી દઇ શકશે અને દેશને માનભરી શરતો કરવાનું બળ આપશે.

આજ સુધી સામ્રાજ્યની સાંકળોને મજબૂત કરનારા અંકોડા વિદ્યાર્થીઓમાંથી જ સરકારને મળ્યા કર્યા છે; વિદ્યાર્થીઓને જ તેમણે બંધનો મજબૂત કરવામાં વાપર્યા છે; વિદ્યાર્થીઓને જ નોકરીની લાલચો આપી દેશના ખરા હિતથી અલગ કર્યા છે; વિદ્યાર્થીઓને જ પશ્ચિમી એશઆરામનાં સાધનોમાં ડૂબાડી દેશની ખરી શક્તિને નિર્માલ્ય કરી મૂકી છે; વિદ્યાર્થીઓને જ ઝેરી અને આત્મઘાતી શિક્ષણ આપી પોતાના જ ગ્રામ્ય દેશજનો અને દેશની સાચી સંસ્કૃતિનો તિરસ્કાર કરતા કર્યા છે; એ વિદ્યાર્થીઓમાંથી જ તેમણે હાલના ઝાલિમ અમલદારો અને નાટકી ન્યાયાધીશો બનાવ્યા છે.

એ બધાંનું આજના આખા વિદ્યાર્થીવર્ગે પ્રાયશ્ચિત્ત ભોગવવાનું છે ને રાષ્ટ્રનું કલંક ટાળવાનું છે. એક પણ વિદ્યાર્થી રાજતંત્રને સાથ ન આપે, એક પણ વિદ્યાર્થી વિદેશી વસ્ત્રો ન ખરીદે, વિદેશી ફેશનને ટેકો ન આપે અને સ્વદેશની સમૃદ્ધિ ને સંસ્કૃતિના જ ખ્યાલમાં રાતદિવસ રહે તો તે દરેક જણ સામ્રાજ્યના પાયાનું ચણતર ઢીલું કરી શકે છે.

સ્વદેશી પહેલું અને બીજું બધું પછી. સ્વદેશી એ રાષ્ટ્રધર્મનું પહેલું સૂત્ર છે. સ્વાર્થ આડે જે વેપારીઓ અને આડતિયા પિકેટિંગ કરનારને અને રાષ્ટ્રસેવકોને નિંદે છે ને ગાળો દે છે, તેઓ એટલું પણ વિચારી નથી શકતા કે રાષ્ટ્ર ભિખારી થઈ જશે તો ખરીદનાર કોણ રહેવાનું છે? રાષ્ટ્રને સમૃદ્ધ કરવા માટે રાષ્ટ્રનું ધન રાષ્ટ્રમાં જ રહેવું

સ્વદેશી

સ્વદેશીધર્મ એકલો ખાદી પુરતો જ નથી. સ્વદેશી એ જીવનવ્યાપી ધર્મ છે. સ્વદેશી રાષ્ટ્રધર્મ છે, રાષ્ટ્રપૂજાધર્મ નથી. સ્વદેશી પડોશી ધર્મને ઓળખે છે, પણ તેનો પાયો વિશ્વબંધુત્વ ઉપર છે. સ્વદેશી એટલે સ્વધર્મ; સ્વદેશી એટલે સ્વભાષાની પ્રતિષ્ઠા; સ્વદેશી એટલે ઘરનો રોટલો: સ્વદેશી એટલે પોતાની રહેણીકરણી; સ્વદેશી એટલે પોતાની સંસ્કૃતિ; સ્વદેશી એટલે વિશ્વબંધુત્વ.

(કાલેલકર)

જોઇએ. તમારા દેશનો કોઇ ગરીબ વણકર, કોઈ ગરીબ કુંભાર કે સુતાર, લુહાર યા મજૂર કે મામૂલી કારીગર નસી શકતો હોય તો તમે તેની ચીજ મોંઘી હોય તોપણ ખરીદી લેવાની ધર્મવૃત્તિ પાળો અને પ્રચારો. કેટલીક વાર ખપ ન હોય તોપણ માત્ર ઉત્તેજન ખાતર પણ દેશની ચીજ ખરીદો અને તેના કરનારને નિભાવો. એક માણસ ધંધા વિનાનો થઇ જશે કે તરત એ માણસ નિર્વાહ માટે કાં તો ગુનેહગાર બનશે કે કાં તો રાષ્ટ્રદ્રોહી બનશે. બહેતર છે કે તેના હાથમાં તેનો ધંધો રહે, ખીલે અને રાષ્ટ્રની સમૃદ્ધિની અનેકમાંની એક વધુ પાંખડી પ્રફુલ્લિત બને.

ભણતરનું તેજ

ॐ सह नाववतु। सह नौ भुनक्तु। सह वीर्यं करवावहै। तेजस्विनावधीतमस्तु। मा विद्विषावहै। ॐ शान्तिः शान्तिः शान्तिः॥ 'આપણે સાથે જીવતર ગાળીએ; આપણે સાથે ઉલ્લાસ માણીએ; આપણે સાથે સાહસ ખેડીએ; આપણા ભણતરમાં તેજ પ્રકટો; આપણે કોઇનો દ્વેષ કરીએ નહિ. ત્રણે લોકમાં શાંતિ હો.'

પચીસ હજાર વર્ષ પહેલાં આ ઋચા પ્રકટી અને હજુ યે હિંદમાં જ્યાંજ્યાં વેદધ્વનિ સંભળાય છે ત્યાંત્યાં સહસ્ર મુખે એ સજીવ બને છે.

જીવનને ભવ્ય બનાવવું હોય, સાચે માર્ગે ભોગવિલાસ માણવા હોય અને ઇતિહાસમાં અમર રહે એવાં પરાક્રમ ખેડવાં હોય તો ભણતરમાં તેજ પ્રકટાવવું જોઇએ અને દ્વેષભાવથી પર થવું જોઇએ.

ઇતિહાસમાં અમર રહે એવાં પરાક્રમો ખેડવાનો મોકો સૌને એકીસાથે ભાગ્યે જ મળે છે. શાંતિના સમયમાં તો સૌકોઈ પોતાના નિત્યકર્મના પાલનથી આત્મકલ્યાણ સાધે. પણ સમૂહ પર જ્યારે આપદપરંપરા ઉતરે ત્યારે ચિરંજીવ પરાક્રમો કરી અમર કીર્તિ વરવાનું સૌભાગ્ય સૌને મળે છે. અને ઘણે અંશે ભાવનાભક્ત જુવાનો એવા પ્રસંગ વધાવી લ્યે છે અને નિત્યકર્મ તથા કર્મકાંડ ત્યાગી ઉલ્કાપાતને શમાવવા દેહ ને બુદ્ધિની તમામ શક્તિઓ ખરચે છે.

હિંદુસ્તાનના કિશોરો, કુમારો અને જુવાનોને ભણતર દીપાવવાનો અપૂર્વ પ્રસંગ મળ્યો છે. શાળા-પાઠશાળાઓની દીવાલોમાં પૂરાઈ ભૂતકાળનાં કાવ્ય અને ઇતિહાસનો અભ્યાસ તો ગમે ત્યારે થઇ શકશે; પણ રણાંગણમાં ઘૂમવાનો પ્રભુપ્રેર્યો આવો અવસર સાલ દરસાલ નથી મળતો. એક વરસ—માત્ર એક જ વરસ સંઘરૂપે તમામ વિદ્યાર્થીઓ શાળા–પાઠશાળાઓ છોડીને પોતાને પસંદ હોય તેવાં રચનાત્મક કાર્યે હાથ ધરે તો બાર મહિનાના પુસ્તકિયા જ્ઞાન કરતાં વધુ વિશાળ અને વધુ ઉપયોગી એવું દુનિયાનું જ્ઞાન તેઓ મેળવી શકે. અને એક વરસનો ભોગ એ કાંઇ મોટી વાત નથી. વિદ્યાર્થી માંદો પડે અગર નાપાસ થાય ત્યારે વરસ પડે જ છે. એવા પ્રકારનો સંતોષ લઇને પણ વિદ્યાર્થીઓએ આજે પુસ્તકોને અભરાઈએ ચડાવી રણાંગણમાં ઘૂમવાની જરૂર છે.

શાસ્ત્રોમાં તો આકાશમાં વાદળાં ચડી આવે ત્યારે અનધ્યાય—અણોજો—પાળવાનું ફરમાન છે. તો પછી આજે જ્યારે હિંદુસ્તાનના આકાશમાં વાદળ ઘેરાતાં જાય છે ત્યારે શું દેશી કે પરદેશી અધ્યાપકો સ્વસ્થ ચિત્તે વિદ્યાધ્યયન કરાવી શકશે? અને હિંદભરમાં આજે જ્યારે ઉકળાટ વધતો જાય છે ત્યારે શું વિદ્યાર્થીઓ શાળા-પાઠશાળાઓમાં શાંત ચિત્તે શારદાપૂજન કરી શકશે? (સૌ. મિ.)

જુવાની

ત્રણ વીસ ને સાત વરસનો ડોસો.
શરીર ખખળી ગએલું;
આંખ હીણી હતી;
લાકડીને ટેકે આવ્યો હતો.
સૌથી વહેલો આવ્યો હતો ને
ક્યારનો ઊભો હતો.
કયાંક ગામ જવું હશે.

બારી ઉઘડી ને ટિકિટ દેવાણી.
ધક્કાધક્કી ને હલ્લાહલ્લી:
બળિયાના બે ભાગ.
જુવાનોએ ટિકિટ લઇ લીધી;
ભાઈઓ બાઇઓને માટે લાવ્યા;
શેઠની ટિકિટ નોકર લાવ્યા;
લઈલઇને સૌ ચાલવા લાગ્યા.
આ એક ડોસાનો વારો ન આવે.
બિચારો આગળ જાય ને પાછળ આવે;
ધક્કો લાગે ને કોરે ખસે;
ભીંસ લાગે ને પાછો જાય.

પાંચ મિનિટના ડંકા થયા,
ગાડી ઉપડવાનો વખત થયો;
બારી ઉપર બેશુમાર ગીરદી.
ટિકિટ વિનાનો ડોસો!

એક જુવાનને શરમ આવી;
મનમાં ને મનમાં જુવાની લાજી:
'અરે બીચારો ડોસો!
કયારકયારનો તપે છે!'
'દાદા કયાં જવું?'
'એ . . . નીંગાળા.
કોઇ ટિકિટ લાવી દે તો આ પૈસા.'

જુવાને ઝટ દેતોક ને મારગ કર્યો
ને ગયો બારીએ.
ટિકિટ લઇ બહાર આવ્યો.
'દાદા ચાલો ગાડીમાં બેસાડું.'
'પણ ટિકિટ?'
'ટિકિટ આ રહી.
નીંગાળાની મેં લઇ લીધી.'
ડોસાને ડબ્બામાં બેસાડયો.

'બાપુ ભગવાન તારું . . . .'
પણ જુવાન તો કયારનો ચાલ્યો
ગયો હતો.

ગિ.

પ્રકાશશાસ્ત્રને લગતા પ્રયોગો કરતો આઇઝૅક ન્યૂટન



માનવજાતની વૈજ્ઞાનિક મહત્તાનાં બીજ રોપનાર

સર આઇઝૅક ન્યૂટન

એક અંગ્રેજ ખેડુતનો છોકરો. નિશાળમાં સાવ ઠોઠ. અભ્યાસમાં ધ્યાન બ્યાન દેવાની બાધા. બેઠોબેઠો વર્ગની બારીના પત્થરના બારસાખમાં પોતાનું નામ કોતરતો, કે કૈંકૈં તરંગો કરતો. ઘેર પણ પાઠ વાંચવાને બદલે પોતાની બાળમિત્ર છોડીઓની ઢીંગલીઓ માટે મલોખાંનાં ખુરશી ટેબલ અને પલંગ બનાવતો, અને પોતાને રમવાનાં જાતજાતનાં રમકડાં રચતો.

પણ એ જ રમતિયાળ, ઠોઠ નિશાળિયો મોટો થતાં મહાન નર બન્યો. એવો, કે આજ બસેં વર્ષે પણ આજનું વૈજ્ઞાનિક પ્રગતિએ પહોંચેલું જગત એને માનવ ઇતિહાસના અગ્રણી વૈજ્ઞાનિક તરીકેની અંજલિ અર્પે છે; આજ સુધીમાં થએલા સર્વ શોધકોનો તેને શિરોમણિ લેખે છે. ઍરિસ્ટોટલ અને ડાર્વિન સિવાય હજી આજની ઘડી સુધી, વૈજ્ઞાનિક શોધની અપૂર્વતામાં બીજો કોઇ તેની હારમાં ઊભો રહી શકે તેમ નથી.

એ ઠોઠ નિશાળિયાએ આ અનંત વિશ્વની એકતા જાળવનારા ગુરુત્વાકર્ષણના નિયમની શોધ સૌથી પહેલી કરી; એણે આકાશના બધા ગ્રહ-ઉપગ્રહની ગતિના નિયમ સ્થાપ્યા; કલાકના સેંકડો કે હજારો માઇલની ગતિવાળા દરેક ગ્રહ અને ઉપગ્રહના આવાગમન તથા વિદાયની તારીખો નક્કી કરી આપી; ભૌતિકશાસ્ત્રનો આદ્ય દ્રષ્ટા બની એણે પૃથ્વી પર તેમજ અન્ય સર્વત્ર ભૌતિક નિયમોનું જ રાજ્ય

જેણે જગતમાં પ્રવર્તતી ચિત્રવિચિત્ર માન્યતાઓની અંધાધુંધીમાંથી પ્રથમ વૈજ્ઞાનિક

પ્રવર્તે છે એવું સાબિત કર્યું. એ ઠોઠ નિશાળિયા આઇઝૅક ન્યૂટને જ શંકાને સ્થળે અચળતા ને વહેમને સ્થળે જ્ઞાન સ્થાપ્યું. મનુષ્યની મહત્તા તેણે જ વધારી. કોઈકે સાચું જ કહ્યું છે કે આપણે સૌ ન્યૂટનના ખભા પર જ ઊભા છીએ. ન્યૂટન ન થયો હોત તો આજની આટલી વૈજ્ઞાનિક પ્રગતિ હોત કે કેમ, વિજ્ઞાનબળે સાધેલી માનવની આજે છે તેટલી મહત્તા હોત કે કેમ એ શંકા છે.

બાર વર્ષનો એ ઠોઠ નિશાળિયો પોતાના વર્ગમાં છેલ્લો પડ્યો રહેતો. એક દહાડો કોઈ છોકરે તેને પેટમાં પાટુ મારી અને તેને ઘણું વાગ્યું. આ પાટુએ ઇતિહાસમાં અજબ કામ કર્યું. એ પાટુથી શરમિંદા ને ઉત્તેજિત થએલા આઇઝૅકને પોતાની નિર્માલ્યતાનું ભાન થયું અને તેના જીવનનું વહેણ બદલાયું. તેણે શરીરબળ કેળવ્યું અને તક મળતાં એ જ છોકરાને કાન પકડી ઊભો રાખ્યો ને થપ્પડ મારી તેનું માથું પકડી દેવળની દીવાલે તેનું નાક ઘસ્યું ને પોતાને પડેલા મારનો બદલો લીધો. હવે ન્યૂટનની છાતી ગજગજ ઊછળી. પણ જે છોકરાને તેણે આમ શિક્ષા કરી તે વર્ગમાં ઊંચે નંબરે રહેતો. તે પણ કેમ બનવા દેવાય? હરીફ પર શારીરિક તેમજ માનસિક બંને પ્રકારનું આધિપત્ય મેળવવા તેણે કમર કસી અને છેવટે તેણે વર્ગમાં પહેલો નંબર લીધો.

ન્યૂટનના ઘરમાં સુતારી કામનાં ઓજાર પડ્યાં રહેતાં. એ વડે પુરસદે તે કૈં કૈં નમૂના બનાવી આનંદ મેળવતો. પડોશમાં એક પવનચક્કી હતી. તેવી જ એક નાની પવનચક્કી ઘેર બનાવવાનો તેને તુક્કો ઊઠ્યો. તેને ફેરવવા માટે એક ચક્કર બનાવી તેમાં પંખા કર્યા અને અંદર એક ઉંદર પૂર્યો. પછી ચક્કરમાં અદ્ધર એક કોથળી લટકાવી. લટકતી કોથળીમાંના દાણા લેવા ઉંદર કૂદે, પંખા ચાલે અને ચક્કર ફરે એવી યુક્તિ રચી.

વળી તેણે પાણી ટપકવાથી ચાલતું પાણીનું ઘડિયાળ પણ બનાવ્યું. એક ચાર ફૂટ ઊંચી પેટીમાં તે બનાવ્યું હતું. ચક્કરના પંખા પર પાણી ટપકતું ને તેથી ચંદા પર રાખેલા કાંટા ફરતા. તેણે એ પોતાની સૂવાની કોટડીમાં રાખ્યું હતું. દરરોજ તે આખો દહાડો ચાલે તેટલું પાણી પીપમાં ભરી રાખતો, જેમાંથી પાણી ટપકતું. એ એટલું નિયમિત ઘડિયાળ હતું કે ઘરનાં બધાં માણસો ચોક્કસ વખત જોવા માટે ત્યાં જ જતાં! પાછળથી આ 'જળ–ઘટિકાયંત્ર' ઉપરાંત આઇઝૅકે સૂર્યના તડકાના પડછાયા પરથી સમય

ન્યૂટનની છ મહાન શોધો


જેણે માનવની વૈજ્ઞાનિક મહત્તાનાં બીજ રોપ્યાં




ગુરુત્વાકર્ષણનો વિશ્વનિયમ શોધી એણે પૃથ્વીની અચળતા વિષેની વિવિધ શંકા-કુશંકાઓની અંધાધુંધીમાંથી નિયમિતતા આણી; વહેમને બદલે જ્ઞાન પ્રગટાવ્યું.




ગણિતશાસ્ત્રની ગણનાપદ્ધતિઓમાં સુધારા કરી એણે પ્રત્યેક શોધના વૈજ્ઞાનિક સિદ્ધાંતોને ગણિતી કસોટી પર ચડાવીને નિશ્ચિત સ્વરૂપે સ્થાપવાની પહેલી પદ્ધતિ પાડી.




આકાશી પદાર્થોના સ્થાનનિર્ણય અને હલનચલનની ક્રિયાઓ વિષે ખાતરીબંધ સિદ્ધાંતો નક્કી કરીને એણે **સમુદ્રયાન**ને તદ્દન સલામત અને સરળ બનાવી દીધું.



સફેદ પ્રકાશનું પૃથક્કરણ કરી તેમાંથી સાત ધનુરંગો પ્રગટાવવાના તેના પ્રયોગ પછી જ **દર્શનશાસ્ત્ર**માં પ્રગતિ થઈને આજ આટઆટલી ઉપયોગી શોધો થઈ શકી છે.



આધુનિક **ભૌતિકશાસ્ત્ર**ના એકેએક સિદ્ધાંતનો મૂળભૂત ગણિતી પાયો પણ તેણે સ્થાપ્યો. વેરવિખેર પડેલા જ્ઞાનના કણોને કસીકસીને તેણે સિદ્ધાંત તરીકે સ્થાપ્યા.



પ્રતિબિંબિત દૂરબીનની તેણે જે પ્રથમ શોધ કરી અને **ખગોળવિદ્યા**નો અભ્યાસ કર્યો, એ શોધ ને અભ્યાસને પરિણામે જ જગતને વિશ્વની વિશાળતાનું ભાન થયું.

નિયમિતતા આણી; શંકાને સ્થળે અચળતા સ્થાપી; વહેમને નાબૂદ કરી જ્ઞાન પ્રકટાવ્યું.


જાણવાનું પણ એક સૂર્ય–ઘટિકાયંત્ર રચ્યું. પ્રથમ તો છાંયડો ઘરની દીવાલ પર, છાપરા પર, એમ દિવસના જુદાજુદા વખતે પડતો તે પરથી વખત નક્કી કર્યો. પણ પછી લાકડાની ખીંટીઓ ખોડી તેના પડછાયા પરથી કલાક–અરધા કલાકનાં પણ માપ રચ્યાં. જેમ જેમ તેનું જ્ઞાન અને કૌશલ્ય ખીલતાં ગયાં તેમતેમ એ નાનકડા યુવાને બરાબર ચોક્કસ સન ડાયલ—સૂર્ય-ઘટિકાયંત્ર—બનાવ્યું. આવાં બે ઘટિકાયંત્ર તો પોતાના ઘરની ચૂનાબંધ દીવાલ પર જ તેણે કોતરી કાઢ્યાં. કહેવાય છે કે આસપાસનાં પડોશીઓ સાચો વખત જોવા ત્યાં જ આવતાં અને આ 'આઇઝૅકના ડાયલ' પરથી ચોક્કસ વખત જોઇ જતાં. આપણા આ જમાનામાં તો દીવાલનાં ઘડિયાળ, ખીસા ઘડિયાળ, કાંડા ઘડિયાળ ઇત્યાદિ પ્રકારપ્રકારનાં ઘડિયાળ એટલાં બધાં વધી ગયાં છે કે આ જૂની રીત વાંચીને કદાચ ઘણાને હસવું આવશે; પણ એની મહત્તા તો એ છે કે હજુ યે ન્યૂટનના એ સ્થાપિત નિયમ પ્રમાણે જ ઘડિયાળનો વખત સાચો મૂકાય છે.

એક વાર નાના આઇઝૅકે વગર ઘોડાની ગાડી બનાવી હતી. તેમાં બેસનાર માત્ર પગ હલાવે અને તેના બળથી ગાડી ચાલે. તે દહાડે રસ્તા સારા નહોતા, તેમજ હાલના જેવાં પૈડાં બનાવવાની કળા પણ હાથ લાગી નહોતી, તેથી આ પ્રાચીન મોટરગાડી ઝાઝી ન ચાલી. વળી ન્યૂટનને કાગળના પતંગ બનાવવાનો પણ શૉખ હતો. કમાન ક્યાં બરાબર મૂકવી તે એ જાણતો હતો. પતંગને છેડે પૂંછડું બાંધવાને બદલે તે કાગળનું ફાનસ લટકાવતો અને તેની અંદર મીણબત્તી બળતી રાખી રાત્રે તે પતંગ ઉડાડતો ત્યારે દૂરથી ગામડાના લોકો વહેમથી જોઈ રહેતા કે 'કોઇ નવો ધૂમકેતુ ઊગ્યો; જરૂર ઓણસાલ કંઇક આપત્તિ આવી પડશે!' આ બધા હુન્નર ઉપરાંત આઇઝૅક પોતાના ફુરસદના સમયે પોતાની બાળમિત્ર કન્યાઓ માટે તેમની ઢીંગલીઓનાં ટેબલ, કબાટ ને પલંગ બનાવતો. આવી એક મિસ સ્ટોરી નામની બાલમિત્ર તો ન્યૂટન પાસે જો ઘરસંસાર ચલાવવા જેટલું ધન હોત તો તેની પત્ની થવા પણ ખુશી હતી. વળી આ જ વેળા આઇઝૅક કવિતાઓ લખતો ને ચિત્રો પણ દોરતો. પોતાનાં એ ચિત્રો તે પોતાની ઓરડીમાં શૉખથી ટાંગતો.

[અનુસંધાન આગળ પાન ૩૪૦મે]

સી આડલર ઉપરના મહેમાનોની સંખ્યામાં આટલા વખતમાં સારો જેવો ઉમેરો થયો હતો. પહેલાં તો ગ્લૅડિસ રૉયલનો કૅપ્ટન ચોન (Chewn) અને તેના ખલાસીઓ; પછી લુન્ડી આઇલૅન્ડના કાળા, ભૂરા અને ધોળા ખલાસીઓ તથા કૅપ્ટન; ત્યાર બાદ શાર્લ ગૂનોના ફ્રેંચ જવાનો, ને તે પછી હિઝ મૅજેસ્ટીઝ શિપ પરસીનો કૅપ્ટન, એની નવોઢા વહુ અને અંગ્રેજ ખલાસીઓ; પછી ફ્રેંચ વહાણ આંતોનેંના રહેવાસીઓ, અને તુરત જ પાછળથી બ્યૂએનો એઅર્સની ઇટાલિયન વસ્તી; આ પછી લા રોશફૂકો અને કૅપ્ટન લ'કોક, અને તરત જ બ્રિટિશ સ્ટીમર હૉર્નગાર્થ; હૉર્નગાર્થ પછી ફ્રેંચ વહાણ દુપ્લે, બ્રિટિશ સ્ટીમર પિનમોર અને એનો કૅપ્ટન મલન.

હવે તો સી આડલર આંતરરાષ્ટ્રીય પ્રદર્શન બની ગયું હતું! અમારા મહેમાનોમાં ચીના હતા, હબસી હતા, ફ્રેંચ, ઇટાલિયન અને અંગ્રેજ હતા. લગભગ સાઠ તો અમલદારો હતા, જેમાં અગિયાર કૅપ્ટન હતા. આ કૅપ્ટનોએ, સી આડલર ઉપર એક કૅપ્ટન્સ કલબ કાઢી હતી. દરેક નવો કૅપ્ટન ઉમેરાય તેને એ કલબમાં દાખલ કરવાનો ખાસ જલસો થતો. તે વખતે હૉર્નગાર્થે અમને આપેલાં અઢળક પીણાંઓનો છૂટથી ઉપયોગ થતો. જુદાંજુદાં વહાણો પરથી સુંદર ફર્નિચર મળ્યું હતું, જેમાં એક પિયાનો હતો. તેના ઉપર હિઝ મૅજેસ્ટીઝ શિપ પરસીના કૅપ્ટનની વહુ અમને વારંવાર સંગીત સંભળાવતી. બીજા પણ અનેક



અજેય જર્મન સાગરવીર ફૉન લ્યૂકનેરની આ સાચી સાહસકથા

ગયા જ અંકથી શરૂ થઈ છે. યુરોપના છેલ્લા મહાયુદ્ધ વખતે, સામેના પાનાને નીચે બતાવ્યું છે તેવું 'ક્લિપર' જાતનું માત્ર એક નાનકડું જૂનું સઢવાળું વહાણ અને એક ટચુકડી તોપ, એટલાં જ સાધનો લઇને એ સાતસાત સલ્તનતોની ગંજાવર આરમારી સામે નીકળી પડેલો. પણ એ અલ્પ સાધનો છતાં અપૂર્વ બુદ્ધિચાતુર્ય અને ઝિંદાદિલીથી એણે દુશ્મનોના અભેદ્ય મનાતા સાગરવ્યૂહ તોડી નાખ્યા, દસ કરોડ રૂપિયાના શુમારની શત્રુ-સ્ટીમરોને દરિયાને તળે બેસાડી અને ભલભલી જબ્બર શત્રુ-મનવારોને થાપ આપી સારો આટલાંટિક ને પાસિફિક મહાસાગર ઘૂમી વળ્યો. સાતે સલ્તનતોના સાગર પર એણે એવો સક્કો બેસાડયો કે એના ભયથી દુશ્મનોની સ્ટીમરો બંદર છોડી બહાર ન નીકળતી; જે મહાસાગરમાં એના વહાણ સી આડલરનું નામ પડતું ત્યાંની સફરી સ્ટીમરોના વીમાના દર આસમાનમાં ઊછળી પડતા. અને આટલું છતાં એણે એક પણ જીવની હાની ન કરી, ને આખર સુધી એ દુશ્મનોને હાથ ન આવ્યો. —અને એના ત્રાસમુગ્ધ દુશ્મનોને મોંએ એ જીવનભરનું ગૌરવભર્યું બિરદ પામ્યો—

દરિયાનો દાનવ

ભજવૈયા અને ગવૈયાઓ સી આડલર પર હતા.

માત્ર આટલા રીંછ જેવા અણઘડ ચાંચિયાઓ વચ્ચે એક જ સ્ત્રીને સહેવાય નહિ એ દેખીતું છે. એક દહાડો એણે મને કહ્યું: 'મને એકલાં નથી ગમતું, કાઉન્ટ; મારા માટે એકાદ સાથી તમે ન પકડી આપો?'

'બાનુ, હું મારાથી બનતી કોશિશ કરીશ' મેં કહ્યું. અને થોડાં જ અઠવાડિયાં પછી સી આડલરમાં ત્રણ સ્ત્રીઓ થઇ!

નીચે ખલાસીઓમાં પણ આવો જ એખલાસ હતો. ત્યાં આખો વખત આનંદમંગળ વરતી રહેતો. નવો શિકાર પકડી આપે તેને દસ પાઉંડ રોકડા અને શૅમ્પેનની બાટલીનું ઇનામ હવે પહેરેદાર ન હોય તોપણ દરેકને આપવાનું જાહેર કર્યું હતું, એટલે આરામના વખતમાં મારા રસ્સાઓ પર કીડિયારૂં ઊભરાતું. કોઇકોઇ કપ્તાનો પણ પોતાના મોભાને છાજે તેવી અદાથી ખાટલીએ ચડી બેસતા, અને પોતાનાં કિંમતી દૂરબીનો વડે દરિયાની સપાટી ખોજ્યા કરતા.

એકંદરે સી આડલર હવે લડાયક નહિ પણ મુસાફરોનું વહાણ બની ગયું હતું. જાતજાતની રમતગમતો ને જલસાઓ ચાલુ થયા કરતા. ખોરાકમાં કોક દિ' જર્મન વાનીઓ, કોક દિ' ઇટાલિયન તો કોઇવાર ફ્રેંચ વાની બનતી. અંગ્રેજી વાનીઓ તરફ બધાને તિરસ્કાર હતો. અંગ્રેજો જે કંઇ સારૂંસારૂં ખાય છે તે વાનીઓનો પ્રકાર હમેશાં બહારથી આયાત કરેલો હોય છે.

અલબત્ત દેશાભિમાનની લાગણીથી અમારા આ કેદી મુસાફરો અમારો જલદી નાશ થાય એમ ઇચ્છે એમાં નવાઇ નહિ; પણ ઉપકાર અને ચાલુ મિત્રાચારીની લાગણીથી તેમનામાં ઘણો ફેર પડી ગયો હતો. જ્યારે પણ નવા મહેમાનો આવે ત્યારે અમારા કેદીઓને બહુ આનંદ થતો. દરેક વહાણ અમને નવી ઓળખાણો કરાવી દેતું, એટલું જ નહિ પણ એમાંથી અમને નવો સામાન મળતો. બ્રિટિશ ઇગ્રેમૉન પકડયું તેમાંથી પુષ્કળ ખોરાક ઉપરાંત થોડાં જીવતાં ડુક્કર અને મરઘાં અમને મળ્યાં, એટલું જ નહિ પણ અમારી બીજી સ્ત્રી મહેમાન પણ એ વહાણેથી ઊતરી.

૧૦

હવે અમે આટલાંટિક મહાસાગરની વિદાય લેવા મનસૂબો કર્યો. અમારા વહાણમાં ચારસો આશરે મુસાફરો થઇ ગયાં હતાં. એમને કયાં અને કેમ ઉતારવાં એ મુશ્કેલ સવાલ હતો. લોઇદમાન સાથે મસલત કરી મેં એ લોકોને છોડી દેવાનો બંદોબસ્ત કર્યો. એમના છૂટવા સાથે અમારા વિષે બારીકમાં બારીક હકીકત દુશ્મન રાજ્યોમાં દરેક ઠેકાણે પહોંચી જવાની એ તો નક્કી જ. આખરે તો અમે બહારવટિયા હતા. અમારા વિષે જાહેરાત થતાં જ અનેક મનવારો અમારી પૂંઠ પકડશે એ પણ ચોક્કસ; અને મનવારો સામે ટક્કર ઝીલવી એ સહેલ ન હતું. એટલે આ હિસાબે આ લોકોને જીવતા છોડવા એ અમારાં મોતને અચૂક રીતે આમંત્રણ મોકલવા બરોબર હતું. છતાં એમનો નાશ તો ન જ થાય. એટલે આખરે અમે એમને જીવતા છોડી દેવાનો જ નિશ્ચય કર્યો. મનવારો આવશે તો ઓર



મઝા પડશે. લડાઇમાં એકલાં હથિયારો જ ન જોઇએ; બુદ્ધિબળ પણ જોઇએ. અમારા બુદ્ધિબળને મનવારોની તોપો સામે ગોઠવી નવો રંગ જમાવવા મેં નિશ્ચય કર્યો. પણ આ નિશ્ચય તે વેળા મેં ખાનગી રાખ્યો.

એક દહાડો ફ્રેંચ વહાણ કાંબ્રોંન અમારા સપાટામાં આવી ગયું. અમે એને ઊભું રાખ્યું ને જપ્ત કર્યું. એના કૅપ્ટનની નાસીપાસીનો પાર ન હતો.

'અમે તમારા વહાણને ડુબાડીશું નહિ, પણ અમારે ધારેલે બંદરે તે જશે. દરમિયાન તમે અને તમારા માણસો અમારા કેદી છો.' મેં કહ્યું.

'શું? એમ કેમ બને?'


'તમારૂં વહાણ સી આડલર પરના કેદીઓને મુકામે પહોંચાડશે એમ મેં નક્કી કર્યું છે.'

'બા ખુશી, કાઉન્ટ.' તેણે હરખાઇને કહ્યું.

'અને તમે કાંબ્રોંનના નવા કૅપ્ટનના પરોણા બનશો.' મેં ઉમેર્યું. તે લાચાર હતો એટલે મારી શરતો તેને કબૂલ રાખવી પડી.

કાંબ્રોંન ઉપર બધાંને ચડાવ્યાં. એનો નાખુદો નક્કી કરવાનો સવાલ વિકટ હતો. છેવટે પિનમોરના કૅપ્ટન મલનને એ પદ આપ્યું અને કાંબ્રોંન ઉપર પિનમોરનો બ્રિટિશ વાવટો ચડાવ્યો.

કાંબ્રોંનના ડોલના ઉપરના ભાગ મેં કપાવી નાખ્યા, જેથી એની ઝડપમાં ઘણો ઘટાડો થઈ ગયો. એને રાયો દ જાનેરો જવાનો હુકમ કર્યો, જ્યાં પહોંચતાં દસથી ચૌદ દહાડા જરૂર થાય. ત્યાર પછી બધાને એકઠા કરી મેં કહ્યું: 'કૅપ્ટન મલન, મારા કેદીઓ હવે તમારા તાબામાં મૂક્યા છે. હું બરાબર જાણું છું કે તમે જે ઘડીએ બંદરે ઊતરશો તે જ ઘડીએ સી આડલર વિષેની માહિતી બધે પ્રસરી જશે. પછી સાત સાગરની મનવારોની તોપો એક સી આડલર માટે ભૂખી ફરશે. સેંકડો સાવજે ઘેરેલા હરણ પેઠે અમારો શિકાર થશે. અમે અમારી ગોઠવણ કરી છે. પણ તમારે એક વચન આપવું પડશે. બંદરે પહોંચવા પહેલાં તમને વહાણો મળશે, સ્ટીમરો મળશે, મનવારો પણ મળે; પરંતુ બંદરે લંગર નાખ્યા પહેલાં કોઇને અમારા વિષે કંઇ પણ ન કહેવા તમારે બંધાવું પડશે. અમે તમારી સાથે જે વર્તાવ કર્યો છે તે જોતાં અમારી આટલી માગણી બહુ કપરી નથી.'



'કાઉન્ટ,' મલને કહ્યું, 'હું તમને વચન આપું છું કે કાંબ્રોંન બંદરે પહોંચવા પહેલાં કોઈ સાથે કશો સંબંધ નહિ કરે, અને કોઇને કશો સંબંધ થવા નહિ દે.'

અમારા કેદીઓને અમે પગાર ચુકવી આપ્યો. જેટલા ખલાસીઓ હતા તેમને જેટલા દિવસ તેઓ સી આડલર પર રહ્યા તેટલા દિવસનો આગળ મળતા રોજને હિસાબે પગાર આપી દીધો. આથી ખલાસીઓમાં પણ અમારો કોઇ દુશ્મન ન રહ્યો.

જ્યારે કાંબ્રોંને લોલી ઉપાડી ત્યારે એના કઠોડા પર પચરંગી ટોળું ઊભરાયું. દરેકે દરેક જણ સી આડલરની વિદાય લેવા હાથ, ટોપી, રૂમાલ હલાવતો હતો. કાંબ્રોંનના સઢ તંગ થયા અને મોરા પાસે પાણીની છોળ ઊડી. એના તુતક પરથી ઘોષ થયો: 'થ્રી ચીઅર્સ ફૅાર ધ સી આડલર!'

અને મહાસાગરે એ હર્ષનાદને ત્રણ ત્રણ વાર ઝીલ્યો.

કાંબ્રોંન દૂરદૂર જવા લાગ્યું. સી આડલર શાંત પડી રહ્યું. હવે અમારી હીલચાલ ગુપ્ત રાખવાની હતી.

જ્યારે એકબીજાને જોઇ શકવું મુશ્કેલ થયું ત્યારે હું એકદમ સુકાની–તુતક ઉપર ગયો. સુકાનીને ખબરદાર કર્યો. એન્જિનરૂમનો ટેલિગ્રાફ વાગ્યો: 'ઘરરૂન–ઘરનન' ફુલ સ્ટીમ એહેડ! (પૂર જોશથી આગળ બઢાવ.) બંને મોટરો ધમધમ બોલવા લાગી. સઢ વાંયા ચિકાર કર્યા, સુકાન ફેરવ્યું અને સી આડલરે મોરો ફેરવી પાસિફિક મહાસાગરનો માર્ગ લીધો.

આટલાંટિક મહાસાગરમાં અમે આઠ અઠવાડિયાં રહ્યા તે દરમિયાન દુશ્મનોનાં ૪૦,૦૦૦ ટન આશરેનાં વહાણો ડુબાડ્યાં. કેટલાંકમાં તો સુરોખાર અને સિંધાલૂણ ભર્યું હતું. એમાંથી દુશ્મનો દારૂ બનાવત. અમે એ બધું ડુબાડી હજારો જર્મન જીવ બચાવ્યા. પણ હવે ભલો અમારો પાસિફિક. અને ક્રૂઝરોથી ખુદા જ બચાવે!

૧૧

પાસિફિકમાં ઝંપલાવતાં પહેલાં અમારે એક પવિત્ર ફરજ બજાવવાની હતી. દક્ષિણ આટલાંટિકમાં એક સ્થળે સેંકડો મહાવીર જર્મનોનો નાશ થયો હતો.

એમનાં શબ ઉપર ત્રણ ત્રણ હજાર મથોડાં પાણી ફરી વળ્યાં હતાં. એમનાં મૃત્યુ વખતે બ્રિટિશ ક્રૂઝરોની ધગધગતી તોપોએ ભીષણ અને બેતાલ પડઘમ વગાડી હતી, અને એમાં, અતાગ ઊંડાણોને ડહોળી નાખતા મહાજલના ઘૂઘવાટે સાથ પૂર્યો હતો.

બ્રિટિશોના મોટા સંખ્યાબળની સામે છેલ્લી ક્ષણ સુધી ઝઝૂમીને, સ્કાર્નેહૉર્સ્ટ, નીસનાવ, ન્યૂરેમ્બર્ગ અને લાઇપ્ઝિક એ ચાર નાની (લાઇટ) ક્રૂઝરોએ અહીં ભીષણ મનવારો સામે છેલ્લી ઘડી સુધી ઝીક ઝીલી હતી, અને છેવટે ફરકતે ઝંડે આખર સુધી લડીને પોતાની સફર હમેશ માટે પૂરી કરી હતી. અહીં ઍડમિરલ કાઉન્ટ ફૉન સ્પી અને એના બહાદુર સાથીઓએ, પિતૃભૂમિ માટે અપૂર્વ બલિદાન આપી આ સ્થળને જર્મન પ્રજા માટે પરમ તીર્થરૂપ બનાવ્યું હતું.*

લોઇદમાનની સહાયથી એ સ્થળ નક્કી કરી મેં સી આડલર તે તરફ હંકાર્યું. દરમિયાન સી આડલર પરના લુહારોએ દસ ફૂટ ઊંચો એક લોખંડનો ક્રૉસ બનાવવા માંડયો. જ્યારે અમે ધારેલે સ્થળે પહોંચ્યા ત્યારે સી આડલર થંભાવવામાં આવ્યું. એના દરેક થંભે અને રસ્સે રાષ્ટ્રીય ધ્વજ ફરકાવ્યા.

યુદ્ધ શરૂ થયા પહેલાંની—ઇ. સ. ૧૯૧૩ની વાત છે. કીલ (Kiel)ની આરમારીમાં ઉત્સવ ઊજવાતો હતો. ડંકા ઉપર આરમારીની સેના ગોઠવાઇ ગઈ હતી. કવાયતી સલામ આપવા બધી બંદુકો સૈનિકની છાતી પૂરે સ્થિર થઇ ગઇ હતી. એ હરોળમાંથી ચાલતો ઍડમિરલ કાઉન્ટ ફૉન સ્પી પોતાની ક્રૂઝર તરફ મગરૂરીથી જતો હતો.

એણે ત્યાં ઊભેલાઓને સંદેશો આપતાં કહ્યું હતું: 'મારા સાથીઓ અને હું પિતૃભૂમિથી સાત હજાર ગાઉ દૂર જઇએ છીએ. આપણા ભાવિમાં વાદળ ઘેરાતું હું જોઉં છું. જો આપણી વહાલી ભોમ ઉપર આફત તૂટી પડશે તો અમે જ્યાં હોઇશું ત્યાં એની સેવામાં જાન સદકે કરીશું. તમે તો અહીં હશો. અમને મદદ કરવાનો તમે ખ્યાલ ન કરશો. પણ અમારાં મોતને ઉજાળનાર એક જ ખ્યાલ અમને ખુદા કરવા દે તો બસ છે: કે અમારી પેઠે તમે પણ તમારા જાનની કુરબાની આપીને પણ તમારી ફરજ મક્કમ રીતે બજાવી છૂટશો.'

ઍડમિરલ ફૉન સ્પીનો આ સંદેશો તે દહાડે મારા હૈયામાં સોંસરવો ઊતરી ગયો હતો. આજે સી આડલરના તળા નીચે, ત્રણ હજાર વામ પાણીમાં એ બહાદુર વીરોની પાક દરગાહ હતી. એની આસપાસ તૂટેલાં બદન વાળી જર્મન ક્રૂઝરો પડી હતી!

સી આડલરના તુતક પર બધા હાજર થયા. સૌ કવાયતી અદાથી ઊભા હતા. બરકંદાઝોની બંદુકના કુંદા અવળી સલામીએ ગોઠવાયા હતા. વચલો ઝંડો અરધી કાઠીએ ફરકતો હતો. સામે લોખંડનો ક્રૉસ મૂકયો હતો. એની આસપાસ જર્મન ધ્વજ વીંટાળ્યો હતો. સાથે બીજાં રાજ્યોના—દુશ્મન રાજ્યોના પણ વાવટા વીંટાળ્યા હતા. મૃત્યુની પેલે પાર વીરોમાં દુશ્મનાવટ ન જ હોય.

અમારા આ દેશબંધુઓનાં બદન ઉપર કફન ન હતું, કબર ન હતી. એના ઉપર કોઇએ ફૂલ નો'તાં ચડાવ્યાં. એમની છેલ્લી સફરમાં કોઇએ શુભેચ્છાઓ નો'તી પાઠવી. પણ આજે હું તેમને સાક્ષાત્ જોતો હોઉં એમ મને લાગ્યું. એમને ઉદ્દેશીને મેં કહ્યું:

'કીર્તિએ આપેલી અમર નામના જીતી, તમે અહીં, તમારી પિતૃભૂમિથી દૂરદૂર કુરબાની કરી સોડ તાણી. હું તમને કહેવા આવ્યો છું કે તમારા સરતાજ ઍડમિરલ સ્પીએ આપેલો આદેશ અમે બજા કર્યો છે ને પિતૃભૂમિના વિજય માટે દરેકેદરેક જર્મન બચ્ચો જાતનું બલિદાન આપી રહ્યો છે. તમારી આ આરામગાહમાં આવી તમને ભેટવા અમે આતુર છીએ, પણ તે પહેલાં અમારી છેલ્લી લડાઈ અમારે હજુ લડવી બાકી છે. જો તમારી પેઠે જ કીર્તિ મેળવી અમે એ લડાઈમાં ખપી જશુ તો જ અમે અમારૂં જીવન સફળ થયું માનીશું.'

ચાર ખલાસીઓ આગળ આવ્યા અને લોખંડી ક્રૉસને ઊંચો કર્યો.

'દેશના નરવીરો, તમારી દરગાહ પરનાં આ ફૂલ સમજજો; તમારી મૃત્યુશય્યા પાસે આ પ્રભુનો વાસ સમજજો.'

સૌએ કહ્યું 'આમીન!'

લોખંડના ક્રૉસને ઝડપથી તળિયે જતો હું જોઈ રહ્યો.

[અનુસંધાન આગળ પાન ૩૪૫મે]

* આ રોમાંચક ઇતિહાસ માટે જુઓ 'કુમાર'નો અષાડ અંક. એમાં ત્રીજી ક્રૂઝરનું નામ નુર્નબર્ગ આપ્યું છે તે બરાબર નથી. આ ત્રીજી ક્રૂઝર Nuremburg હતી. —'સુકાની'

સ્મરણયાત્રા



૮][વિઠોબાની મૂર્તિ

જત એ રાજધાનીનું શહેર છે. ત્યાંથી અમે પંઢરપુર જતા હતા. શિયાળાના દિવસો. ટાઢ કહે કે મારું કામ. ગાડીમાં બેસવાનો અમને કંટાળો; જોકે રાજ તરફની ગાડી હતી બહુ જ રૂપાળી અને સગવડવાળી. પણ અમે રોજ સવારસાંજ પગે જ ચાલતા. સાંજે પગ ફાટી જાય. તળિયું તો શું પણ ઉપર ઘૂંટી સુધીની બધી ચામડી ફાટી જાય અને નળા પરની ચામડી પણ કાચપાએલા કાગળ જેવી કરકરી થઈ જાય ને એમાંથી લોહી નીકળે. સૂતી વખતે પિતાશ્રી સાબુ લઇને અમારા પગ ધોઇ કાઢે અને આઇ દૂધ ઉપરની મલાઇ લઇ ગાલ અને હોઠને ચોળે. સાબુથી પગ ધોવાય તે તો અસહ્ય થતું; પણ મલાઈ ચોળવાની ક્રિયા મનગમતી થતી. આઇ મલાઇ ચોળવા બોલાવે ત્યારે હું આંખમાં ઊંઘ ભરાયાનો ડોળ કરતો અને આઇની આંગળી હોઠ પાસે આવે કે તરત જ આંગળી મોઢામાં પકડી બધી મલાઇ ચાટી જતો. આ યુક્તિ એકબે વાર જ સફળ થતી. પણ હમેશાં કંઇ આઇ જ મલાઇ ચોળે એમ ન હતું. કોઈ દિવસ મોટાં ભાભી હોય તો કોઇ દિવસ વચેટ ભાભી હોય. અને આવી યુક્તિ કરી હું મલાઇ ખાઇ જાઉં એ આઇને ન જ ગમતું એમ કંઈ થોડું હતું? આઇ વઢે ખરી, પણ એ બધું ઉપરઉપરનું.

એક દિવસે સાંજે એક ગામડામાં અમે મુકામ કર્યો. ધર્મશાળા નહોતી એટલે વિઠોબાના મંદિરમાં ધામા નાખ્યા. પંઢરપુરની આસપાસ ખૂબ દૂર સુધી દરેક ગામમાં વિઠોબાનું મંદિર તો હોવાનું જ. વિઠોબા અને રખુમાઇ (રુક્મિણી) બંને કેડ ઉપર હાથ રાખી, બંને પગ બરાબર જોડી ઊભાં રહેલાં દરેક મંદિરમાં હોવાનાં જ. સાંજ પડે કે ગામના લોકો—સ્ત્રીપુરુષ બધાં—એક પછી એક દેવદર્શનને માટે આવે અને વિઠોબાને 'ક્ષેમ' દઇ—એટલે કે આલિંગન દઇ—નમસ્કાર કરી પાછાં જાય, એ આ પ્રદેશનો રિવાજ જ છે. અમે આ બધું આશ્ચર્યથી જોતા હતા.

પાણી તો દૂરના એક ઝરણામાંથી લાવવાનું હતું. ભાભી, ગોંદુ અને હું અમે ત્રણ જણાં પાણી લાવવા ગયાં. અંધારામાં રસ્તો જડે નહિ, ટાઢને લીધે દાંત કડકડતા હતા. મેં લોટો ઝરણામાં ડુબાડ્યો. અહાહા! જાણે કાળામેશ વીંછીએ ડંખ માર્યો હોય તેવું હાથને થઇ ગયું! પાણી એટલું ઠંડું હતું કે મેં લોટો છોડી હાથ પાછો ખેંચી લીધો અને કહ્યું, 'આવા પાણીમાં ફરી હાથ નાખવાની આપણી હિંમત નથી.' પણ લોટો કંઇ આમ છોડીને અવાય? ગોંદુએ હિંમતપૂર્વક પાણીમાંથી લોટો બહાર કાઢ્યો એટલું જ નહિ, પણ બાકીનાં બધાં વાસણો પણ ભરી આપ્યાં.

અમે પાછા ફર્યા. ગોંદુની આ બહાદુરી જોઇ મારા મનમાં એને વિષે આદર ઉપજ્યો. એનું એક સૂત્ર હતું: 'આજે દુ:ખ વેઠીએ તો આવતી કાલે સુખ મળે. આજે મરચાં ખાઇએ તો આવતી કાલે ખાંડ ખાવા મળવાની.' અને આવા સૂત્રનો તે અક્ષરશ: અમલ પણ કરતો. મોટપણમાં ખૂબ ગળ્યુંગળ્યું ખાવાનું મળે એટલા માટે તે ઘણીવાર મને કમને મરચાં ખાતો, એટલું જ નહિ પણ મોટા ભાઇનો અધિકાર ચલાવીને મને પણ ખવડાવતો! હું ગોંદુ જેટલો શ્રદ્ધાવાન નહિ એટલે એના સિદ્ધાંતનો અક્ષરાર્થ કબૂલ ન કરી શકું. પણ જે છ ભાઇઓમાં સૌથી નાનો એને પાંચગણી તાબેદારી ઉઠાવવી પડતી. આમ ગોંદુના એ સિદ્ધાંતને લીધે એનામાં તિતિક્ષા ઠીકઠીક આવી હતી. હું પણ તિતિક્ષા બતાવું ખરો, પણ તે બહાદુરી કેળવવાને અર્થે.

પાણી લઇને અમે ઘેર આવ્યા. રાત પડી એટલે ગામલોકો આવતા બંધ થયા. વિઠોબા પાસે એક ઊંચી દીવી બળતી હતી. હવે ગોંદુનો ભક્તિભાવ જાગૃત થયો! ગામના લોકોની પેઠે આપણે પણ વિઠોબાને ક્ષેમ દઇએ એમ એને થઈ આવ્યું. ધીમે રહીને એ ગર્ભગૃહમાં ગયો ને ભક્તિના ઉમળકા સાથે એણે વિઠોબાને બાથમાં લીધા. પણ અરે! શી ભગવાનની લીલા! વિઠોબા પોતાનું સ્થાન છોડી ગોંદુની બાથમાં જ

આવ્યા! એનો ભાર છાતીને અસહ્ય થઇ પડ્યો! ગોંદુએ જોયું કે મૂર્તિના પગ ઘૂંટીથી જરા ઊંચેથી તૂટી ગયા છે. હવે શું કરીએ? આ તો ગજબ થયો! વિઠોબાની ભક્તિ બહુ મોંઘી પડી: 'दत्तु दत्तु, इकडे ये; हें बघ काय झाल ?'

હું દોડતો ગયો. સહેજ પ્રયત્ને વિઠોબાને એની બાથમાંથી છોડાવ્યા. પછી અમે બંનેએ મળીને વિઠોબાને ફરી પગભર કરવાનો પ્રયત્ન કર્યો. પણ અઠ્ઠાવીસ યુગ સુધી આમ ઊભા રહી વિઠોબા સાવ કંટાળી ગયા હતા! એ ફરી ઊભા થાય જ નહિ. અમે હાર્યા એટલે મેં, ગોંદુ ના પાડતો હતો છતાં, પિતાશ્રીને બોલાવ્યા અને સ્થિતિ બતાવી. તેમણે પ્રથમ તો મૂર્તિ બરાબર ઊભી કરી અને પછી અમારા બંનેની ઝાટકણી કાઢી. મારો પોતાનો વાંક તો હતો જ નહિ, પણ મને સૂઝયું કે મારો બચાવ કરીશ તો ગોંદુને વધારે સાંભળવું પડશે. મૂંગે મોઢે એની સાથે સહન કરું તો બીચારાનું દુઃખ એટલું હળવું થાય ને? સુખદુઃખ સમાન ભાગે વહેંચી લેવું એ અમારો ત્રણ ભાઇઓનો કોલકરાર હતો. છતાં વિઠોબાના આલિંગનથી મળેલા પુણ્યનો ભાગ મને મળશે કે કેમ એનો વિચાર સરખો યે મેં ન કર્યો.

બીજે દિવસે સવારે એક છોકરી મંદિરમાં વિઠોબાને ક્ષેમ દેવા આવેલી. વિઠોબાએ એને પણ પોતે કંટાળી ગયાનું જણાવ્યું. હું તો હવે શું થશે એની જ રાહ માંગી પથારીમાંથી જોયા કરતો હતો. પણ એ છોકરી જરા ય ડરી ન ગઈ. મને પથારીમાંથી જોતો જોઇ કહે કે, 'આ મૂર્તિના પગ એકવાર તો ભાંગ્યા જ હતા. ગામના લોકોએ જેમતેમ બેસાડ્યા હતા. આજે ફરી ઢીલા થયા દેખાય છે.' રોઇટરના ખબરપત્રીના વેગે એ માહિતી મેં પ્રથમ ગોંદુને ને પછી પિતાશ્રીને પહોંચાડી, અને બધાના જીવ ઠંડા પડ્યા.—શરીર તો કકડતી ટાઢમાં ધ્રૂજતાં જ હતાં.

૯][ઘટપ્રભાને કાંઠે

ગાડીની મુસાફરી પૂરી થઇ. હવે બાકીનો પ્રવાસ રેલ ગાડીનો હતો. અમે રાત્રે આઠ વાગ્યે ગોકાક પહોંચ્યા. રેલનો 'ટાઇમ' બપોરના બારનો હતો, એટલે અમે એક ધર્મશાળામાં ઊતર્યા. થાક્યાપાક્યા બધા જ ઘસઘસાટ ઊંઘમાં પડ્યા.

સવારના ત્રણેક વાગ્યાનો શુમાર હશે. એવામાં એક કુતરૂં ધર્મશાળામાં પેઠું અને અમારૂં એક મોટું તપેલું, અંદર કંઇક ખાવાનું હોવાથી હાથરૂમાલથી બાંધી રાખેલું તે તેણે ઊચકી લીધું ને મોટાભાઇ ઊઠે તે પહેલાં જ ધર્મશાળામાંથી બહાર નાસી ગયું. કુતરાનો પગરવ સાંભળી ત્રણચાર જણ ઊઠ્યા અને કુતરા પાછળ દોડ્યા; પણ તપેલું તો ગયું એ ગયું જ.

આ ગરબડને લીધે સવાર પડતાં હું જરા મોડો ઊઠ્યો. ઊઠીને જોઉં તો આસપાસ ઘણા લોકો આવતાજતા હતા. શૌચ જવાની ક્યાંય સગવડ ન મળે. ત્યાંથી સીધો ઘટપ્રભા નદી સુધી ગયો. ધાર્યું કે નદીના પટ તરફ શૌચ બેસવા જેટલી એકાંત જગ્યા જરૂર મળવાની. પણ નદી ઉપર જઇને જોયું તો આખા ગામના લોકો ત્યાં હાજર. કોઇ કપડાં ધુએ, કોઈ પાણી ભરે, કોઇ વાસણ ઉટકે. મેં આસપાસ ખૂબ દૂર સુધી જઇ જોયું, પણ ક્યાંય એકાંત મળે નહિ. નદીને કિનારેકિનારે ખૂબ દૂર ઉપરવાસ ગયો, ત્યાં પણ નિર્જન સ્થાન ન મળે. જ્યાં જુઓ ત્યાં કોઇ ડોસા કે ડોસી અથવા ઢોર ચરાવતા છોકરાઓ હોય જ. નદીકાંઠાના લોકોને તો મોટે ભાગે શરમ નથી હોતી. તેઓ ગમે ત્યાં બેસી જાય છે. એવા પણ લોકો મેં જોયા. એમને શરમ ભલે ન હોય પણ મને તો હતી. એટલે દૂરથી એવાઓને જોઇ મારે મારો રસ્તો બદલવો પડતો.

હવે ધીમેધીમે હું મૂંઝાયો. વખતસર પાછો ન જાઉં તો આઇ વઢે અને શૌચ બેઠા વગર પાછા જવું પણ બને એમ ન હતું. મને થયું કે હવે કરવું શું? ક્યાં જાઉં? કેટલેક દૂર જાઉં? ગમે ત્યાં બેશરમ થઇ લોકોના દેખતાં બેસું તે તો અશક્ય જ હતું, કેમકે શરીરને એવી ટેવ જ ન હતી.

આખરે મને એક કાવ્યમય ઇલાજ સૂઝ્યો. પાસે જ એક ઝાડ હતું, સહેજે ચડાય એવું. અને એનાં પાંદડાં એટલાં તો ભરચક હતાં કે ઉપર ચડ્યા પછી કોઇ જોઇ ન શકે. ઝાડની આસપાસ સદ્‌ભાગ્યે કોઇ હતું નહિ. એટલે ભરેલો લોટો લઇ મેં વૃક્ષારોહણ કર્યું. ખૂબ ઉપર ચડી અનુકૂળ ડાળી શોધી કાઢી. મનને મનાવ્યું કે કોઈ કાળે મળ્યું ન હતું એવું સરસ એકાંત મળ્યું છે. છતાં બીક તો હતી જ કે રખેને એકાદ ગાય ઝાડ નીચે આવી ચડે અને એની પાછળ કોઈ ગોવાળ આવીને હાજર થાય! પણ ઈશ્વરને એટલી આકરી કસોટી કરવી ન હતી. હું

નિરાંતે પાછો આવ્યો. મારા ભાઇ પણ એ જ ઉદ્દેશથી નદીએ ગએલા તે નિરાશ થઇ પાછા આવેલા. એમણે મને પૂછયું, 'શૌચ ક્યાં ગયો હતો?' મેં કહ્યું 'નદીએ'. ભાઇએ પૂછયું, 'ત્યાં એકાંત જગા હતી?' મેં કહ્યું 'હા.'

ભાઇને કબૂલ કરવું ન હતું કે તેઓ એમ ને એમ પાછા આવ્યા છે, અને મને શરમ લાગતી હતી કે મેં વાંદરાનો પાઠ ભજવ્યો છે; એટલે 'તેરી બી ચૂપ ઔર મેરી બી ચૂપ' કરી અમે એ વાત ત્યાં ને ત્યાં જ પડતી મૂકી. કેટલા યે મહિનાઓ સુધી મેં મારી વાત છાની રાખી હતી. શરમનું પડ કાળના પ્રતાપે ઘસાઇ ગયા પછી જ તે દિવસની મારી વાત કરવાની હિંમત ચાલી.

માણસ ઘણીવાર ભારે પાપ કે ગુનો કરે તો તે કહેતાં શરમાય નહિ એટલો આવી વસ્તુઓ વિષે બોલતાં શરમાય છે. લજ્જા કરતાં વ્રીડાનું કવચ વધારે દુર્ભેદ્ય હોય છે.

૧૦] [બીકણ હિંમત

કારવારમાં એક વાર અમે ઉખા શેઠની વખારમાં રહેતા હતા. એ મકાનનું નામ પડયું હતું વખાર, પણ હતો ખાસો શોખીન બંગલો. બંગલાનાં બારી-બારણાંમાં બધે રંગબેરંગી કાચ જડેલા હતા. મેડા પરનો ભાગ અમારા તાબામાં ન હતો, છતાં અમે છોકરાઓ તે વાપરતા તો હતા જ. એક વખત અમે એક બહુ જ રૂપાળી બિલાડી ચોરી આણી હતી. એને માટે રંગીન આયના-મહાલ બનાવવો હતો. કેસુએ અને મેં મળીને ઉપલે માળે જઇ પાછળની બાજુની બારીના પાંચ લીલા પીળા કાચ કાઢી લીધા. પછી સુથાર પાસે જઈ એક પેટીમાંથી મહેલ બનાવ્યો અને તેમાં પેલા કાચ બેસાડી દીધા. પૂરેપૂરૂં ભાડું આપીએ છીએ તો કાચ ન વાપરીએ? અમે વખાર ભાડે ન લેત તો અહીં ઉંદર પણ ન રહેત. ત્રણચાર કાચ વાપર્યા તેમાં શું થયું? આવી દલીલ પોતાની સાથે કરી પસ્તાતા મનને અમે શાંત પાડયું.

બંગલાની આસપાસ આંબાનાં ઝાડ હતાં. બધાં જ પાયરી જાતનાં. આસપાસ ઇટચૂનાની વાડ હતી. બંગલાની સામે, બધે હોય છે તેમ ઇટચૂનાના બે મોટા થાંભલા હતા, અને એ ઊંચા થાંભલા પર એક થાંભલાથી બીજા થાંભલા સુધી છ ઇંચ એક ચોરસ લાકડું બેસાડયું હતું. એક દિવસે દીવાલ પરથી હું થાંભલા પર ચડી બેઠો. મારે ત્યાં બેસી ચોપડી વાંચવી હતી. મને આમ બેઠેલો જોઇ કેસુ સામી બાજુની દીવાલ પરથી બીજા થાંભલા પર ચડી બેઠો. પ્રવેશદ્વાર પર અમે બંને જય-વિજયની પેઠે સામસામા બેઠેલા. મને એની ખૂબ મઝા પડી. હું લલકારવા લાગ્યો, 'पूर्वी जयविजयार्ते सनकादि कींच्या विषाद शापानें। झाले जन्मत्रय परि मुक्तिस नेलें हतीश बापानें.' પણ એટલામાં કોણ જાણે મને જ એક શાપ નડયો. કેસુ મને કહે 'આ લાકડાના પુલ પરથી મારી તરફ ચાલતો આવ. કેસુની આજ્ઞા તો તોડાય જ નહિ. એને હમેશ આજ્ઞા કરવાની જ ટેવ અને અમને બધાને એનો હુકમ ઉઠાવવાની ટેવ.

મેં જોયું તો મોટી ગાડી અંદર આવી શકે એટલો રસ્તો છોડી આ થાંભલા ઊભા કરેલા, એટલે જમીનથી એની ઊંચાઇ પણ ઓછી ન હતી. અને લાકડાનો એ પુલ પૂરો છ ઇંચ પહોળો પણ માંડ હશે. એને વટાવીને જતાં પગ જરૂર લપસી જવાનો. અધવચ ચક્કર આવે તો તો પગ લપસ્યા વગર જ હું પડવાનો. મેં ભાઇને કહ્યું કે 'આ તો કામ અઘરૂં છે. આપણાથી એ નહિ બને.' ભાઇએ પ્રથમ ઉત્તેજન આપી કહ્યું, 'બીહીશ મા, તારે માટે એ જરા ય અઘરૂં નથી.' નાનપણમાં જો કસરતની મને ટેવ હોત તો તો એ કામ જરા ય અઘરૂં નહોતું. પણ કેમે કરીને મારી હિંમત ચાલે નહિ. ભાઈએ પછી સખ્તાઇથી હુકમ કાઢયો, 'તારે આવવું જ પડવાનું છે. હવે તું કાંઇ નાનો નથી; ખાસ્સો દસ વરસનો થયો છે. આટલી યે હિંમત ન થાય? હું કહું છું કે આવ.' મેં પણ દઢતાથી જવાબ વાળ્યો, 'એ તો નહિ જ બને.' કેસુને ચીડાતાં વાર લાગતી ન હતી. એ બોલ્યો, 'જોજે હો! તું આવીશ તો ઠીક; નહિતર આજે તો તને એવો મારવાનો છું કે તારા ગાલ લોહીલુહાણ કરી મૂકવાનો.' મેં મનમાં વિચાર કર્યો કે માર ખાવો એ તો રોજનો અનુભવ છે. એમાં તો આપણે પંડિત છીએ. પણ આટલે ઊંચેથી પડીને માથું ભાંગી જાય એ પોસાય નહિ. એટલે મેં ભાઇની આજ્ઞાનો પહેલી વાર સાદર નિરાદર કર્યો. કેસુને મેં નમ્રતાથી કહ્યું, 'ભાઉ, એ મારાથી નથી જ થવાનું. તું ગમે તે કરજે, પણ મારો પગ નથી જ ઊપડવાનો.'

ભાઉ પણ આ મારી બીકણ દૃઢતા જોઇ ચોંકી ગયો. આખરે એણે કહ્યું, 'જા રડયા અહીંથી; તું તો આવો જ રહેવાનો. હવે હું જ તને ચાલી બતાવીશ.' બસ, મારની બીકથી જે કાર્ય ન થયું તે આ વેણથી થયું. કેસુ ચાલી બતાવશે અને પહેલવહેલો આ પુલ પસાર કરશે, પછી મારી આબરૂ શી રહી? હું એકદમ ઊઠયો અને સીધો પુલ પરથી સામી બાજુ ગયો. સામી બાજુ કેસુ પણ ઊભો થયો હતો. એણે મને બાથમાં જ લીધો. એની આંખમાં હર્ષનાં આંસુ હતાં. એણે મારી પીઠ થાબડી કહ્યું, 'હું તને નહોતો કહેતો કે તારે માટે એ અશકય નથી? તારી શક્તિ તારા કરતાં હું જ વધારે જાણું છું.' પછી તો કેટલી યે વાર હું આ બાજુથી પેલી બાજુ અને પેલી બાજુથી આ બાજુ જઇ આવ્યો.

તે દિવસે સાંજે કેસુએ મને હનુમાનની વાર્તા કહી. સીતાની ભાળ લાવવા માટે લંકા સુધી કોણ કૂદી જાય એની મસલત વાંદરાઓમાં આ પાર ચાલતી હતી. સમુદ્ર ઓળંગી જવાની શક્તિ એકલા હનુમાનની જ હતી; પણ દેવોએ એવું નક્કી કર્યું હતું કે હનુમાનને જ્યાં સુધી કોઇ કહે નહિ કે તારામાં આટલી શક્તિ છે ત્યાં સુધી એનામાં એ શક્તિ પ્રગટ થાય નહિ, એનામાં આત્મવિશ્વાસ આવે નહિ.

૧૧][ઈન્સાફનો અત્યાચાર

હવે વધારે ભાડું મળતું હોવાથી રામજી શેઠે એમની વખારના ચાર ભાગ કર્યા હતા. એક ભાગમાં કુપ્પીકર મામલતદાર રહેતા હતા. પડખેના ભાગમાં અમે હતા. અમારા પહેલાં અમારા ભાગમાં ઓવરસીઅર સાઠે રહેતા હતા. એમણે ઓટલા પર સાદડીની બહુ જ રૂપાળી ઓરડી બનાવી હતી. એનું બારણું, એ બારીઓ વગેરે બધું જ ઘાટીલું હતું. એંજિનિયરને હાથે થએલું, એટલે પૂછવું જ શું? એ ઓરડીમાં અમે ભણવા બેસતા. બાબાને કોઇ મળવા આવે તો તેઓ પણ અમારી ઓરડીમાં જ બેસવાનું પસંદ કરતા. મને તો એ ઓરડી પર એટલો બધો મોહ હતો કે મેં રાત્રે સૂવાનું પણ ત્યાં જ રાખેલું. ઘર બહાર સૂવાથી સવારે સાડાચાર વાગ્યે હું ઊઠી શકતો હતો એ પણ એક મોટો લાભ હતો.

અમારી જોડેના ઓટલા પર એ ઘરનાં છોકરાં રમે અને બૂમાબૂમ કરે. અમને એ ગમતું નહોતું. પણ તે સહન કરવામાં અગવડ આવતી નહિ; કેમકે અમે પણ ચર્ચા કરવા બેસીએ ત્યારે આખી 'વખાર' ગજાવી મૂકતા. શાંતિનો આધુનિક શોખ તે વખતે અમે કેળવ્યો ન હતો. પણ જ્યારે પડોશનાં છોકરાં એમના ઓટલા પર દોડતાં દોડતાં અમારી સાદડીની દીવાલ પર જોરથી હાથ મારતાં ત્યારે મારી ધીરજ ખૂટી જતી. અનેકવાર એ છોકરાંઓને મેં કહી જોયું, વઢી જોયું, પણ એની અસર ન થઇ. છોકરાંઓના તોફાનથી સાદડીમાં મોટો ખાડો પડયો અને ચોરસ તાવડી જેવો એનો આકાર થયો. દીવાલની શોભા ગઇ અને ઓરડીમાંની એટલી જગ્યા પણ ઓછી થઇ ગઇ. મેં સાદડીને અંદરથી દબાવીને બહારનો ભાગ ફૂલાવ્યો. પણ એથી તો ઊંધું જ પરિણામ આવ્યું. છોકરાંઓનો એના પર હાથ મારવાનો શોખ વધી ગયો. જોરથી હાથ મારે એટલે સાદડી ફરી અંદરના ભાગમાં ફૂલે.

હવે શું કરવું? મેં જઇને છોકરાંઓની મા પાસે ફરિયાદ કરી. એ લોકો કોંકણીમાં બોલે, હું મરાઠીમાં બોલું, એટલે સમજવાની મુશ્કેલી તો ખરી જ; પણ એ લોકો એટલાં બેદરકાર કે એમણે મારી વાત સાંભળી જ નહિ. 'હશે હશે' કહી એમણે મને પટાવી દીધો.

છોકરાંઓનું તોફાન ઓછું થયું નહિ. અંતે હાડ જઇને મેં એક આસુરી ઉપાય અજમાવવાનું નક્કી કર્યું. ગોંદુને લાકડામાં જાતજાતનાં બીબાં કોતરવાનો શોખ આ અરસામાં બહુ હતો. એટલે સોયા જેવું એક ઓજાર એની પાસે હતું. ગજવેલની ત્રિકોણી સળી ત્રાંસી ઘસીને બહુ જ તીણું પાનું બનાવેલું હતું. એ મેં હાથમાં લીધું અને એની અણી સહેજ સાદડીમાં ઘોંચી. હું તૈયાર રહ્યો. હમેશની પેઠે છોકરો દોડતો દોડતો આવ્યો, અને એણે જોરથી બંને હથેળીઓ સાદડી પર મારી. એણે જેટલું જોર કર્યું એટલા જ જોરથી સોયાની અણી એની હથેળીમાં ભોંકાઇ ગઇ! છોકરાએ એકદમ ચીસ પાડી. હાથમાંથી લોહી વહેવા લાગ્યું. છોકરાને વાગશે, એ ચીસ પાડશે એટલી અપેક્ષા તો મને હતી જ, અને એ આનંદની હું રાહ જોતો હતો. પણ મેં અપેક્ષા બાંધેલી એના કરતાં એ

છોકરાને વધારે વાગ્યું, અને તેની ચીસે મારા ચીડાએલા હૈયાને ટાઢક આપવાને બદલે વીંધી નાખ્યું. છાતીના મધ્યભાગમાં એકદમ ડૂચો ભરાયો હોય એવું મને થયું. મેં સોયો ટેબલ પર એક ચોપડી તળે સંતાડી દીધો ને શું થશે એની રાહ જોવા લાગ્યો.

છોકરાની ચીસ સાંભળી એની મા દોડતી આવી. ઘરનો રસોઇયો પણ આવ્યો. હું માનતો હતો કે એ લોકો મારી જોડે લડવા દોડી આવશે. પણ એમને છોકરાને થએલા ઘાનો ઇલાજ કરવા આગળ લડવાનું ક્યાંથી સૂઝે? એમના ઉદ્દગાર હું સાંભળતો હતો. એમાં ક્રોધ કે ચીડ ન હતી, પણ એકલું દુઃખ જ હતું. આ સ્થિતિની મેં અપેક્ષા કરી ન હતી, એટલે મને બહુ વિચિત્ર લાગ્યું. હું ઝંખવાણો પડ્યો. એ લોકો મારી જોડે લડત તો 'ન્યાયનો પક્ષ મારો છે' એમ કહી લડવાનું મને જોર આવત. એમણે મારૂં નામ સરખું ન લીધું એટલે કઇ વૃત્તિ ધારણ કરવી એ જ મને ન સૂઝ્યું. ઇન્સાફ પોતાના હાથમાં લઇને હું બદલો લેવા ગયો; પણ ચીડથી આંધળો થએલો માણસ ઇન્સાફ મેળવવા જતાં અત્યાચાર કરી બેસે છે. મારા કૃત્ય આગળ હવે મારી પોતાની દૃષ્ટિમાં પણ છોકરાઓનું તોફાન નજીવું થઇ ગયું. મારી જ દૃષ્ટિએ હું ગુનેહગાર નીવડ્યો.

છોકરો તો રોતો જ હતો. રસોઇયો એના હાથ પર પાણી રેડતો હતો. છોકરાને કેટલું વાગ્યું છે એ જોવાનું મને મન થઇ આવ્યું. એમના ઓટલા પર જવાની તો મારી હિંમત હતી જ નહિ, એટલે ટેબલ પર ચડી અમારી સાદડીની દીવાલ પરથી હું ચોરની માફક જોવા લાગ્યો. મારે આમ જોવાની કશી જરૂર ન હતી, પણ મારાથી રહેવાયું નહિ. હું ઉપર ચડીને જોતો હતો, એટલામાં મારૂં દુર્દૈવ કે છોકરાની માની દૃષ્ટિ મારા પર પડી. માએ મને ગાળો દીધી હોત તોયે એ હું વધાવી લેત. પણ એની આંખમાં શુદ્ધ ઉદ્વેગ જ હતો. એણે કહ્યું, 'જો, આ તેં શું કર્યું છે!' માનું આ વચન મને તો સોયા જેટલું જ તીણું લાગ્યું. મારૂં મોઢું ઊતરી ગયું. હું બોલ્યો તો ખરો કે 'મેં કશું કર્યું નથી.' પણ મારો અવાજ જ કહેતો હતો કે મારા શબ્દમાં કશો અર્થ નથી.

માને એટલો આઘાત થયો હતો કે એણે ન તો ઘરનાં માણસોને એની વાત કરી કે ન આઇ પાસે ફરિયાદ કરી. અતિ દુઃખ અને અતિ ઉદ્વેગથી એ શાંત જ રહી. પણ એણે મારી શાંતિનો પૂરતો નાશ કર્યો. કેટલા યે દિવસ સુધી મેં પડોશના લોકો આગળથી મારૂં મોં છુપાવ્યું. જ્યારેજ્યારે છોકરાની માને સામેથી આવતી જોઉં ત્યારેત્યારે માથું નીચું ઘાલીને હું ત્યાંથી ખસી જાઉં. છોકરાનું તોફાન તો બંધ થયું, પણ એ જીત મને ભારે મોંઘી પડી. દિવસો વહી ગયા. એ લોકોની ભાષા હું વધારે જાણતો થયો. એમની સાથે હું ભળી ગયો. પેલા છોકરાને રમાડવા પણ લાગ્યો. પણ ન એની માએ ફરી મારી પાસે પેલી વાત છેડી, ન મેં કોઇ કાળે એનો ઉલ્લેખ કર્યો. પેલો છોકરો એનું દુઃખ ભૂલી ગયો હશે, પણ હું મારી એ દિવસની દુષ્ટતા હજીયે ભૂલી શક્યો નથી.

(ચાલુ) **દ. બા. કાલેલકર**

મુક્તપ્રાણ

મુક્તપ્રાણ! મુક્તપ્રાણ! બંદીવાન હું નહિ!
મુક્તધ્યાન! જંજિરો ન બાધવા ધરા મહીં!
બાંધજો દીવાલ પર્વતો સમી ઊંચી ઊંચી;
તારલા હસે–વદે નભે : હસંત આંખડી!


મુક્તપ્રાણ! મુક્તપ્રાણ! એકલો કદી નહિ!
માંડવો રચી લીઓ અનંત આભ છાવરી;
આભ એથી યે વિશાળ અંતરે રહ્યું હસી.
સૂર્ય, ચંદ્ર–પ્રાણ ઊર્મિ–તારલા રહ્યા લસી.

એકલો નથી, ભલે ન હોય પ્રેમીઓ સખા!
અનંત હું અબંધ પ્રાણ, સાથી આતમ સર્વદા!

(નાસિક જેલ) **કૃષ્ણલાલ શ્રીધરાણી**

માનવી——વામન કે વિરાટ?

ભલે માનવી સમગ્ર જગતનો સ્વામી બને, છતાં અખિલ બ્રહ્માંડમાં તો એ અણુમાત્ર છે. —વિલિયમ ઍડલીઆઇસ



થોડા મહિના પહેલાં ખગોળવેત્તાઓએ જાહેર કર્યું કે નોવા પિક્ટોરીસ નામનો એક તારો તૂટીને બે ટુકડા થઇ ગયો. આ બનાવને અજબ તાજી શોધ તરીકે જાહેર કરવામાં આવ્યો હતો. એમ છતાં નવાઇની વાત તો એ છે કે એ બનાવ બની ગયાને કોલમ્બસના જન્મ પહેલાં ૬૦ વર્ષ થઇ ગયાં હતાં! તેના ખબર અહીં પૃથ્વી પરના મનુષ્યને પહોંચાડતાં અતિમાં અતિ અતીવ ગતિમાન વાહક જે પ્રકાશ તેને પણ આટલો બધો વખત લાગ્યો છે! આ તારાને ને પૃથ્વીને એટલું બધું અંતર છે કે એક સેકંડે ૧૮૬,૦૦૦ માઇલથી પણ વધુ ગતિવાળા પ્રકાશ કિરણને એટલો ગાળો કાપતાં પાંચસો વર્ષ લાગ્યાં!

આ એક જ દાખલા પરથી, એકપળ થંભીને માણસનું સ્થાન બ્રહ્માંડમાં કેટલું છે તેનો વિચાર કરીએ તો આશ્ચર્ય થયા વિના રહે નહિ. માણસ તે વિરાટ કાયાનો રાક્ષસ છે કે નાનકડો વહેંતિયો? એ નક્કી કરવા આપણે આસપાસ વિશ્વમાં નજર કરીએ.

તમારા ખ્યાલમાં સૌથી વધુ ઝડપી તત્ત્વ કયું આવે છે? વાવાઝોડું કલાકે સો માઇલની ગતિએ જાય છે. ઍન્જિન વધુમાં વધુ ૧૨૦ માઇલ જાય છે; શરતનું ઍન્જિન ૨૦૬ની અને એરોપ્લેન ૩૫૦ માઇલની ઝડપ કરી શકે છે.

પણ એ બધાં સાવ ધીરાં ગણાય. પ્રકાશના એક કિરણની ઝડપે ઊપડો. એની ગતિ એટલી બધી છે કે તમે શ્વાસ લ્યો એટલા વખતમાં આ પૃથ્વીને તે આઠ વાર આંટો મારી આવે. છો એ રીતે તૈયાર! તો મારી મૂકો! એક સેકંડમાં એક લાખ ને છયાશી હજાર માઇલની એ ગતિ છે. એ ગતિએ આકાશમાં ગમન કરતાં નજીકમાં નજીકના તારાને પહોંચતાં પણ સાડા ત્રણ વર્ષ લાગે! દક્ષિણે દેખાતા આકાશભરના તેજસ્વી અગસ્ત્ય (સીરિયસ નામના) તારાને પહોંચતાં બાવીસ વર્ષ થાય. કૅપીલા નામના તારા નજીક જવાને સિત્તેર વર્ષ જોઇએ. અને આ તો હજુ તમે તમારી

મુસાફરીમાં બ્રહ્માંડના ઝાંપા સુધી ગયા ગણાઓ!

છસ્સો વર્ષે તમે આકાશગંગાની સીમના તારાઓમાં પહોંચો અને એક હજાર સૈકાં–એટલે એક લાખ વર્ષ–વીતે ત્યારે આપણી જાણમાં આવેલા દૂરમાં દૂરના તારાને જઇને મળો. અને આ બધું પેલા પ્રકાશ કિરણની ઝડપે—એક સેકંડે એક લાખ છયાશી હજાર માઈલના વેગે ઊડતાં.

ઇતિહાસની નજર ન પહોંચે તેવા પૃથ્વીના આરંભકાળનો નીવેન્ડરથાલ માનવ હજુ બન્યો પણ નહોતો, તે વખતે એ દૂરમાં દૂરનો તારો આકાશમાંથી ગૂમ થયો હોય તોપણ આપણને તે (એટલેકે તેનો પ્રકાશ) આજ સુધી દેખાય, એટલું એ અંતર ને એ કાપતાં એટલો સમય! આજ રાત્રે આપણને પ્રકાશનું જે કિરણ દેખાય છે તે એક લાખ વર્ષ પહેલાં તેના મુકામેથી નીકળ્યું હશે અને આજે ત્યાંથી જે નીકળશે તે પૃથ્વી ઉપર એક લાખ વર્ષે પહોંચશે! એટલામાં તો પૃથ્વીની હજારો પેઢીઓ વહી ગઈ હશે. આજે નીકળેલા એ કિરણને પૃથ્વી ઉપર કોણ જાણે કેવી પ્રજા ને કેવી સંસ્કૃતિ દેખાશે એ કોણ કહી શકે?

અમેરિકન પ્રજાનો લાડકો વાયુવીર લિંડબર્ગ તેનું એરોપ્લેન પૂરપાટ ઝડપ લગાવીને મંગળ તરફ ઊડી જાય અને રસ્તામાં જરા યે અટકે નહિ તો ત્યાં પહોંચે ત્યારે એ સિત્તેર ઉપર વર્ષનો આદમી બની ગયો હોય!

વિશ્વમાં પૃથ્વીનું કદ છે તેના કરતાં યે આ પાના પર છાપેલું અનુસ્વારનું ટપકું અતિશય મોટું છે. અને આટલા ટપકા ઉપર માણસ પોતાની કૃતિઓનું અભિમાન બિછાવી રહ્યો છે! મહાન શહેરો, ગગનચુંબી ઇમારતો, કારખાનાંઓ, રેલવેઓ, નહેરો એમ અનેક રીતે તે પોતાનો ગર્વ વધારી રહ્યો છે. પણ વિશ્વના અનંત હિસાબમાં તે બાપડાનું માપ કેટલું?

કોઇ એક મહાન શહેરમાં એક માણસનું માપ કેટલું? તે શહેર વળી એક નકશા ઉપર તો, હાથીના શરીર પર લાગેલી ધૂળની કણ જેટલું દેખાય. અને આવાં શહેરોવાળી આ પૃથ્વી, આટલાંટિક મહાસાગર પાસે જેમ પાણીનું ટીપું તેમ આ વિશ્વમાં ગણાય! તો હવે એક માણસ આ વિશ્વમાં કેટલો?

આ વિશ્વની ઉપરાંત જે મહા વિશ્વ છે તેની ગણતરીએ તો વળી આપણો જાણીતો, છેવટમાં છેવટના અંતરનો તારો તે આપણાથી ફૂટપટ્ટીના ઇંચના સોળમા ભાગને અંતરે ગણાય! એક વિદ્વાને વિશ્વના આ અફાટ માપનો ખ્યાલ આપવા એક દૃષ્ટાંત આપ્યું હતું કે તમારા હાથમાં એક પૈસો પકડી હાથ લાંબો રાખી આકાશગંગા આડો ધરો તો, તેની પાછળ આ વિશ્વના ૧,૫૦,૦૦,૦૦૦ સૂર્યો ઢંકાશે! એક રાત્રે દેખાતા આકાશના ૧૯૦૦મા ભાગનો ફોટોગ્રાફ લેતાં તેમાં ચાર લાખ તારાની છાપ પડી હતી! સૌથી દૂરનો તારો ઍન્ટારિસ સમર્થ દૂરબીનમાંથી જોતાં આકાશમાં ટાંકણીના માથા જેવડો માત્ર દેખાય છે; તો ય તે આપણા સૂર્ય કરતાં ચાર કરોડગણો મોટો છે! છેલ્લાં ત્રીસ વર્ષમાં ખગોળવેત્તાઓએ તેમના આકાશજ્ઞાનની સીમા દસહજાર ગણી વધારી દીધી છે.

આમ પોતાના ગ્રહમાંથી માણસ બહાર અને ઉપર નજર નાખે છે ત્યારે પોતે ઝીણામાં ઝીણો બની જતો લાગે છે. આ અનંત વિશ્વમાં તે પોતાની પામરતા લખેલી સ્પષ્ટ વાંચી શકે છે કે પોતે કોણ માત્ર!

પણ હવે બીજી બાજુનો વિચાર કરીએ તો એ જ માનવીની કથા જુદી જ વંચાશે. વિજ્ઞાનબળે તે લગભગ અકલ્પ્ય જેવી ને અદ્‌ભુત લાગે છે. વિજ્ઞાન કહે છે કે મનુષ્ય એ પૃથ્વી ઉપર વિચરતો પ્રચંડ વિરાટકાય દૈત્ય છે. તેના હાથમાં તે લાખો સૂર્યો અને ઉપગ્રહો ફેરવે છે અને આખી સૂર્યમાળાને આકાશમાં મૂકાને તેને પણ ધૂળનો કણ ગણી નાખે છે.

વિજ્ઞાન કહી શકે છે કે જે દૂરબીનથી તે વિશાળ આકાશનાં માપ કાઢી રહ્યો છે તે જ અનેક નાનાં વિશ્વોનું બનેલું છે, છતાં તે જોઇ શકતો નથી. તેના યંત્રનું પિત્તળનું ભૂંગળું અને કાચ સનાતન ગતિવાળા સૂર્યમંડળોનાં બની રહેલાં છે.

આ છાપેલું પાનું ફેરવતી વખતે તેને અંગુઠા અને આંગળી વચ્ચે દાબી જોતાં તમને ભાગ્યે જ તમારાં આંગળાં વચ્ચે કંઈ અંતર પડયું લાગશે; એમ છતાં એ અંતરનું માપ એક ઇંચના ૬૦૦મા ભાગ જેટલું છે; અને તે જાડાઇ ત્રણ લાખ મોલૅક્યૂલ (સૂક્ષ્મ પરમાણુઓ) ઉપરાઉપર રહે એટલી ગણાય!

આ સૂક્ષ્મ પરમાણુઓ પાછાં એમની સૂક્ષ્મ સૃષ્ટિમાં તો દૈત્ય રૂપી છે. તે દરેક પરમાણુ એકએક વિશ્વ છે અને તે દરેકમાં ૨૫૦૦૦ સૂર્યો અને ઉપગ્રહો ફર્યાં

જ કરે છે. મોલૅક્યૂલોની અંદર ઍટમ—રજકણો છે, અને ઍટમના પણ સૂક્ષ્મ ભાગો તે ઇલેકટ્રોન તરીકે ઓળખાય છે.

૦ આટલા મીંડા તરફ જુઓ. એ એટલું નાનું છે કે પાનું થોડેક દૂર રાખો તો દેખાય પણ નહિ. છતાં વિજ્ઞાન સિદ્ધ કરી શક્યું છે કે એટલી જગ્યામાં તો આકાશમાં દેખાતા તારા કરતાં યે વધુ ઍટમ સમાએલાં છે.

અમેરિકાના પ્રસિદ્ધ વિજ્ઞાનવેત્તા ડૉ. મિલિકને બતાવ્યું છે કે વિશ્વ આખું યે ચેતન કિરણો (કૉસ-મિક રેઈઝ)થી ભરેલું છે અને એ કિરણો સતત નવાં નવાં ઍટમ બનાવી રહ્યું છે. પહેલાં એમ મનાતું હતું કે પૃથ્વી ઘસાતી જાય છે; પણ ડૉ. મિલિકનની શોધ પ્રમાણે નવાંનવાં ઍટમ ઘસારાની જગ્યા પૂરતાં જ જાય છે અને તેથી પૃથ્વી ટકી રહેવાની.

પણ ઍટમ કરતાં યે વધુ આશ્ચર્યકારક તો ઇલેક-ટ્રોન (વિદ્યુત્ કણો) છે. પૃથ્વી સૂર્યની આસપાસ જે ગતિથી ભમે છે તેથી યે વધુ ગતિવાળા એ ઝીણા પ્રકાશમાન સૂર્યો ફર્યા કરે છે.

તમારી આસપાસની બધી સૃષ્ટિ ફૂલી જાય, વધી જાય એવું કલ્પો. તમે પોતે વધી જાઓ; જનાવરો પદાર્થો, મકાનો અને પૃથ્વી બેવડાં ત્રેવડાં કે ચોવડાં થઇ જાય, અને એમ ને એમ હમણાં છે તે કરતાં કરોડો ગણાં મોટાં બની જાય; માણસ એક કરોડ માઇલ લાંબો થઇ જાય અને પાંચ કરોડ ટન વજનનાં છોકરાં ઊચકે; ઉંદરની પૂંછડી એટલી લાંબી થઈ જાય કે હાલની પૃથ્વીને બાર આંટા મારી શકે; બંદુકની સામાન્ય ગોળી હાલની પૃથ્વી જેવડી બની જાય.... આવી કપોલકલ્પિત સૃષ્ટિ સાચેસાચ ખડી થાય તો તેમાં તમે ઇલેકટ્રોનનું કદ કેટલું થાય એમ સમજો છો?—એક ટાંકણીના માથાં જેવડું જ! એટલું સૂક્ષ્મ સ્વરૂપ હાલ તેનું છે. આવી અદ્ભુત સૂક્ષ્મ સૃષ્ટિ આગળ માણસ તો રાક્ષસ જ ને?

ઇંગ્લંડના રાજા ચાર્લ્સ પહેલાના વખતમાં તેનો એક પ્રચંડ અંગરક્ષક તેના ખીસામાં એક ઠીંગુજીને લઇને ફરતો. માણસ આ બેમાંથી કઇ ઉપમાને લાયક છે એમ તમને કોઇ પૂછે તો શું કહો? મનુષ્ય શરીર જોઇને તેને વામન કે વિરાટ કહેવાનું નક્કી ન જ થાય; પણ તેના મગજની તાકાત ધ્યાનમાં લઇને જવાબ નક્કી કરી શકાય.

અનંત કાળથી માણસ પોતાના કરતાં બળવાન તત્ત્વોની સામે ઝૂઝતો રહ્યો છે. વીજળી ને વાવાઝોડાં, દરિયાનાં તોફાન, જંગલી જનાવરો, રોગચાળા અને હોનારતો, આ બધાં યે તેના કાયમના વિરોધીઓ થતાં આવ્યાં છે, પણ મગજની શક્તિથી માણસ તે બધાં ઉપર વિજય મેળવતો આવ્યો છે.

ત્રીસ લાખ વોલ્ટની વીજળીક શક્તિને તે પ્રયોગ-શાળાના ટેબલ પર રમાડે છે; હજારો ટન પાણીની છોળ મારતી સો સો ફીટ ઊંડી આગબોટો લઇ તે મહાસાગરો ખૂંદે છે; તેના સૈકાઓ પહેલાંના વડવાઓ-એ તારાજ કરેલાં ભયંકર જનાવરોની જાતો તેણે એટલી નાબૂદ કરી છે કે આજ માત્ર તેમનાં હાડકાં મ્યૂઝિયમમાં જ જોવાનાં મળે છે; એક પછી એક રોગને તે મૂળ-માંથી નાબૂદ કરી રહ્યો છે.

માણસ આજ ટેલિવીઝન યંત્રથી ગમે ત્યાં બેઠો-બેઠો અરધી દુનિયા પર નજર ફેંકી શકે છે; એરો-પ્લેનમાં તે પૃથ્વીના કોઇ પણ ભાગ પર જઈ પગ મૂકી શકે છે; તેની મોટરો અતિ ઝડપી હરણ કરતાં યે મોટી ફાળ ભરી પૃથ્વી પર વિહરે છે. મગજનો ઉપયોગ કરવાથી માણસ હરણ કરતાં ચપળ, હાથી કરતાં બળવાન અને ગરુડ કરતાં દૂરદૃષ્ટા બન્યો છે. આકાશ, પૃથ્વી અને પાણી ઉપર તેણે સત્તા જમાવી છે; બુદ્ધિબળના પ્રતાપે તે પૃથ્વી પર તો પ્રચંડશરીરી બન્યો છે.

[અંગ્રેજી ઉપરથી]

નોકર—શેઠ, નોકરીએ રાખશો?

શેઠ—આની પહેલાંની જગ્યાએ તેં કેટલાં વર્ષ કામ કર્યું હતું? નોકર—સાહેબ, દસ વર્ષ.


શેઠ—ત્યાં કોની ભલામણથી રહ્યો હતો?

નોકર—એક ન્યાયાધીશે બીજા ચાર માણસોની ભલામ-ણથી મને ત્યાં મોકલ્યો હતો.

ક્રાન્તિ—તારી ઘડિયાળ પા કલાક મોડી છે. આવી ઘડિયાળ કરતાં ઘડિયાળ ન રાખવી એ સારૂં છે.

શાન્તિ—આવી ઘડિયાળ હોય એથી શું નુકશાન? જે વખત બીજાની ઘડિયાળ પ્રમાણે ચાલ્યો ગયો છે તે મારી ઘડિયાળ પ્રમાણે મારી પાસે મોજૂદ છે. તેથી તેનો ઉપયોગ હવે હું કરી શકીશ.

સ્ક્રૂ કેમ બને છે?



જૂના વખતમાં જ્યારે લોઢાની ખીલીઓ કે સ્ક્રૂ નહોતા ત્યારે વાંસની કે લાકડાની અણઘડ ખીલીઓ બારણામાં તથા બાજઠો વગેરેમાં વપરાતી. જ્યારે લોઢાની ખીલીઓ બનવા લાગી ત્યારે પણ કેટલાક પછાત દેશોમાં તે વપરાતી. તેનો ગેરફાયદો એ હતો કે તેવી ખીલીઓ એક વાર નાખ્યા પછી તેને પાછી કાઢી લેવી મુશ્કેલ થતી. અને લોઢાની ખીલી પણ જો સાર પાડ્યા વિના નાખવામાં આવતી તો તે લાકડામાં ચિરાડ પાડતી ને આવી રીતે કિંમતી લાકડું નકામું બની જતું. સ્ક્રૂની શોધ થતાં આ મુશ્કેલી ટળી, અને તેમાં યે જ્યારે 'નેટલફોલ્ડ' સ્ક્રૂ થયા ત્યારે તો સારડીથી લાકડામાં કાણું પાડવાની યે જરૂર ન રહી. 'નેટલફોલ્ડ' સિવાયના બીજી જાતના સ્ક્રૂ બેસાડતાં પહેલાં, માર્ગદર્શક થઇ પડે એટલા ખાતર સારડીથી પહેલો નાનો વેહ પાડવો પડે છે. પણ નેટલફોલ્ડની તો અણી જ વેહ પાડે છે અને સ્ક્રૂના દોરા લાકડાનો વહેર ધીમેધીમે બહાર કાઢે છે.

સ્ક્રૂની બનાવટમાં લોઢાની (યા જે ધાતુના સ્ક્રૂ બનાવવા હોય તે ધાતુની) ખીલાસળીને ત્રણ યંત્રમાંથી પસાર થવું પડે છે. (૧) કાપવાનું ને માથાં ટીપવાનું (૨) માથાં સરખાં કરી તેમાં કાપ પાડવાનો (૩) ખરબચડા ખીલા ઉપર દોરા પાડવાનું.


પહેલા વિભાગમાં, જે જાતના સ્ક્રૂ બનાવવા હોય તે પ્રમાણની પોલાદ, પિત્તળ કે તાંબાની ખીલાસળી હોય છે. બાજુના કૉલમને મથાળેની આકૃતિઓમાં બતાવ્યા પ્રમાણે प प એ ખીલાસળીને પકડી રાખનાર, અંદરથી ગોળ એવી પકડ છે. એ પકડ ખીલાસળીને મજબૂત પકડી રાખે છે. अ ન ફરી શકે તેવો સજ્જડ ચોંટાડેલો લોઢાનો પાટલો છે અને તેની અંદર ખીલાસળીના માપનું ગોળ કાણું છે. તેની જોડે ફરી શકે તેવો ब લોઢાનો બીજો પાટલો છે. તેમાં પણ ખીલાસળીના માપનું ગોળ કાણું હોય છે અને તેની બહારની બાજુએ ड નામનો ખાંચો હોય છે. આ ખાંચો સોનીને ત્યાં ધાતુ ઉપર છાપ ઉપસાવવાની અડી હોય છે તેવો હોય છે. ह એ બરોબર આ ખાંચાના બહારના આકાર જેવડો હથોડો છે. (જુઓ ઉપલા ચિત્રમાંની પહેલી આકૃતિ)

આ ખીલાસળીને પકડ એવી રીતે પકડી રાખે છે કે તેનો થોડો ભાગ ड આગળ બહાર નીકળી આવે છે. જેવો સંચો ચાલે છે કે તરત જ ब ઊંચો થઇ જાય છે અને સ્ક્રૂના માપની ખીલાસળી છીણીથી કપાઇ જાય છે. બરાબર એ જ વખતે, તેની સાથોસાથ જ, ड આગળના ખાંચા પર ह હથોડાનો એવો મજબૂત ઘા પડે છે કે કપાએલા ખીલાનું માથું ड ખાંચામાં ટીપાઇને ખાંચાના આકાર જેવું જ બની જાય છે. (જુઓ આકૃતિ બીજી) પછી प प ફરીથી ઊંચા થાય છે અને કપાઇ ગએલો ખીલો બહાર ટોપલીમાં ફેંકાઈ જઇને બીજા ખીલાના માપ જેટલી ખીલાસળી આગળ ધકેલાય છે. (આકૃતિ ત્રીજી) આ બધું એટલી સફાઇ અને ઝડપથી બને છે કે એક મિનિટમાં આશરે ૧૨૦ (દર સેકંડે બે) જેટલા સ્ક્રૂની ખીલાસળી માથાં ટીપાઇ કપાઇને બહાર પડે છે! સ્ક્રૂનું માથું જેવું કરવું હોય તેવો ખાંચો ब માં કે ह માં હોવો જોઇએ. આવી રીતે માથાં ટીપાએલા ખીલાઓને એક મોટા પીપમાં નાખી તેમને લાકડાના વહેર વગેરેથી સાફ કરવામાં આવે છે. સાફ કર્યા પછી તેને કાપકૂપ કરનારા બીજા યંત્રમાં મોકલવામાં આવે છે.

આ કાપકૂપનું તથા ખાંચા પાડવાનું યંત્ર પણ ઘણું જ ખૂબીવાળું અને બરોબર સમજવા જેવું છે. આ યંત્રનો ઉપલો ભાગ ગોળગોળ ફરતી ગળણી જેવો હોય છે. તેમાં ઉપર તૈયાર થયા તે ખીલા નાખવામાં આવે છે. આ ગળણીમાં એક લોઢાનો ચીપિયો વારંવાર

આવ-જા કરે છે અને જે ખીલાની અણી ઉપર હોય છે તેને પકડી લઇને બીજી નળીમાં એક પછી એક ક્રમવાર ગોઠવે છે. તે નળી કાપનારા યંત્રની સાથે જોડેલી હોય છે. જ્યારે ખીલાવાળી નળી પૂરી ભરાઇ જાય છે ત્યારે ચીપિયો નળીમાં ખીલા ગોઠવવાનું કામ આપો-આપ બંધ કરે છે. જ્યારે બધા ખીલા કાપનારા યંત્રમાં ઠલવાઇ જાય છે અને બીજા ખીલાની જરૂર પડે છે ત્યારે ફરી પાછો એ ચીપિયો યાંત્રિક રીતે ખીલા પકડી-પકડી નળીમાં ગોઠવવાનું શરૂ કરે છે.


હવે આપણે ચિત્રની રચના સમજીએ. ચિત્રમાં



C ધરી પર B હાથાવડે પકડાઇને ફરતા A નામના બે હોલ્ડર ઉપરનીચે આવેલાં છે. આ બંને હોલ્ડરોની કરામત એવી હોય છે કે જેવો ખીલો નળીમાં થઇને તેમની આગળ આવે છે કે તરત જ ઉપર દેખાતો A હોલ્ડર તે ખીલાને પકડી લે છે. (જુઓ પોઝિશન ૧) તરત જ ખીલાનું માથું આગળ નીકળી આવે છે અને A હોલ્ડરના જમણી તરફના છેડા આગળ બહાર દેખાય છે તે પકડ તેને મજબૂત પકડી રાખે છે. તરત જ ખીલાના માથાની આજુબાજુ એક ખાંચવાળું પાનું ગોઠવાઇ જઇને યંત્ર ફરે છે અને ખીલાના માથા-નો કપાએલો ભાગ સરખો કાપીને સફાઇદાર બનાવે છે.

પછી તે જ A હોલ્ડર અર્ધ ગોળ ફરીને નીચે આવે છે. (જુઓ પોઝિશન ૨) અને તેની સાથે જ ખીલાનું માથું એક ગોળ કરવત આગળ ધરાય છે. આ જ વખતે તે કરવત ફરે છે અને સ્ક્રૂમાં હોય છે તેવો ખાંચો ખીલાના માથામાં પાડે છે.

બંને A હોલ્ડરો એક પછી એક અતિશય ઝડપથી કામ કરે છે. જે વખતે ઉપલો A હોલ્ડર નીચે આવે છે તે જ વખતે નીચલો A હોલ્ડર તેને માટે જગ્યા કરી ઉપર જઇને તેની જગ્યાએ ગોઠવાઇ જાય છે અને પેલી નળીમાંથી એક ખીલો લઇને તેનું માથું



નેટલફોલ્ડ સ્ક્રૂની અનેકવિધ જાતો

સફાઇદાર બનાવવા મંડી જાય છે. તે પૂરૂં થતાં તે નીચે કરવત આગળ કાપો પડાવવા આવે છે, કે તરત નીચેનો કરવત આગળનો હોલ્ડર ઉપર જઇને નવો ખીલો પકડે છે. આમ એક જ ધરી પર ફરતા એ બંને હોલ્ડરો ઝડપથી વારાફરતી પોતાનાં કામ કર્યાં કરે છે.

તેઓ જ્યારે પોતાની મૂળ સ્થિતિએ આવે છે એ વખતે વચમાંના તૈયાર થએલા ખીલાની પકડ ઢીલી થાય છે એટલે ખીલો નીચે પડી જાય છે અને તેને બદલે બીજો ખીલો પકડાય છે. આ યંત્ર એટલું બધું ઝડપથી ને આપોઆપ કામ કરે છે કે આવાં તેર યંત્રો પર એક જ માણસ ધ્યાન આપી શકે છે. આવી રીતે સફાઇદાર કપાએલા અને ખાંચા પાડેલા ખીલાઓને એક વાર ફરીથી લાકડાના વહેર વડે સાફ કરવામાં આવે છે ને પછી તેને દોરા પાડવાના યંત્રમાં લઇ જવામાં આવે છે.


સ્ક્રૂ પર દોરા પાડવાનું યંત્ર

જેવી રીતે કાપવાનાં અને ખાંચા પાડવાનાં યંત્ર-માં નળી દ્વારા ખીલા એક પછી એક જાય છે તેમ જ આ યંત્રમાં પણ ખીલાઓને એક પછી એક નળી દ્વારા મોકલવામાં આવે છે. ખીલો નિયત જગ્યાએ પહોંચે છે કે તરત ખીલાનું માથું મજબૂત પકડ જકડી રાખે છે અને તેના છેડાનો ભાગ દોરા પાડ-નારા યંત્રની અંદર ગોળ ફેરવે છે. જેવી જાતનો સ્ક્રૂ

બનાવવો હોય તેવા આકારના યંત્રથી આ ખીલા ઉપર આંકા પડતા જઈને તે પરથી ધાતુની પતરી ઊખડતી જાય છે. શંકુ આકારના એ યંત્રના છેક છેડેના ભાગમાં ખીલાનો છેડો પહોંચે છે ત્યારે તે અણીઆળો થઈને સંપૂર્ણ સ્ક્રૂ બની જાય છે. આવી રીતે દોરા પડ્યા પછી પેલો પકડ તેને પાછો ખેંચી લે છે અને ફરી પાછો તે ને તે જ યંત્રમાં બીજી વખત ધીમેધીમે ગોળગોળ ફેરવી પસાર કરે છે કે જેથી પહેલા દોરાની અંદર ક્યાંક રહીસહી ધાતુ હોય તે નીકળી જાય. આવી રીતે સાતઆઠ વાર એ ને એ યંત્રમાં ફર્યા પછી જોઈએ તેવી ઊંડાઈના દોરા સ્ક્રૂ પર સરસ રીતે પડી જાય છે. પછી પેલો પકડ તેને છોડી દે છે અને બીજા ખીલા પર દોરા પાડવા નળી એક ખીલાને આગળ ધકેલે છે.

દોરા પડ્યા પછી સ્ક્રૂને સાફસુફ તથા પૉલિશ કરીને સફાઈદાર બનાવવામાં આવે છે અને તેના વડ પાડવામાં આવે છે. જે ખીલા પર સારાં માથાં ન બેઠાં હોય તેવા ખીલાને ફરી પાછા તેના યંત્રમાં મોકલવામાં આવે છે અને જેના પરના દોરા બરાબર ન ઊઠ્યા હોય અથવા દોરા ખાંડા થઈ ગયા હોય તેવા સ્ક્રૂ કાઢી નાખવામાં આવે છે. આમ વીણાઈને પસંદ થએલા તૈયાર સ્ક્રૂના એકએક ગ્રૉસ (૧૪૪ નંગ) ગણી, તોળી, તેનાં પડીકાં બાંધી, તે પર કંપનીના નામની છાપ લગાડવામાં આવે છે.

સ્ક્રૂ અનેક આકારના હોય છે અને તે જુદીજુદી ધાતુઓના બનાવવામાં આવે છે. બાજુના ચિત્રમાં તેમાંની થોડી જાતો બતાવેલી છે. [અંગ્રેજી ઉપરથી]



(૧) લૅગ-સ્ક્રૂ (૨) લાકડામાં બેસાડવાનો ચાલુ સ્ક્રૂ (૩) કરવતીનો સ્ક્રૂ (૪) કૅપ-સ્ક્રૂ (૫) સ્ક્રેઇન-સ્ક્રૂ (૬) શોલ્ડર-સ્ક્રૂ (૭) ગોળ માથા વાળો અંગુઠા-સ્ક્રૂ (૮) ચપટા માથાનો અંગુઠા-સ્ક્રૂ (૯) ચોરસ માથાનો કૉલર-સ્ક્રૂ (૧૦) ખાંચા વાળો સેટ સ્ક્રૂ

સર આઈઝૅક ન્યૂટન

અનુસંધાન પૃ. ૩૨૬થી

આઈઝૅકના પિતા તો તેનો જન્મ થતાં પહેલાં જ ગુજરી ગયા હતા. વિધવા માતા મુશ્કેલીથી ઘર ચલાવતી. સગાંઓએ ધાર્યું કે છોકરો મોટો થઈને બાપની ખેતી સંભાળશે. પણ ભાઈસાહેબનું ખેતીવાડી પ્રત્યે બીલકુલ લક્ષ જ નહોતું. પરંતુ નિશાળમાં તે હવે હોશિયાર લેખાવા લાગ્યો હતો અને ઘણોખરો વખત અભ્યાસમાં ગાળતો. એક દહાડો તો ખેતરની વાડ નીચે જ બેસી પડી દાખલા ગણતો તે જોવામાં આવ્યો. આખરે તેને વધુ કેળવણી આપવાનો સગાંએ નિર્ણય કર્યો અને ઓગણીસમે વર્ષે કૅમ્બ્રિજ વિદ્યાપીઠમાં તે દાખલ થયો.

ગામડાના એક મેળામાંથી ખગોળશાસ્ત્રની કોઈ જૂની ચોપડી તેણે ખરીદી હતી. તે વાંચતાં, તેમાં ગણિતશાસ્ત્રની જરૂર પડે છે એમ તેણે જોયું. તરત યૂક્લિડની ભૂમિતિની એક નકલ ખરીદી તે વાંચવા બેઠો. પહેલી નજરે તે જોતાં તેને લાગ્યું કે એમાં તો બધી સ્વતઃસિદ્ધ વાતો આપી છે; એમાં તે શું વાંચવું? નિરુપયોગી માની એણે તે ફેંકી દીધી. પછી ડેસ્કાર્ટિસની ઉપલા વર્ગ માટેની ભૂમિતિ વાંચવા લીધી. હવે જણાયું કે પેલી સ્વતઃસિદ્ધ વાતોવાળી યૂક્લિડ એ તો વિદ્યાના જ્ઞાનના પાયા તરીકે ઉપયોગી છે, તેથી ફરી તે હાથમાં લીધી ને નિયમિત અભ્યાસ આદર્યો.

ન્યૂટન હવે બાવીસ ત્રેવીસ વર્ષની ઉમરનો થયો હતો. કૉલેજમાં તેણે બતાવેલી પ્રતિભા અને ખંતથી તે ભવિષ્યમાં અવશ્ય મહાન શોધક થશે એમ સૌની ખાતરી થઈ ગઈ હતી. પહેલવહેલી તેણે 'કૅલ્ક્યુલસ'ની ગણિતની રીત શોધી કાઢી. તે પછી સફેદ પ્રકાશના કિરણનું પૃથક્કરણ કરી મેઘધનુષ્યમાં દેખાતા બધા રંગ તેણે જોયા અને રંગના વિજ્ઞાનનો સિદ્ધાંત નિયત કર્યો.

૧૬૬૫ની પાનખર ઋતુમાં ૨૩ વર્ષનો ન્યૂટન વૂલ્સથૉર્પ બાગમાં બેઠોબેઠો વિચાર કરતો હતો. એવામાં ઝાડ પરથી સફરજન પડ્યું, અને તે પરથી ગુરુત્વાકર્ષણની કલ્પના તેને થઈ આવી. ન્યૂટનના જીવનવૃત્તાંતનો લેખક કહે છે કે તે વાડીમાં એ સફરજનના પડવાથી સૂઝેલી પૃથ્વીના આકર્ષણની શક્તિનો ખ્યાલ અંતરમાં ઉતારતાં ન્યૂટનને લાગ્યું કે જે શક્તિથી

એ સફરજન માત્ર ઝાડની ઊંચાઇએથી પૃથ્વી પર ખેંચાયું તે જ શક્તિ, પૃથ્વીના મધ્યબિંદુથી આપણે ગમે તેટલા ઊંચા જઇએ છતાં ત્યાં પણ ઓછી થતી નથી. તે શક્તિ ચંદ્ર સુધી પહોંચે છે અને ચંદ્રને પૃથ્વીની આસપાસ ફેરવે છે. એ જ રીતે દૂર ફેંકાએલો પત્થર કે તોપનો ગોળો પણ અંતે પૃથ્વી પર પડે છે અને પડતાં ગોળાકાર લીટી કરે છે.

જો આ આકર્ષણથી પૃથ્વીની આસપાસ ચંદ્ર તેની પરિક્રમાના માર્ગમા રહ્યો છે, તો સંભવિત છે કે બીજા ગ્રહો સૂર્યના ફરતા પણ તે જ નિયમના આધારે પરિક્રમા કરી રહ્યા છે. વળી ગ્રહોની પરિક્રમાના કાળના વર્ગ તેમના સૂર્યથી અંતરના ઘનના પ્રમાણમાં છે. તેથી ન્યૂટને અગત્યનો સિદ્ધાંત ઘડચો કે જે ગુરુત્વાકર્ષણ વડે ગ્રહો સૂર્યની ફરતા તેમના પરિક્રમાના માર્ગમાં રહ્યા છે તેના બળમાં તેમના અંતરના વર્ગના પ્રમાણમાં ફેરફાર થાય છે. પૃથ્વીની સપાટી પર ગુરુત્વાકર્ષણ કેટલું છે તે જાણી લીધા પછી ચંદ્રના વર્તુળાકાર પરિક્રમાના માર્ગમાં ચંદ્રની ગતિ કેટલા બળથી થાય છે તેની સાથે આ સરખામણી પોતે કરી. પણ ચંદ્રનું અંતર અમુક કલ્પી લીધું હતું તેથી જે બળ ચંદ્રને સીધી લીટીના માર્ગ પર ચાલ્યો જતાં અટકાવે છે તે શોધી કાઢતાં તે દરસેકંડે ૧૩·૯ ફીટ જણાયું, જ્યારે પૃથ્વીની સપાટી પર તે દર સેકંડે ૧૬·૧ ફૂટ છે.

કેટલાક સિદ્ધાંતવાદી તો આ ત્રણ ફૂટ જેટલો ફેર લક્ષમાં પણ ન લે. પરંતુ ન્યૂટનને મન તો એ ભારે ભૂલ લાગી. તેથી થોડા કાળને માટે એ શોધ તેણે છોડી દીધી. ચાર વર્ષ પછી વળી પાછો આ પ્રશ્ન તેણે હાથમાં લીધો અને ખોળી કાઢયું કે પોતે કરેલી શોધ બરાબર સાચી જ છે. એ રીતે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત સ્થપાયો અને વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ વિશ્વ સહીસલામત બન્યું. પહેલાં થએલી ભૂલ પૃથ્વીના માપની ખોટી ગણત્રીને લીધે હતી, જેમાં અક્ષાંશના ૬૦ માઇલ ગણ્યા હતા; જ્યારે આ અંતરનું સાચું માપ ૬૯·૧ માઇલ છે. પછી ચંદ્ર પરના પૃથ્વીના આકર્ષણની નવી ગણતરી તેણે બરાબર કરી અને વ્યસ્ત વર્ગનો સિદ્ધાંત સ્થપાયો. પ્રકાશશાસ્ત્રમાં તેમજ આકર્ષણના ભૌતિકશાસ્ત્રમાં તે પૂરેપૂરો લાગુ પડે છે. ખરી રીતે તો તે સ્વતઃસિદ્ધ સત્ય જ હતું.'

આ વ્યસ્ત વર્ગનું શ્રેષ્ઠ દૃષ્ટાંત પ્રકાશના પ્રયોગમાં સુંદર મળે છે. એક ચોરસ ફૂટ પ્રકાશ, જ્યાં દીવો બળતો હોય ત્યાંથી બમણે અંતરે, એટલે બે ફૂટ છેટે પડે તો તે ચાર ચોરસ ફૂટની સપાટી પર પથરાય છે. ફરી જો આ અંતરના વર્ગ જેટલે (એટલે ચાર ફૂટ) છેટે દીવો મૂકીએ તો મૂળ એક ચોરસ ફૂટ પ્રકાશ સોળ ચોરસ ફૂટ સપાટી પર પથરાય છે. પ્રકાશ તો જેટલો હોય તે જ રહે; પણ વધુ સપાટી પર પથરાતાં તે પાતળો—ઝાંખો પડતો જાય છે. એટલે હવે પ્રથમ કરતાં પ્રકાશ સોળ ગણો ઝાંખો પડે છે.

આ દેખીતા સિદ્ધાંત પર જ ગુરુત્વાકર્ષણ અદૃશ્ય-રીતે કામ કરે છે. તે ચુંબકત્વના બળની પેઠે એક બિંદુથી સર્વ દિશામાં ફેલાઇ રહે છે, અને તેના મધ્ય બિંદુના અંતર પ્રમાણે વધતો ઓછો થાય છે. વળી એકબીજા વચ્ચે તેનું બળ પરસ્પર છે. સઘળા પદાર્થ તેમાં ભાગ લે છે. આમાં કદ તેમજ વજનનો પ્રશ્ન પણ ખાસ લેવાય છે. ન્યૂટનની ગણિતચક્કીમાં આ સર્વ પિસાઇ ગયું.

ન્યૂટનના વખતમાં વૈજ્ઞાનિકો પ્રકાશ વિષે અને ખાસ કરીને રંગના મૂળ વિષે વિચિત્ર મત ધરાવતા હતા. દા. ત. રાતો પ્રકાશ પ્રકાશનું ઘટ્ટમાં ઘટ્ટ રૂપ છે એમ તેઓ માનતા. વળી વાદળી પ્રકાશ એટલે તે કાળા તથા સફેદ કણનો બનેલો છે એમ કહેતા; અને તેના સમર્થનમાં સફેદ મીઠું અને કાળું પાણી એ બંને મળી મહાસાગરનાં પાણી ભૂરાં દેખાય છે એમ તેમને લાગતું! પણ ન્યૂટન જેવો ચોક્કસ પ્રયોગ-શાસ્ત્રી આવાં કલ્પિત અનુમાનો કેમ માને? તેણે તો માંડયા પ્રયોગો કરવા. ઓરડીની બારીમાં એક કાણું પાડયું અને તેમાં એક ઝુમરના કાચનો હીરો મૂકચો ને ઓરડી કરી બંધ. પેલા હીરા પર બારીના કાણામાંનું સૂર્યનું કિરણ પડતાં જ કિરણનો સફેદ પ્રકાશ છિન્ન-ભિન્ન થઇ તેના સાત રંગ—રાતાથી જાંબુડા સુધીના—ક્રમવાર ગોઠવાઇ ગયા. આ યુવાન પ્રયોગકર્તાએ એ રંગોના બધા ખૂણા તથા અંતરનાં માપ લીધાં; હીરાને ફેરવીફેરવી જુદેજુદે ખૂણે મૂકી જોયો; બીજા હીરા લીધા અને પાછા ભિન્નભિન્ન થએલા રંગોને એકત્ર કરી દઇ સફેદ પ્રકાશ થયો તે જોયો.

પછી તેણે જગત આગળ જાહેર કર્યું કે સફેદ

પ્રકાશ ભિન્નભિન્ન સાત રંગનો બન્યો છે. જુદાજુદા રંગ રાતા, પીળા, લીલા ઇત્યાદિ ભિન્નભિન્ન લાગે છે તેનું કારણ એ છે કે તે દરેકના કિરણનાં મોજાંની લંબાઈ ઓછીવધતી છે. રાતો રંગ એટલા માટે રાતો લાગે છે કે તેના પ્રકાશનાં મોજાંની લંબાઇ ટૂંકી છે; એથી ઊલટું વાદળી રંગના મોજાંની લંબાઇ વધુ છે. જુદાજુદા પદાર્થો રંગીત એટલા માટે લાગે છે કે તેઓ અમુક પ્રકારનું જ કિરણ પ્રતિબિંબિત કરે છે અને બાકીનો પ્રકાશ ગળી જાય છે. આ વાત આજે તો નિશાળના દરેક છોકરાને શીખવાય છે.

દૂરબીનના કાચમાં થઇ સફેદ પ્રકાશનાં કિરણ એક સ્થળે એકઠાં થતાં નથી એવું જોયા પછી ન્યૂટને નિર્ણય કર્યો કે પ્રતિબિંબિત અરીસાના ધોરણ પર એક સારૂં દૂરબીન રચી શકાય. તરત તેણે છ ઇંચ લાંબી એક ભૂંગળીમાં એ નિયમો પર દૂરબીન બનાવ્યું. તે વડે ૪૦ ગણું મોટું દેખાતું હતું. આ રમકડા જેવા યંત્ર વડે એ યુવાન વૈજ્ઞાનિકે આકાશના ગ્રહ—ઉપગ્રહ અને તારા જોવા માંડયા. એ રમકડા વડે જ તેણે બૃહસ્પતિનો ગ્રહ તેના ચાર ચંદ્ર સાથે જોયો.

સામાન્ય રીતે બધાની બાબતમાં બને છે તેમ એ વેળાના ન્યૂટનના હરીફ વૈજ્ઞાનિકોએ પણ તેની પ્રકાશ વિષયની શોધ માટે ખૂબ ખળભળાટ મચાવી મૂકયો. પેલા કાચના હીરા તથા તેના ખૂણા માપવામાં ન્યૂટને ભૂલો કરી છે એવો ઘોંઘાટ કર્યો. પણ ન્યૂટન તો ઝૂડની જેમ જે વાતને ચોંટે તેને છોડે તેમ નહોતું. તેણે તો પ્રત્યક્ષ પ્રયોગો વડે બધું સિદ્ધ કર્યું હતું અને સત્ય સમજી લીધું હતું, એટલે એક વાર હાથમાં આવેલું સત્ય તે જવા દે તેવો નહોતો. તેની પાછળ તેના હરીફોએ ભસાય તેટલું ભસવા માંડયું. પણ ન્યૂટને તેની દરકાર જ ન કરી. વખત જતાં છેવટે તે સૌ શાંત થઇ ગયા.

અનેક બુદ્ધિમાનોની જેમ ન્યૂટન પણ દોષરહિત તો નહોતો જ. તેનામાં પણ કેટલાક દોષ હતા. એક તો તે કીમિયાગરીમાં માનતો. બીજું તે કાલ્પનિક ધાર્મિક અંધશ્રદ્ધા ધરાવતો. એક મિત્ર યુરોપના પ્રવાસે નીકળવાનો હતો તેને તેણે પત્ર લખ્યો કે 'લોઢું, ત્રાંબું કે એવી સામાન્ય ધાતુમાંથી સોનું બનાવવાનો ઘણો લાભદાયી કીમિયો યુરોપના કેટલાક દેશમાં હજુ છુપો પડયો છે. તે બને તો શીખતા આવજો.' આવી દેખીની એક બાળક જેવી મૂર્ખાઇ ન્યૂટન જેવો વિજ્ઞાનશાસ્ત્રી કેમ કરે તે સમજવા માટે આપણે યાદ રાખવું જોઇએ કે ન્યૂટનના સમયમાં કિમિયાગરી અને રસાયણશાસ્ત્ર એ બંને એક જેવાં ગણાતાં. વિજ્ઞાન પણ શરૂઆતની સ્થિતિમાં હતું. આજ તો કીમિયાગરે પણ આ જમાનામાં પોતાની પ્રતિષ્ઠા જમાવી દીધી છે અને કોઇ તત્ત્વ એક રૂપમાંથી બીજા તત્ત્વરૂપમાં ફેરવી શકાય છે એવો સિદ્ધાંત હાલ સ્થપાવા લાગ્યો છે, અને સારાસારા વિચારવંત વૈજ્ઞાનિકો જાહેર કરે છે કે કીમિયાગરોએ પારાનું સોનું બનાવ્યું છે. આ કીમિયાગર ન્યૂટનને આપણે આધુનિક અધ્યાત્મવાદી સર ઑલિવર લૉજ સાથે સરખાવી શકીએ. બંને વિજ્ઞાનમાં એક્કા છે. બંને પોતાના પ્રિય વિષયમાં અરધા સાચા પણ છે.

કેટલાક કહે છે કે એન્સ્ટીને સંબંધકતાનો સિદ્ધાંત સ્થાપીને ન્યૂટનને પછાત નાખી દીધો છે. છતાં હજુ વિશ્વનો ન્યૂટને રચેલા વખતના કોઠા પ્રમાણે હમેશ ધપ્યે જાય છે. એન્સ્ટીન પણ પોતે એટલું તો કબૂલ કરે છે કે મારા પુરોગામીઓએ સ્થાપેલા નિયમ બીનઉપયોગી નથી. ગ્રહો તેમના નિયમિત માર્ગે વિચરે છે ને ઝૂલતા ફરે છે; વજન ગતિ અને આકર્ષણના ન્યૂટને સ્થાપેલા સિદ્ધાંત પ્રમાણે સૂર્ય ચંદ્ર ને ગ્રહો આકાશમાં ફરી રહ્યા છે એ વાત પણ ખરી છે. એન્સ્ટીને જે નવાં સત્ય શોધ્યાં છે તેથી જૂના સિદ્ધાંતો અસત્ય ઠરતા નથી; ઊલટો તેને તો ટેકો મળે છે.

પ્રચલિત મત એવો છે કે ન્યૂટન ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતનો પહેલો શોધક છે. પણ આ વાત સાચી નથી. ત્યારે આ માન તેને કેમ આપવામાં આવે છે? આ પ્રશ્નનો ઉત્તર યુનાઇટેડ સ્ટે્સના ડૉ. પૉલ આર. હેઇલિ આપે છે કે 'પોતાના સમકાલીનોથી ન્યૂટનનું સ્થાન ઘણું ઊંચું હતું કેમકે તેનું ભેજું ફળદ્રુપ હતું ને કલ્પના વિશાળ હતી. તેની અગાઉનું વૈજ્ઞાનિક જ્ઞાન એટલે માત્ર ભિન્નભિન્ન વેરાએલી વાતો. પણ ન્યૂટને વિશ્વમાના ધૂમકેતુથી માંડી ખરી પડતા ફળ સુધીના સર્વ પદાર્થ ધ્યાનમાં લીધા અને તે સર્વને વિશ્વવ્યાપી ગુરુત્વાકર્ષણના નિયમની કસોટીએ ચડાવ્યા. તેનામાં સંયોજક બુદ્ધિ હતી પ્રવર્તીયમાન અંધાધુંધીમાંથી નિયમિતતા તેણે આણી. સૃષ્ટા તે બન્યો.'

ઓગણીસમી સદીમાં ડાર્વિનનું 'ઓરિજિન ઑફ સ્પીસીઝ' નામનું અપૂર્વ પુસ્તક બહાર પડ્યું ત્યાં લગીમાં ન્યૂટનના 'પ્રિન્સિપિયા' જેવું શકવર્તી પુસ્તક એકે બહાર પડ્યું નથી. ન્યૂટનનું પુસ્તક ભૌતિકશાસ્ત્રને લગતું છે ને ડાર્વિનનું પુસ્તક પ્રાણીશાસ્ત્ર સંબંધેનું છે. એના 'પ્રિન્સિપિયા'માં આપેલો વિશ્વનો ખ્યાલ આજે પણ મંજુર રાખવામાં આવે છે. વાચક પ્રશ્ન કરશે કે આ બધું કામ કંઇ ન્યૂટનનું મૂળભૂત નહોતું, છતાં તેની મહત્તા આટલી બધી? તેનો ઉત્તર એટલો જ છે કે બીજા માત્ર એ વિષયોમાં અનુમાન કરતા હતા, જ્યારે ન્યૂટને તેને અત્યંત જહેમતથી પ્રયોગો કરી બુદ્ધિ વડે તે સાબિત કરી આપ્યા. બીજા જે વખતે ભૂલભરેલા જ્ઞાનના કણ વીણતા હતા ત્યારે સત્યનાં મૂળ તત્ત્વો તેણે ચૂંટી કાઢ્યાં ને તે પર ઇમારત રચી.

વખત જતાં ન્યૂટનને એક પછી એક ઊંચાં માનપાન મળવા લાગ્યાં. અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે તે ગણિતનો પ્રોફેસર બન્યો; તે પછી તે પાર્લામેન્ટનો સભ્ય થયો ને મહારાણી એલીઝાબેથને હાથે નાઇટહૂડ —સરનો ખિતાબ—પામ્યો; રૉયલ સોસાએટી જેવા પ્રખ્યાત પ્રતિષ્ઠાવાન વિદ્વાન મંડળનો તે પ્રમુખ થયો; અને છેવટે શાહી ટંકશાળના મોટા ઉપરી અધિકારીનું પદ તેને પ્રાપ્ત થયું. ટંકશાળના ઉપરી તરીકે પણ તેણે ઉત્તમ કામ કર્યું. સિક્કા પાડવામાં તેણે ઘણા સુધારા કર્યા, અને કોઇ ખોટા બનાવટી સિક્કા ન પાડે તેવી રીતો શોધી કાઢી. હવે જગત જ્યારે ગુરુત્વાકર્ષણના પ્રશ્નો તેને પૂછતું ત્યારે આ ટંકશાળના ઉપરી સાહેબ ગભરામણમાં પડી જતા. તે એમ ધારતો હોય એમ લાગતું કે ટંકશાળ વધુ અગત્યનો વિષય છે અને ગુરુત્વાકર્ષણના પ્રશ્નો તો પોતાના ધંધાની ફરજ બજાવ્યા પછી ફુરસદના વખતમાં ચર્ચવા જેવા છે!

ન્યૂટન જિંદગી આખી અવિવાહિત જ રહ્યો હતો. નાનપણમાં પોતાની જે સોબતી બાળા—મિસ સ્ટોરીને માટે તેની ઢીંગલીઓનાં ટેબલ, કબાટ ને પલંગ તે બનાવી આપતો એ યુવતીએ તેના હૃદયમાં સ્થાન મેળવ્યું હતું. પણ તે તેને પરણી નહિ એટલે ન્યૂટને બીજે પરણવાનો વિચાર જ છોડી દીધો. પેલી બાઇ તો જોકે બે વાર પરણી હતી, છતાં તેના પ્રત્યે ન્યૂટનને સારો પ્રેમ હતો ને તે બાઇ છેક વૃદ્ધ થઇ ત્યારે પણ તેની અસહાય દશામાં ન્યૂટન તેને આર્થિક મદદ દેતો.

પંચ્યાશી વર્ષ જેટલા લાંબા આયુષ્યને અંતે પોતાની જાત વિષે ન્યૂટને જે વાક્ય કહ્યું છે તે આજે ઘણા ઊંચા પ્રકારના વિનયરૂપ લેખાયછે. તેમાં એટલું ડહાપણ રહેલું છે કે માણસ ગમે તેટલી વિદ્યા સંપાદન કરે છતાં તે કદી જ્ઞાનતીત ન થાય. આ રહ્યાં તે વાકયોઃ 'દુનિયાને મન હું કેવો યે લાગતો હોઇશ તેની મને ખબર નથી. પણ મને પોતાને તો હું માત્ર સાગરના કિનારાપર રમતા એક બાળક જેવો લાગું છું. આમતેમ ખેલતાંકુદતાં કોઇ સામાન્ય બાળક કરતાં મને કંઇક વધુ સુંવાળા ને સારા રંગીન પાંચીકા હાથ લાગ્યા છે એટલું જ; બાકી સત્યથી ભરેલો મહાસાગર તો હજુ આખો અણઉખેળ્યો પડ્યો છે.'

(અંગ્રેજી ઉપરથી) **રેવાશંકર ઓ. સોમપુરા.**


વિજ્ઞાનનો વિકાસ

યંત્ર, વીજળી, પદાર્થો અને રસાયણોનાં મિશ્રણો તથા સંયોગોથી નીપજેલા અદ્ભુત સિદ્ધાંતો, પ્રયોગો અને સાધનો વગેરેથી આ યુગ મનુષ્યના અભ્યાસનો એક અતિ આકર્ષક વિષય બન્યો છે. પણ આજની આટલી પ્રગતિમાન સ્થિતિ સુધી પહોંચતાં દરેક જમાનામાં તે તે યુગના થોકબંધ મનુષ્યોએ પોતાના જીવનના અખતરાઓ અને આપભોગથી એ પ્રગતિ માટે કેવો આકરો ને સમૃદ્ધ ફાળો આપ્યો છે તેનો લાંબો અને રસમય ઇતિહાસ જાણવાનું ગુજરાતી ભાષામાં એકેય પુસ્તક નહોતું. તે ખોટ આજે શ્રી સોમપુરાએ 'વિજ્ઞાનનો વિકાસ' લખીને પૂરી પાડી છે. પહેલેથી છેલ્લે સુધી વાર્તાની પેઠે વાંચી જાઓ એવી સરળ અને રસભરી શૈલીમાં આ અટપટો વિષય લખવા માટે સારૂં યે ગુજરાત તેમને અભિનંદન આપશે. જેના પાંચ મોટા ગ્રંથ બને એવા આ વિષયનું દોહન કરીને તેમણે તેને સવા ચારસો પાનામાં સમાવી દીધો છે એ તેમના વિષયના ગાઢ પરિચય અને અભ્યાસનું ફળ છે. 'કુમાર'ના વાંચનારા તો તેમના લેખોથી, તેમની લેખનશૈલીથી પરિચિત છે એટલે તેની સારી પેઠે કદર કરી શકશે. માત્ર અઢી રૂપિયામાં એ પુસ્તક મેળવવાને કોઇપણ પુસ્તકાલય કે કુટુંબે ઢીલ કરવી ન જોઇએ. દિલગીરી એટલી જ છે કે આવા ઉપયોગી પુસ્તક માટે જોઇએ તેવો ખર્ચ કરીને ઉઠાવદાર છપાઈ, સારા કાગળ, મજબૂત બાંધણી કે ચિત્રો વગેરેનો ખર્ચ લેખકને પોસાઈ શકયો નથી. ગુજરાતના શ્રીમાનો આવા ખૂણે પડેલા વિદ્વાનોને હાથ આપે તો તેમની કીર્તિ ચિરકાલિન બની રહે. લાભશંકર રેવાશંકર સોમપુરાને પરામાં, બોટાદ (કાઠિયાવાડ) એ સ્થળે લખવાથી પુસ્તક મળી શકશે.

જ્ઞાનલીલા

અષાડની જ્ઞાનલીલાના મળેલા જવાબોમાંથી બધા સાચા નીચેના તેર ભાઇઓના છે. જેઓ ગ્રાહક હશે તેમને ઇનામ મોકલાશે. (૧) રતિલાલ પંડિત–સાણંદ (૨) મુળશંકર મહેતા–ગાંફ (૩) હરકિસનદાસ સોની–પોરબંદર (૪) ઉમાકાંત શાહ–વડોદરા (૫) શંભુભાઇ પટેલ–નડિયાદ (૬) હરિલાલ પારેખ–ઘાટકોપર (૭) વસંતલાલ ગાંધી–મુલુંડ (૮) જગન્નાથ મહેતા–અમદાવાદ (૯) સોમાભાઇ પટેલ–નડિયાદ (૧૦) રણછોડભાઇ પટેલ–નડિયાદ (૧૧) રતિલાલ–અમરેલી (૧૨) ઉમિયાશંકર દવે–ઢીમા (૧૩) મહેન્દ્રલાલ નથવાણી–કેશોદ.

સમચોરસ ગોઠવવાનો છઠ્ઠો સવાલ મૂકવામાં થએલી બેઅર્થી વાક્યરચનાનો લાભ ઘણાને મળ્યો છે. ખરી રીતે તો સવાલમાં મૂકેલી આકૃતિના ટુકડા પાડીને નહિ પરંતુ એના જેવી આખી આકૃતિઓનો જ સમચોરસ ગોઠવવાનો હતો. જે રીતે સવાલ મૂકવામાં આવ્યો છે એ રીતે એનો જવાબ આપ્રમાણે: ત્રિકોણની બરાબર વચ્ચે કાપ મૂકી જમણી બાજુએ પડતો



ટુકડો ડાબી બાજુના ટુકડા ઉપર ગોઠવી દેવાથી સમચોરસ બની જશે. અમે માગ્યો હતો તેમ એવી આખી આકૃતિઓ-માંથી બનેલો સમચોરસ ઉપર બતાવ્યો છે. એમાં વીસ ત્રિકોણ જોઇએ. બીજા સવાલોના ખરા ઉત્તર નીચે મુજબ:

(૧) ગણિત–ગમ્મત: સોંઘવારીમાં ૫ રૂપિયા: હાલ ૧૦ રૂ. આપેલા. **(૨) એ શું?** (૧) **સાબર**મતી (૨) **હિંદુકુશ** (૩) **નાગપુર** **(૩) શબ્દ–ગોઠવણ:**

		પે	ર	**વી**		
		સુ	**ર**	ત		
અ	ધ	**મ**	થ	ક	ર	**જ**
કું	**ગા**	લ		પ્ર	**તી**	ક્ષા
મ	સ્ત	ક	વ	**ન**	સી	બ
		મ	**દા**	રી		
		સ	ત્ત	ર		

(૪) શબ્દ–ફેરવણી: કરાડી, કરાડ, કમાડ, કમાન, મહેમાન (બધા શબ્દો સામાન્ય નામ હોવાં જોઇએ. કેટલાક ભાઇઓએ 'કરાણી' વગેરે વિશેષ નામો કે ક્રિયાપદો વાપર્યાં છે એ ખોટું છે.) **(૫) શબ્દ–સાંકળી:** લવણ, વણકર, કરણ, રણમેદાન, દાનવ, નવતર, તરલ.

નીચે આપેલા નવા સવાલોના ઉત્તર ૧૦મી ઑક્ટોબર પહેલાં કુમાર કાર્યાલયમાં પહોંચી જવા જોઇએ.

નવા સવાલ

(૧) ગોઠવી આપો: નીચે પાંચ જાણીતાં કાવ્યોની પ્રથમ લીટીઓ ગૂંચવાઇ ગઇ છે: તમે તે સાચી ગોઠવી આપશો? (૧) ચારણલોટ ઝરાવીમાં (૨) ગલશૂકો વાજા વૈરાગ્યો જોરે કડચા (૩) ધારાસણ ભીથર જીવા માના કેવો કંટર હોસી! (૪) રાય તર ગજ વીજ જગુય (૫) નાકે નાગનું હઠ હડવું ભલું ઠયું


(૨) ગણિત–ગમ્મત: (૧) મને મારા શેઠે એક મકાન બંધાવવાનું કામ સોંપ્યું છે. મકાનના ખર્ચનું અંદાજ–પત્રક શેઠે નીચે પ્રમાણે આપ્યું છે: મકાન રંગાવવાનું તથા ચિત્ર-કામ કરાવવાનું મળીને રૂા. ૧૧૦૦નું ખર્ચ; ચિત્રકામ તથા લાકડાનું ખર્ચ બંને મળીને રૂા. ૧૭૦૦; લાકડાનું તથા લોઢાનું બંને ખર્ચ મળીને રૂા. ૧૧૦૦; લોઢાનું તથા સુથારનું ખર્ચ મળીને રૂા. ૩૩૦૦; સુથારનું તથા કડિયાનું મળીને રૂા. ૫૩૦૦નું ખર્ચ અને કડિયાનું તથા રંગવાનું બંને ખર્ચ મળીને રૂા. ૨૫૦૦ વળી એમ જણાય છે કે રંગવાનું ખર્ચ લોઢાના ખર્ચનો $\frac{2}{3}$ ભાગ થાય છે. કૃપા કરી તમે મને દરેક બાબતનું ખર્ચ જુદુંજુદું કરી આપશો?

(૨) **અંક–ગમ્મત:** પૂર્ણાંક સંખ્યાનો એક એવો ગુણાકાર શોધી કાઢો જેની ત્રણે રકમો—ગુણ્ય, ગુણક અને ગુણાકાર—માં મળીને ૧ થી ૮ સુધીનો દરેક આંકડો માત્ર એક જ વાર આવતો હોય. **(૩) એ શું?** (૧) એવી કઇ સંખ્યા છે જે તમારા વિચારમાં હમેશાં રહેલી જ છે? (૨) હિંદુઓની એવી કઇ જ્ઞાતિ છે જેની અંદર બે ભયંકર પ્રાણીઓ છુપાઈ રહે છે?

(૪) શબ્દ–ગોઠવણ: નીચેની સૂચના મુજબ બાજુએ
× . . આકૃતિમાં બધા શબ્દો સાચા ભરી કાઢશો એટલે
× . . ચોકડીથી બતાવેલી પહેલી હારમાં હિંદનું એક
× . . જાણીતું શહેર આવી જશે. શબ્દો ભરવામાં બે
× . . શરતો પાળવાની છે: આખી આકૃતિમાં એકપણ
× . . કાનો માત્ર કે હ્રસ્વ દીર્ઘ છે કે ઉ આવવા જોઇએ
× . . નહિ અને દરેક શબ્દમાં એકએક 'ર' આવવો જ
× . . જોઇએ. (૧) અવિનાશી (૨) એક ભૂચર પ્રાણી (૩) એક જળચર પ્રાણી (૪) રોગ; પીડા (૫) પોચું (૬) ઓશિયાળ; જરૂર (૭) એક ધાતુ.

(૫) શબ્દ–ફેરવણી: બાજુની આકૃતિમાં પાંચ ખાનાં આપેલાં છે. તેના પહેલા ખાનામાં 'રાવણ' શબ્દ મૂકેલો છે. તેમાંથી માત્ર એક જ અક્ષર બદલવાથી બનતો નવો શબ્દ બીજા ખાનામાં મૂકવો. એમ ફેરફાર કરતાં છેલ્લા ખાનામાં 'રક્ષક' લાવી દો.

રા	વ	ણ
ર	ક્ષ	ક



(૬) ઉપર બતાવ્યા મુજબની ત્રણ આકૃતિઓનાં દરેકનાં સરખી સંખ્યાનાં નંગ લઇને એક અષ્ટકોણ બનાવવાનો છે. તમે ઓછામાં ઓછાં કેટલાં નંગ લઈને બનાવી મોકલો છો?

દરિયાનો દાનવ

અનુસંધાન પૃ. ૩૨૯થી

૧૨

મેં લોઈદમાનને કહ્યું. 'દોસ્ત, તને વહાણોની શરતનો શોખ છે ખરું? હવે જોજે કેવી શરત દોડાય છે તે. હૉર્નના ભૂશિરની પેલે પાર જલદી પહોંચવામાં આપણા માટે જીવ સાટેનો ખેલ છે. દુશ્મન ક્રૂઝરોને જોકે ૧૫ દહાડા પછી આપણી ખબર પડવાની છે તોપણ ૩૦–૩૫ નૉટની એમની ઝડપ આગળ આપણે ક્યાંય રહી જશું.'

લોઇદમાન હમેશાં બહુ ઝડપથી વિચાર કરતો. એણે બીજો ભય સૂચવ્યો: 'હૉર્નના ભૂશિરની પેલે પાર આપણા માટે ક્રૂઝરો તૈયાર જ ઊભી હશે. પાસિફિકમાં આપણા પહોંચતા પહેલાં જ આપણા સમાચાર તાર અને વાયરલેસથી પહોંચી ગયા હશે. તોપણ એ ખબર પહોંચે તે આગળ આપણે હજારેક માઇલનો પંથ કાપી નાખીએ તો ઠીક ખરું.'

કાંગ્રોન રાગ્રો પહોંચે તે પહેલાં અમારે હૉર્નનું ભૂશિર વટાવી પાસિફિકમાં દાખલ થઈ જવું જોઇએ. એ તો દેખીતું જ હતું. હૉર્નના ભૂશિર પર બારે માસ સખ્ત તોફાન રહે છે, એટલે અમારે 'અલા બેલી' જ રહ્યો.

આખરે પખવાડિયા પછી પણ અમે તો હજુ દક્ષિણમાં જ હતા. તોફાન અવિરત ચાલુ હતું. દરરોજની પ્રગતિ ધીમે—અતિ ધીમે મપાતી હતી. ફૉકલૅન્ડ ટાપુઓની દક્ષિણે અમે આવી પહોંચ્યા ત્યાં સુધી હજુ કોઇ ક્રૂઝરનાં દર્શન થયાં નો'તાં એટલી જ નસીબદારી રહી હતી.

'તત્ તત્ તરાં–તત્ તરાં–તનત્ તરાં–તરાં તરાં...' વાયરલેસ ચમકવા લાગ્યો. 'ફરનાન્ડો નોરોન્હાથી દૂર રહેજો. જર્મન ક્રૂઝર મોવ્વે ત્યાં હોવાનું મનાય છે. વેપારી વહાણો ખબરદાર!'

વાયરલેસ ઑપરેટરે મને સંદેશો આપ્યો. અમારાં હૈયાં મગરૂરીથી ધડકવા લાગ્યાં. શાબાશ મોવ્વે! તારી કીર્તિ અમર રહો!

હૉર્નના ભૂશિરથી દૂર રહેવા માટે અમારે ઠેઠ દક્ષિણ મહાસાગરમાં પહોંચવું પડ્યું. તોફાન તો ત્યાં પણ ખૂબ હતું, છતાં માત્ર ત્યાં દક્ષિણમાં જ ક્રૂઝરોનો ભય કમ હતો. થોડાક દહાડા પાણીની ઝડી અને ધુમ્મસમાં અંધા પેઠે અમે હંકાર્યાં કર્યું. આવા સંજોગોમાં ઝડપથી જવું અસંભવિત હતું. પણ દક્ષિણ ધ્રુવના એ પ્રદેશમાં બીજા વધુ ભયંકર દુશ્મનો ભટકતા હતા.

'બરફડુંગર હો .. ઓ . ઓ . ઓ . . . !' પહેરેદારે ખબરદારી પોકારી. ધુમ્મસમાંથી દૂર જોવા યત્ન કર્યો. વાંઢાર લાંબી ઊંચી દીવાલ દેખાઇ. લંબાઇનો તો પાર નો'તો. ઊંચાઇ બસોએક ફૂટ હશે. એ ભયંકર દીવાલ અમારા તરફ ઝડપથી વધ્યે આવતી હતી. અમે પડખું ફેરવી તેના માર્ગથી દૂર હંકારવા માંડ્યું, પણ એ પહાડ તો અકલ્પ્ય વેગથી નજદીક ધસ્યો જ આવતો હતો. અરધા કલાકમાં તો એટલો પડોશમાં આવી ગયો કે એની અસરથી અમારા સઢમાં પવન પડી ગયો! જોકે એની પૂંઠે સખ્ત પવન ફૂંકાતો હતો, એટલે એ તો ખૂબ ઝડપથી વધતો હતો. એની ઊંચાઇ પાણી ઉપર બસો ફીટ હતી. દરેક જણ જાણે છે તે પ્રમાણે બરફ પાણી ઉપર એક દશમાંશ જ તરી શકે છે. એટલે એની ઊંડાઈ ૧૮૦૦ ફીટ પાણી નીચે હતી. લંબાઇ લગભગ ત્રણ હજાર ફીટ હતી. એનાથી નાસી છૂટવું બહુ મુશ્કેલ હતું. અમારાં એક હજાર હૉર્સપાવરનાં મોટર એન્જિનો જ આ વખતે બચાવે તો બચાય એવું હતું. ઇશ્વર પર ભરોસો મૂકી અમે ત્રાંસી દોટ દીધી.

પહાડ બહુ ઢુકડો થઇ રહ્યો. એ પર બેઠેલાં હજારો પંખીઓનો કલબલાટ સ્પષ્ટ સંભળાવા લાગ્યો. ભયંકર મોજાંઓ ઉપર ડોલતો એ ડુંગર આવતો હતો. એમાંથી કડાકાભેર ટુકડાઓ તૂટતા હતા અને નાની ટેકરીઓ બની છુટા તરવા માંડતા હતા. બેચાર ટેકરીઓ સાથે અથડાતાં ભીષણ અવાજ થતા હતા અને તેમાંથી વીજળી જેવા ચમકારા નીકળતા હતા. અમારી સ્થિતિ લાચાર હતી. એટલામાં અચાનક અને જબરદસ્ત આંચકા સાથે સી આડલરનું તળિયું થંભી ગયું. કઠણ જમીન સાથે સી આડલર લાગી ગયું હોય એમ લાગ્યું. એ પહાડનો પાણીની નીચેનો ભાગ બહુ આગળ હશે, પણ અમારાથી તે દેખી શકાતો ન હતો. બરફના નીચેના ભાગની એકાદ બાજુમાં અમે અથડાયા હતા. બીજી જ પળે સી આડલર તરતું તો થયું, પણ એક બાજુ સારું જેવું ગાબડું પડ્યું અને નીચે ભંડારિયામાં પાણી ઊભરાયું.

'પમ્પ .. પમ્પ . . . બધા પમ્પ પર . . . હોશિયાર.' સુકાન લોઇદમાનને સોંપી હું સૌથી પહેલો પમ્પ ચલાવવા દોડ્યો. અથાગ જહેમત પછી પાણી ઓ-

સરવા લાગ્યાં અને ગાબડું બંધ કરી શકાય એટલું ઉઘાડું થયું. ઇજનેરો સમારકામ કરવા લાગ્યા. દરમ્યાન લોઇદમાનના કુશળ સુકાને સી આડલરને એ પહા ના માર્ગથી દૂર કર્યું.

અમે હજુ પરસેવો લૂછ્યો ન હતો ત્યાં પહેરેદારે ફરી બૂમ પાડી 'ક્રૂઝર હો . . ઓ . ઓ . ઓ . . . . !'

૧૩

૨૩૦૦૦ ટનની ઑક્ઝીલિયરી ઓટ્રાન્ટો (જે આજે પી. ઍન્ડ ઓ. કંપનીની નોર્વે સર્વિસમાં સહેલાણી માટે ચાલે છે) અમારા તરફ ઉઘાડી તોપે ધસી આવતી હતી.

'વાયાં ચિકાર!' મેં હુકમ આપ્યો.

'ધામણ ચિકાર!' લોઇદમાને ત્રાડ મારી.

'ઘર્‌ર્‌ન–ઘરનન્‌. . . સ્ટીમ હૅાબ્બેશ.' ટેલિગ્રાફ વાગ્યો. મોત સાથેની અમારી પહેલી શરત શરૂ થઇ!

પૂર્વોત્તરો પવન ભયંકર ઝડપથી અમને આગળ ધકેલતો હતો. હજુ પેલો ગાંડોતૂર ડુંગર પડખે જ નાચતો હતો. હાથમાં દૂરબીન લઇને હું સ્થિર નજરે ક્રૂઝર તરફ જોતો હતો. એકસોંતે એ અમને જેર કરવા વધ્યે આવતી હતી.

'ખબા . . . આહિસ્તા . . . !' મેં કહ્યું. લોઇદમાન મારા તરફ મુંઝાઇને જોઇ રહ્યો. આવે વખતે પવન સામે થવું એમાં મોત જ હતું.

'ખબા . . . હૅાબ્બેશ . . . !' મેં ફરીથી કહ્યું. લોઈદમાને મને અર્થસૂચક નજરે સવાલ કર્યો. જવાબમાં મેં ફરી હુકમ કર્યો: 'ખબા ચિકાર!'

આવે વખતે લોઇદમાનની સલાહ મારે ખપ ન આવે. જે કંઇ ખોફનાક પરિણામ આવે તેની જવાબદારી મારી એકલાની જ રાખવી જોઇએ.

સી આડલર ગાંડા હાથીની પેઠે પાછું ફર્યું. જ્યાં ક્ષણ પહેલાં પેલો ડુંગર નાચતો હતો ત્યાં સી આડલર નાચવા લાગ્યું અને ઘેલુંતૂર બની દક્ષિણ તરફ ધસવા લાગ્યું. થોડી વારે અમારી અને ક્રૂઝર વચ્ચે પેલો પહાડ ડોલવા લાગ્યો. એ સીધો ક્રૂઝરને મળવા ધસતો હતો. હવે લોઇદમાન મારા હુકમનો મર્મ સમજ્યો.

બરાબર આ જ વખતે એક ભયંકર વાવાઝોડું તૂટી પડયું. ક્રૂઝર અમારા તરફ ધસતી અટકી. અધઘડી પછી તો એણે પૂઠ ફેરવી.

'દાઇ તોઇફલ—શયતાન!' અદશ્ય થતી ક્રૂઝર તરફ મુક્કો હલાવી લોઇદમાને કહ્યું.

'દોસ્ત, હજુ આપણું અન્નજળ ખૂટયું નથી. ખુદાએ આ પહાડ આપણા બચાવ માટે જ મોકલેલો!' મેં કહ્યું.

'દાઇ તોઇફલ.' લોઇદમાને ફરી કહ્યું. ઈશ્વરનો ઉપકાર માનવાની આ લોઇદમાનની રીત હતી!

૧૪

ઉઘાડ થતાં જોયું તો અમે નિર્મળ દરિયામાં સફર કરતા હતા. ક્યાંય બરફનું નિશાન ન હતું. ક્ષિતિજ સુધીમાં કોઈ ક્રૂઝરનો પત્તો ન હતો. અમે હવે બુદ્ધિબળ વાપરવા માંડયું. દર વખતે ક્રૂઝર માટે બરફના પહાડ અલ્લા ન મોકલે એ દેખીતું હતું.

સી આડલર ઉપર વીસ લાઇફબોટ હતી. આમાંથી અમારી દસ હતી; બાકીની દસ તો કેદ કરેલાં વહાણોની હતી. એ દસેની અમને જરૂર ન હતી, એટલે અમે એને ભાંગી તોડી દરિયામાં પધરાવી. પણ તે પહેલાં દરેક ઉપર સી આડલરનું નામ સ્પષ્ટ લખ્યું! સાથે બીજો પણ કેટલોક રદ્દી સામાન દરિયામાં ફેંક્યો. ઓટ્રાન્ટો આટલામાં જ અમારી તલાશ કરવાની એની અમને ખાતરી જ હતી. એણે અમને પવનના જોરે દક્ષિણ સમુદ્ર તરફ બરફના પહાડો વચ્ચે ધસડાઇ જતાં જોયા હતા, એટલે છેલ્લા તોફાનમાં અમારો નાશ થતો એણે નજરે જોયો કહેવાય. અમે દરિયામાં અમારા નામના થોડાક લાઇફબેલ્ટ પણ નાખી દીધા, થોડાંક કપડાં ને થોડુંક ફરનિચર નાખ્યું અને એ દિશામાંથી ઝટ દૂરદૂર રવાના થઇ ગયા.

હૉર્નનાં ભૂશિર વટાવ્યા પછી ચૌદે દહાડે આની અસર થઇ.

'તતત્‌ તરાં–તતત તરાં–તરાં તત્‌ તરાં–તરાં તરાં તત્‌–તતત્‌ . . . સી આડલરનો તાબે થયા વિના ઊડતે ઝંડે નાશ થયો છે. કમાન્ડર અને થોડાક ખલાસીઓને જીવતા પકડી મોન્ટેવીડિયો કેદી તરીકે લઇ જવામાં આવ્યા છે.'

'ઓત્તારી!' લોઈદમાને કહ્યું. પોતે પકડાઇ જવાના ખબરથી એને બહુ જ રમૂજ ઊપજી.

'જ્હૉન બુલ પૂરો હોશિયાર છે. આ એની યુક્તિ છે. ઓટ્રાન્ટો ક્રૂઝરે સામાન મેળવ્યો અને આપણો નાશ થયાની ખબર કરી પછી જો એમ કહે કે કમાન્ડર અને ખલાસીઓ કોઇ પકડાયા નથી, તો પહેલાં

તો બ્રિટિશરોની બહાદુરીને લાંછન લાગે; અને બીજું. કદાચ સી આડલર નહિ પણ કોઇ ભળતું જ વહાણ નાશ પામ્યું હશે એમ લોકો કલ્પે, અને તેથી, રખે સી આડલર હજુ જીવતું હશે એ બીકે વીમાના બજારમાં તેજી ચાલુ રહે!' મેં મારો તર્ક કહ્યો.

'તો આપણે—' લોઇદમાને દાઢી પસવારતાં કહ્યું, 'આપણે હવે એ તેજી કાયમ રાખવી જ જોઇએ!'

એણે અમારા વાયરલેસ ઑપરેટરને બોલાવ્યો અને ધીમે ધીમે પોતાની યુક્તિ સમજાવી. ઑપરેટરના ચહેરા ઉપર હાસ્ય ફરકવા લાગ્યું. થોડી વારે અમારી આસપાસ બસ્સો માઇલના ઘેરાવામાં ફરતી ક્રૂઝરો, સ્ટીમરો અને વહાણોના વાયરલેસ ચમકવા લાગ્યા:

'તરાં તનત્-તરાં તરાં તત્-તરાં તનત્-તરાં . . . અક્ષાંસ ૩, પોર્ટ સ્ટૅનલી—'

અનેક બ્રિટિશ કૅપ્ટનો, વાયરલેસ ઑપરેટરોના ટેબલ ઉપર આતુરતાથી નીચા નમી, એની પેન્સિલની વાંકીચૂંકી ગતિ ઉપર ઝડપથી આંખ ફેરવવા લાગ્યા હશે.

'તત્ તરાં-તનતત્ તરાં-તરાં તત્ત તતત્ . . . જર્મન સ . . બ . . મ . . . ' સંદેશો એકદમ કપાઈ ગયો. ઑપરેટરોની પૅન્સિલ ઊભી રહી ગઈ:

વાયરલેસ એકદમ શાંત થઇ ગયા. ઑપરેટરોએ બે ક્ષણ કાનપરની ડાબલીઓ સરખી કરવામાં કાઢી, પોતાના સાંચા ઠીક છે કે નહિ તે જોયા, સામે બેત્રણ સૂર મોકલ્યા પણ વાયરલેસનાં મોં બીલકુલ બંધ થઇ ગયાં.

કોઈ ક્રૂઝરે તુરત જવાબ આપ્યો અને અમારા વાયરલેસે તે જવાબ નોંધ્યો: 'જર્મન સબમરીન દેખાઇ છે; વેપારી વહાણો તાબડતોબ દૂર થઇ જાય; હું તપાસ કરવા જાઉં છું; વધારે ખબર પાછળથી મોકલું છું. બનવાજોગ છે કે હમણાં મળેલો વાયરલેસનો સંદેશો પૂરો થાય તે પહેલાં જ સબમરીને એના વાયરલેસના સંચા ઉપર બાર કર્યો હોય. . . .'

લોઇદમાન લશ્કરી અદાથી મારી સામે ઊભો રહ્યો અને હાથ સલામ પર રાખી બોલ્યો, 'જનાબે સદર, પાસિફિક વહાણવટા માટેના વીમાના દરમાં ફરી મોટો ઉછાળો આણવાનો બંદોબસ્ત કર્યો છે!'

'શાબાશ, લોઇદમાન! આપણો ખેલ ખરેખર બુદ્ધિનો છે અને તારી હોશિયારી કમાલ છે.' મેં ગંભીરતાથી તેનો આભાર માન્યો!

૧૫

આ અરસામાં અમે અનેક ખબરો સાંભળી. વાયરલેસ ઑપરેટરની કૅબિન નરી તારઑફિસ બની ગઇ હતી. ખાસ સંદેશાઓ તો ક્રૂઝરોમાંથી જ આવતા. અમે ઉત્તરે ચીલ તરફ જતા હતા. અમારી પાડોશમાં કૅન્ટ ક્રૂઝર હતી તેના સંદેશા * ચાલુ મળ્યા કરતા હતા. અમેરિકા લડાઇમાં જોડાવા વિષેના ખબરથી અમને બહુ અફસોસ થયો. હવે અમારે માટે ભરી દુનિયામાં આશરો લેવા કોઇ અપક્ષપાતી બંદર ન રહ્યું. થોડાંક બંદરોમાં જઇએ એવું હતું, પણ ત્યાં સગવડ ન મળે. અને એ બધાં બે ઘડી આરામ લેવા દે એવાં તો નહિ જ. અમે ત્યાં જઇએ કે તરત અમારો શિકાર શોધતાં ક્રૂઝરોનાં ટોળાં ગીધ પેઠે ત્યાં આવી જ પહોંચે.

અમે આથમણા વધવા માંડયું. હવાઇના ટાપુની ખૂબ દક્ષિણે જઇ અમે શિકારની શોધ માંડી. અમને હવે અમેરિકન વહાણો પકડવાની પણ છૂટ હતી એટલો ફાયદો થયો કહેવાય.

અહીં અમે ત્રણ વહાણો પકડયાં: 'એ. બી. જ્હૉનસન', 'આર. સી. સ્લેડ' અને 'મનીલા'. અમારા કેદીઓમાં ૪૫ માણસો, એક સ્ત્રી અને એક પાળેલું ઓપોસમ § એટલાં હતાં. ત્યાર પછી અમને એક પણ શિકાર ન મળ્યો.

આખો દહાડો અમે શાર્ક માછલી સાથે રમતમાં કાઢતા. દરિયાના ખેડુઓને આ માછલી તરફ જેટલો વૈરભાવ હોય છે તેટલો બીજા કશા તરફ નથી હોતો. અવારનવાર દરિયામાં તરવાની અમને લાલચ થાય, પણ આ દુશ્મનની બીકે અમારે બેસી રહેવું પડે. શાંત,

* કાઉન્ટ લ્યૂકનેરનો અહેવાલ પ્રગટ થયા પછી બ્રિટિશ ક્રૂઝર લૅન્કાસ્ટરના કૅપ્ટન ફિલિપ્સે છાપામાં પત્ર લખ્યો હતો, તેમાંનો એક ઉતારો આ સ્થળે આપવા જેવો છે. (સુકાની)

'. . . અમારી નજરે પડયા વગર પોતાના વહાણને પસાર કરી જવા માટે કાઉન્ટ લ્યૂકનેરને હું મુબારકબાદી આપું છું. એને પકડવા માટેના પ્રયત્નોમાં અમે કંઇ બાકી રાખ્યું ન હતું . . . આ સંદેશાઓ લૅન્કાસ્ટર ક્રૂઝરના હતા, કૅન્ટના નહિ. લૅન્કાસ્ટરનો હું તે વખતે કમાન્ડર હતો. ચીલને કંઠારે આથમણી દિશામાં અમે હતા ત્યારે ૧૦૦ ગાઉ આશરેથી લ્યૂકનેર પસાર થઇ ગયો. . . . (-ન્યૂ યૉર્ક સન, તા. ૨૪મી મે ૧૯૨૮)

§ ઉંદર જેવું કાંગારૂની જાતનું પ્રાણી જેનું થોડું સચિત્ર વર્ણન વૈશાખના 'કુમાર'માં આવી ગયું.

સ્વચ્છ, ઠંડા પાણી તરફ અમારી નજર પડે, અમને મનમાં કેવી યે આશા બંધાય, ત્યાં આ ભૂંડા દુશ્મનનું દેગચીના તળાં જેવું મોં દેખાય જ. શાર્ક માછલી માણસ તરફ સદા ભૂખથી જ જુએ છે. 'ક્યારે આ પાણીમાં પડે અને હું એને ખાઉં?' એવો જ ખ્યાલ રાખીને એ રાતદિવસ માણસ તરફ તાક્યા કરે છે.

અમારા ખલાસીઓની એક ગમ્મત એવી હતી કે બને તો નાની નાની શાર્કને ભાલાંથી કે બીજી રીતે પકડે. પછી બે માછલીઓની પૂંછડીઓ સિકડીને બાંધે અને બંનેને તરતી મૂકી દે. દરિયામાંની ખેંચ-તાણથી એમને રમૂજ તો પડે જ. અથવા કોઈ મોટી શાર્ક પકડાય તો એની પૂંછડીએ મોટું સીલબંધ પણ ખાલી પીપ બાંધી એને દરિયામાં નાખે. શાર્ક ગમે તેટલી ડૂબકીએ મારે, પણ પેલું પીપ એના વાંદારને નીચે જવા જ ન દે! બીજી કેટલીક ક્રૂર રમતોમાં એક એવી હતી કે નાનકડા બૉમ્બને ડુક્કરના માંસમાં સંતાડી દરિયામાં નાખે. શાર્ક એ ગળી જાય પછી થોડી વારે એના ટુકડા ઊડી જાય!

પાસિફિકમાં આમ પાંચ મહીના નીકળી ગયા, જેમાં ઉપર કહેલાં ત્રણ વહાણ જ હાથ લાગ્યાં હતાં. આજ સુધીમાં અમે ૩૫૦૦૦ માઈલની મુસાફરી કરી હતી. તાજો ખોરાક ન મળવાથી માણસોમાં રોગ ઊભરાવા લાગ્યો. મહિનાઓ થયાં તાજું પાણી પીધું ન હતું, જમીન પર પગ મૂક્યો ન હતો.

છેવટે ૧૯૧૭ના જુલાઈની ૨૯મી તારીખે અમે મોપેલા ટાપુ પાસે આવ્યા. એના સૌંદર્યનું વર્ણન કરવું અશક્ય છે. બ્લ્યૂ મહાસાગરમાંથી એ લીલોછમ ટાપુ ઊગી નીકળ્યો છે. ત્યા સૂર્યનો પ્રકાશ સુદ્ધાં લીલો થઈ જાય એટલી વિપુલ લીલોતરી છે. ટાપુની બહાર પરવાળાંના ખડક છે. આવા એક ખડક સાથે વહાણ-ને લાંબે રસ્સે બાંધી અમે લાંગર્યું અને એ ટાપુ પર જવા ઉપડ્યા.

બેચાર દિવસ અમે ખૂબ સુખમાં ગાળ્યા. દરરોજ કાંઠે જઈએ; ખાઈએપીએ, દોડીએ, નાચીએ ને મજા કરીએ.

ઑગસ્ટની બીજીએ અમે કાંઠે જવા તૈયાર થતા હતા, એવામાં સવારના સાડા નવે દરિયાના ઊગમણા પટ ઉપર એક અજાયબીભરી ધાર દેખાઈ. મેં મારા અમલદારોને બોલાવી એ દેખાડી. પહેલાં તો અમે ઝાંઝવાં ધાર્યાં, પણ ધીમેધીમે એ ધાર નજદીક દેખાવા લાગી અને એની ઊંચાઈ વધવા લાગી. એકદમ સૌ ફડકાથી બોલી ઊઠ્યા: 'ભરતીઓ મોજો!—પહાડી મોજો!' (Tidal wave) * અમે ટાપુ અને મોજાની વચ્ચે હતા, અને અમારી ને ટાપુની વચ્ચે ખડકો હતા. બંને બાજુએ મોતની તીક્ષ્ણ દંતાવલિ જ હતી.

'લંગરના રસ્સા કાપો—એન્જિન ચલાવો—બધા તુતક પર હાજર—ખબરદાર!'

સઢ ચડાવવાનો સવાલ જ ન હતો. એક જ સપાટે પવન અમને ખડક પર અફાળી નાખે. કમ-ભાગ્યે એન્જિનોમાં બરાબર આ જ ઘડીએ ખોટકો થયો. ઇજનેરો તન તોડી મથવા લાગ્યા. પણ એ-ન્જિન ગરમ થાય તે પહેલાં તો મોજો ધસી આવ્યો!

પહાડી ઊંચાઈ અને લાખ્ખો હાથીનું બળ. જમીન પર રહેનારાને આ મોજાનો સ્વપ્ને ય ખ્યાલ ન આવે. ફૂલ ઊંચકાય તેમ સી આડલરને એના લોખંડી દસ્તે ઊંચકી લીધું અને કડાકાભેર ખડકો ઉપરથી ઘસડવા માંડ્યું. તે જ ક્ષણે અમારા ડોલ, કૂવા, થંભ બધું સળેખડાં પેઠે તૂટી ગયાં. રસ્સાઓના કાચા સૂતર પેઠે ટુકડા થઈ ગયા. સી આડલરના લોખંડી પરમીલ (Pore)ના ઘાથી ખડકના ટુકડા થઈ ચારે કોર ઊડવા લાગ્યા. સી આડલર સુકાનથી છુટા થએલા વાંઢાર ઉપર સીધું ઊભું થઈ ગયું, અને એનું તળું દરિયાની સપાટીની સમરેખામાં હોવાને બદલે ખડક અને આકાશને સાંધતી રેખામાં ખડું થઈ ગયું!

અધઘડી પછી મોજો વહી ગયો. અમે ખડક ઉપર સુકા અને ઊંચા ભેખડાઈ રહ્યા હતા.

'જવાનો, તમે ક્યાં છો?' કઠોડા ઉપર વાંદરા પેઠે લટકતાં મેં પૂછ્યું.

'અમે અહીં જ છીએ—અને ઓકના વૃક્ષ પેઠે અડગ છીએ!' નીચેથી અસંખ્ય અવાજો આવ્યા.

ઓક પેઠે અડગ! મારા બહાદુર ખલાસીઓના આ શબ્દને મેં મારા જીવનનો મુદ્રાલેખ બનાવ્યો છે. અમે ખડક ઉપર લાધી ગએલા હતા છતાં જીવતા હતા,—અને ઓક પેઠે અડગ હતા.

૧૬

છેલ્લું જર્મન સંસ્થાન! પાસિફિક મહાસાગરની મધ્ય-

* આવા મોજા ધરતીકંપ કે જ્વાળામુખીથી થાય છે.

માં, એ પરવાળાના ખડકો વચ્ચે, અમે એ સ્થાપ્યું. ખડક પરના સૌથી ઊંચા તાડ ઉપર જર્મનીનો શાહી લડાયક ઝંડો ઊડતો કર્યો. સંજોગોથી હું એ સંસ્થાનનો વાઇસરૉય બન્યો. મારાં માણસો અને કેદીઓ જર્મનીની 'દરિયાપારની' છેલ્લી પ્રજા બન્યાં! પરદેશ ખાતાં દ્વારા સંબંધ બાંધવા માટે આસપાસનાં કનક જાતિનાં માણસો હતાં. લોઇદમાન મને મોપેલિયા સંસ્થાનનો વાઇસરૉય કહેતો. પણ મારા એક અમેરિકન કેદી કૅપ્ટને મારું નામ 'દરિયાઇ દાનવરાજ' (Sea Devil) પાડ્યું. આ નામ મને હમેશ માટે ચોંટ્યું!

મારા સંસ્થાનને મેં સી આડલર પેઠે વ્યવસ્થિત કર્યું. લાકડાં, સઢ અને જાળીનાં અમે ઝૂંપડાં બાંધ્યાં. અમેરિકનોએ પોતા માટે જુદી હાર બંધાવી, અને એ ઝૂંપડાં વચ્ચેના રાજમાર્ગોને નામ પણ આપ્યાં. એમાં બ્રૉડવે, સ્ટેટ સ્ટ્રીટ, પેનસિલ્વાનિયા ઍવૅન્યૂ, બાઅરી, વગેરે હતાં. દરેક ઘરમાં સી આડલરનું ફર્નિચર પણ વસાવ્યું. દૂર એક દેવળ બાંધ્યું. એક ઠેકાણે અમારો વાયરલેસ ઊભો કર્યો અને દરરોજ તાજા સમાચારનું વર્તમાનપત્ર બહાર પાડવા માંડ્યું. એમાંથી અમેરિકનોને ન કહેવા જેવા ખબર હું 'સેન્સોર' કરતો. મારા ઘરમાં દારૂગોળો, તોપ, બૉમ્બો, બંદૂકો, પિસ્તોલો માટે એક ખાસ ઓરડો બાંધ્યો. એની આસપાસ સંત્રીઓની ચોકી બેસાડી. તેવી જ ચોકી વાયરલેસ સ્ટેશન ઉપર બેસાડી. અને આ અમારા સુંદર શહેરનું નામ રાખ્યું 'સી આડલરબર્ગ'—દરિયાઇ ગરુડની નગરી.

ખાવાને તાજાં માછલાં, કરચલા, જંગલી ભૂંડ, નાળિયેર ને તાડનો કૂંળો ગર્ભ વગેરે હતાં; પીવા માટે તાજું પાણી હતું. ખુલ્લી હવા હતી, તાજા સમાચાર મળતા, સુંદર ફૂલો મળતાં અને વ્યવસ્થિત રાજ્યમાં મળતાં બધાં સુખ ત્યાં સુલભ હતાં. છતાં મારો જીવ બહુ ખિન્ન થતો રહ્યો. રોજના સમાચાર મારા દેશ માટે અશુભ ખબર લાવતા હતા. મારો દેશ જ્યારે દરેક સંતાનની કુરબાની માટે પોકાર કરતો હોય ત્યારે હું બેસી કેમ શકું? કોઇ પણ પ્રકારે ફરી દરિયા ઉપર બહાર પડવાનો મેં નિશ્ચય કર્યો. લોઇદમાન સાથે સલાહ કરી અને સી આડલરબર્ગમાં ત્રણ અઠવાડિયા રાજ કરી મેં ફરી ઝંપલાવ્યું.

આ વખતે મારી પાસે સી આડલર ન હતું, પણ એક નાનકડી હોડી તો હતી જ. એની લંબાઇ ફક્ત છ વારની હતી. પાણીથી તે માત્ર એક ફૂટ ને બે તસુ જ બહાર રહી શકતી. સારી ઋતુ હોય તો પણ એ રોજ ચાળીસ બાલદી પાણી સાંધા વાટે અંદર પી લેતી, અને ખરાબ ઋતુમાં તો એ પાણીથી જ ભરાઇ જતી! પણ પેલી સુખની જિંદગી તો હું સહન ન જ કરી શકું. આ હોડીમાં દેશ માટે લડતાં મરવું, પણ ટાપુ પર હાથપગ બાંધી બેસી તો હરગીઝ ન રહેવું એ નક્કી જ.


હોડીને અમે સઢ નાખ્યો, તીર નાખ્યો, એને સાંધેસાંધે ડામર ભર્યો. છ જણને ઘણા દહાડા ચાલે એટલાં ખોરાકપાણી એમાં ભર્યાં, હથિયાર ભર્યાં, હાથે વગાડવાનું એક વાજું ચડાવ્યું; અને એના મોરાના ફણા નીચે સુંદર અક્ષરે નામ લખ્યું: 'ક્રીન. પ્રેસેઝીન સૅસીલિ'—મહારાજકુમારી સૅસીલિયા.

મારી સાથે આવવા બધા જ હોંસાતોસી કરવા લાગ્યા. સૌથી સશક્ત એવા છ મેં પસંદ કર્યા: લોઇદમાન, કર્ચિસ, ઇજનેર ક્રૉઉસ, તંડેલ પારમીઅન અને ઍર્દમાન.

અમારી 'મહારાજકુમારી' આખા મહાયુદ્ધમાં સૌથી નાની ક્રૂઝર હતી. 'અલ્લા બેલી' કહી દક્ષિણ મહાસાગરમાં અમે ફરી ઝંપલાવ્યું.

૧૭

મહારાજકુમારી નાનકડી, કાચલી જેવડી જ હતી. છ પક્કા જવાનો જરા વધુપડતી હીલચાલ કરે તો એ ડોલવા લાગતી. ચાર જણ માંડ ટૂંટિયાં વાળી સૂઇ શકે, તેથી બે જણ હમેશાં પહેરેદારી કરે એમ ઠેરવ્યું. હોડીની વચ્ચે પાણીનાં પીપ મૂક્યાં. બચત સઢ, રસ્સા ત્યાં જ મૂક્યા. ૨૩મી ઑગસ્ટ ૧૯૧૭ની ઊજમાળી પ્રભાતે અમે સઢ ખોલ્યા. કહારને પૂઠ દઇ અમે પરવાળાનાં દ્વાર વટાવ્યાં. ત્યાં સી આડલર જખમી જોધા પેઠે પડ્યું હતું. ભરતીનાં જોવાળ ચડતાં હતાં અને એની બે ય બાજુ ભેખડિયા મોજા પથરાઇ જતા હતા. અશક્ત અને મરણોન્મુખ માણસ છેલ્લું જોર અજમાવી બેઠો થવા યત્ન કરતો હોય તેમ એનું પડખું પાણીમાં જરા ઊંચું થયું, એના ભીતરમાંથી ઊંડી અરેરાટી સંભળાવા લાગી, એનાં ખુલ્લાં દ્વારમાં સૂસવતો પવન દુઃખદાયક ચિત્કાર કરવા લાગ્યો. જાણે અમને જતા



નાનકડી 'મહારાજકુમારી': જેમાં છ જણા સાથે લ્યૂકનેર દક્ષિણ મહાસાગર સોંસરા બે હજાર માઈલ ખુંદી વળ્યો.

જોઈ એને દુઃખ થતું લાગ્યું. અમને પણ બહુ ખેદ થયો.

'વિદાય આપ, વહાલા સી આડલર!' મેં ગદ્‌ગદ કંઠે કહ્યું, 'આ કદાચ આપણી અંતિમ મુલાકાત છે. તારા સઢે છેલ્લો શ્વાસ ભરી લીધો છે; તારા મોરાએ દરિયાના અમૃતની છેલ્લી અંજલિ પી લીધી છે; તારા તુતક પર હવે સંગીતના સૂર નહિ સંભળાય; તારા ડોલ પર હવે જર્મનીનો મગરૂર ઝંડો નહિ ફરકે. સી આડલર, અમારા વહાલા સાથી, તારૂં જીવન તેં ધન્ય કર્યું છે. તારી કીર્તિ અમર રહેશે!'

મેં ટોપી ઉતારી સી આડલરને નમન કર્યું. બધાએ તેમ કર્યું અને દૂર દરિયા તરફ નજર ફેરવી લીધી. અમારી બધાંની આંખોમાંથી આંસુ ટપકતાં હતાં. પોતાનો ભાવ કોઈએ છુપાવવાની દરકાર સુદ્ધાં ન કરી.

અમે કૂક ટાપુઓ તરફ જવા સુકાન માંડ્યું. અમારી યોજના હવે મેં મારા સાથીઓ પાસે રજૂ કરી: 'જે બંદરે વહાણો લાંગરે છે ત્યાં આપણે જશું. પછી સારૂં વહાણ પસંદ કરી ત્યાં નજદીકમાં લાંગરી પડશું. તક જોઈ વહાણ પર બધા ચડી જજો. આવાં કામ માટે રાતના સાડા ત્રણનો વખત બહુ સરસ કહેવાય છે. બે જણા અમલદારોની કોટડી પાસે જાય, ચાર જણા ખલાસીની કોટડી પાસે જાય. પહેલાં આસપાસ પડેલાં હથિયારો કબજે કરવાં, પછી કમરબંધ સ્વાધીન કરવા, પછી ત્યાં ખીંટીએ લટકતી પાટલુનો કબજે કરવી;–આટલું કરી એક ખોટો બૉમ્બ ફોડવો, એટલે સૌ ગભરાટમાં પડશે. જેમ બને તેમ અવાજ, ધડાકા વગેરે ખૂબ કરવા. અને ત્યાં સુધી તો આપણા હાથે કોઈનું મોત ન કરવું, પરંતુ છેવટે ન છૂટકે એ કરવું પણ વહાણનો તો કબજો લેવો જ.'

આમ વાતો કરતા અમે ચાલ્યા. રોજ માંડ ત્રીસ ગાઉનો પંથ થાય. જેવીતેવી ઉકાળેલી કાફી અને સુકા માંસ ઉપર ત્રણ દહાડા કાઢ્યા. સવારના ખારા પાણીથી મોં ધોઈ, પરવારી, નાસ્તો કરી લેતા. પછી વારાફરતી પહેરો. દરમ્યાન એક જણ કૈંક વાંચે. આખો દહાડો જર્મની વિષેની વાતો ચાલે. રાતના પેલું વાજું અને છ રીંછ જેવા જર્મન ખલાસીઓનો કંઠ. ખૂબ ગીતો ચાલે. ત્રીજે દહાડે અમે અત્યુ (Atiu) ટાપુ નજર કર્યો. કોઈ વહાણ ત્યાં ન દેખાયું. કદાચ તુરતમાં કોઈ આવવાનું પણ હોય. વળી અગારે પગ લાંબા કરવા હતા. અત્યુ બ્રિટિશ ટાપુ છે, પણ અમે ખુશખુશાલ એના બારામાં દાખલ થયા.

તાજું પાણી અને વનસ્પતિ જોઈએ જ, નહિતો સ્કર્વી અને બેરીબેરીનો રોગ અમને છોડે જ નહિ. ટાપુ ઉપર બ્રિટિશર તો એકાદ હશે; બીજા બ્રિટિશ કરતાં પણ વધારે વફાદાર દેશીઓ હશે. પણ છ જર્મન બચ્ચા શું ન કરી શકે? અમે નરમ કંઠાર પર અમારી મહારાજકુમારીને લાંગરી અને કાંઠે ઊતર્યા.

૧૮

ગામડાના દેશીઓ અમને ઘેરી વળ્યા. એક જ બ્રિટિશ અમલદાર લાંબી આરામ ખુરશી પર પડ્યો હતો. ગરમ પ્રદેશની આળસાઈમાં એ કટાઈ ગયો લાગ્યો.

હું ને કર્ચિસ એની પાસે ગયા. 'મારૂં નામ વાન હૂટન' મેં કહ્યું; 'અને આ મારો દોસ્ત સૂધાર્ટ છે.' અંગ્રેજ મારા તરફ શકથી જોઈ રહ્યો. લડાઈના વખતમાં અંગ્રેજના મગજમાં શંકા સિવાય બીજું કશું જ હોતું નથી.

હવે કર્ચિસે કહ્યું: 'અમે અમેરિકન છીએ; જાતે ડચ છીએ. થોડા મહિના ઉપર સાનફ્રૅન્સિસ્કોની હૉલૅંડ કલબે શરત ગોઠવી હતી કે અમારે હોનોલૂલૂથી કૂક ટાપૂ અને તાહિતીથી ફરી હોનોલૂલૂ નાનકડી હોડીમાં સફર કરવી. ૨૫૦૦૦ ડૉલરનું ઇનામ અમે જીતવાના છીએ. મહેરબાની કરી તમે અમને પ્રમાણપત્ર આપશો કે અમે તમારી હકુમતમાં આવ્યા હતા?'

અમલદારે બગાસું ખાધું અને કહ્યું: 'આવાં કામોમાં ઝંપલાવનાર માણસની સાત પેઢીમાં બધા

ગધેડા જ જન્મ્યા હોવા જોઇએ.'

'એમ હોય પણ;' કર્ચિસે ભયંકર મિજાશથી કહ્યું: 'તેમ અમને તાજું પાણી અને થોડાંક ફળ-શાક જોઇશે.' પણ આ અમલદારને તો ઊંઘવું હતું. એટલામાં એક પાદરીબાવા આવી ચડયા. પેટ સુધીની દાઢી હતી. એ ફ્રેંચ મિશનરી હતો.

'આલોં આલોં—પધારો પધારો;' પાદરીએ કહ્યું: 'અહીં તમે ક્યાંથી? તમારે મારે ત્યાં આવવું જ પડશે. તમે અમેરિકન છો? બહોત ખૂબ. તમે તો લા ફ્રાંસ માટે લડો છો ને? હું સર્ટિફિકેટ મંગાવી દઇશ. મારે ત્યાં એકાદ પ્યાલી લીધા વગર જવાય જ નહિ તો!'

આમ અહીંથી અમે છૂટયા અને તાજો સામાન ભરી આગળ ચાલ્યા. હવે અમે ઐતુતકી (Aitutaki)નો માર્ગ લીધો. અમે કંઠાર પાસે જ હંકારી શકીએ એ તો દેખીતું જ હતું; છતાં કંઠાર પાસે પણ એ બાજુના દરિયામાં ભય ઓછો નથી. ત્યાં વરસાદ ખૂબ પડે છે અને દરિયો ઘટ્ટ (heavy) રહે છે. અવારનવાર મછવો પાણીથી ભરાઈ જવા લાગ્યો. અમારૂં ખાવાનું, ઓઢવાનું, પાથરવાનું, પહેરવાનું બધું ભીનું થઇ ગયું. માત્ર ફોટોગ્રાફનો સામાન વગેરે હવાની ટાંકીઓમાં બંધ કરેલું એટલું બચી શકયું.

એક દહાડો અહીંના ભાગમાં દરિયાઇ સફરીઓને મળતો અતિ ભયંકર અનુભવ અમને થયો. પ્રથમ તો પાણીના સપાટી ઉપર ઝીણાં ઝીણાં વરાળ જેવાં ફોરાં ચક્કર ચક્કર ફરવા લાગ્યાં. આસ્તે આસ્તે ચક્કરનો ઘેરાવો વધવા માંડયો, અને વધતા જથ્થામાં પાણી અંદર ફરવા લાગ્યું. આકાશમાં એક કાળું ભીનું વાદળું બંબાના આકારે નીચું ઢૂકી રહ્યું. વંટોળિયાના બંબાની ઊંચાઇ વધવા લાગી; ઉપરનું વાદળું નીચું ઊતરવા લાગ્યું અને બે ય ઓચિંતાં એક થયાં! એક ભીષણ કડેડાટી સાથે આકાશમાં ગાબડું પડ્યું હોય એવો અવાજ કરી પેલો ભયંકર વમળ પાણીમાં ચૂશ મારવા લાગ્યો. નીચેથી ઉપર આકાશ સુધી જોરથી ફરતો અને આસ્તેઆસ્તે આગળ આવતો એક પ્રચંડ જલ સ્થંભ રચાઇ ગયો. અમારી આસપાસ હવાનો ધીમો ઉચ્છ્વાસ પણ ન હતો. અમારાં સઢ અને સુકાન બંને હવા વિના નકામાં થઇ પડયાં. પેલો કાલ-સ્તંભ અમારા તરફ ધસવા લાગ્યો. એની આસપાસનું પાણી પરપોટાથી ખદબદવા લાગ્યું. થોડોક આગળ વધી એ સ્તંભ મોટા અવાજ સાથે ફાટયો અને બધે મોટાં મોજાં ઊછળી રહ્યાં. આ બાજુના નાવિકોને આવા અનુભવ તો લગભગ હમેશ થાય છે. આ તે પાણીનો વંટોળિયો—ભમરિયો—Sprout! ઐતુતકી જતાં અમને આવા ઘણા ભમરિયા મળ્યા.

ત્રીજે દહાડે અમે ઐતુતકી પહોંચ્યા. પણ અહીં અમે ડચ હોવાનો વેષ ભજવી શકીએ તેમ ન હતું, કારણકે અહીં ડચ વેપારીઓ રહેતા હતા; એટલે અમે નૉર્વેજીયન બનવાનું નક્કી કર્યું.

૧૯

ઐતુતકીનો અંગ્રેજ અમલદાર બહુ પાકો જવાન હતો. એને પોતાની સગી આંખોનો વિશ્વાસ ન હતો. ખુદ પોતાની જાતને અરીસામાં જોતી વખતે પણ એને જર્મનો દેખાતા! અમારી વાત એણે પૂરતી ખબરદારીથી સાંભળી અને કહ્યું: 'તમે નૉર્વેના છો એટલે આટલે દૂર તમારા જાતભાઇને જોઇ તમે જરૂર આનંદ પામશો.' અને ગામમાંથી તેના નોકર પાસે એક અસ્સલ નૉર્વેજીયન સુતારને બોલાવી મંગાવી તેણે હાજર કર્યો. તરત જ કર્ચિસે એનો હવાલો લીધો. લાંબા વખત સુધી ઘર-ગામના સમાચાર બંનેને નો'તા મળ્યા, એટલે સાધારણ વાતચિતમાં કર્ચિસનો વેષ પકડાય એમ ન હતું.

પણ તો ય હજુ પેલા બ્રિટિશરને ખાતરી ન થઇ. એણે મને એકલાને રાતના જમવા આવવા કહ્યું.

'અહીં મિ. લો નામના વેપારી છે તેણે તમારા દોસ્તને જમવા તેડયા છે; એટલે તમે એકલા આવી શકશો.'

અમને જુદા પાડવાની આ યુક્તિ હતી. અમે જમવા ગયા ત્યારે ગજવામાં એકએક નાનકડો બૉમ્બ લેતા ગયા. જમતી વખતે બંને યજમાનો ચિઠ્ઠી દ્વારા એકબીજા સાથે વાતો કરતા હતા. અમને એક જાતના સવાલો પૂછી કંઇ પણ દગો હોય તો તે શોધી કાઢવાની આ તરકીબ હતી. પણ એમાં એ બહુ ફાવ્યા ન લાગ્યા, કારણકે તે રાત્રે અમે શાંતિથી સૂઇ શકયા અને અમારી 'મહારાજકુમારી'ને પણ કશી આંચ આવી નહિ. અમે ધારત તો તે જ રાત્રે રવાના થઇ શકત. પણ એવી ઓચિંતી રવાનગીથી અમારા જર્મન હોવા વિષે કશો શક રહેત જ નહિ. જોકે ત્યાં વાયર-

લેસ ન હતો, પણ કદાચ એકબે દહાડામાં કોઈ વહાણ આવી ચડે અને એને બધી ખબર આપવામાં આવતાં જ એ અમારી પૂંઠ પકડે એવો સંભવ હતો.

અમે ગાફેલ તો ન જ હતા. અમે પણ અમારી જાસૂસી કરી હતી. ગામમાં કશાં હથિયાર નથી; માત્ર ત્રણ ચાર ગોરાઓ પાસે પિસ્તોલો છે એ ખબર ઍઈમાને આપી હતી. અને અમારી આ સાવચેતી નાહક્ક ન હતી એવો તરત જ અનુભવ થયો. બીજે દહાડે હું ને કર્ચિસ પેલા અમલદારને ત્યાં ગયા ત્યારે અમારી પાછળ દેશીઓ ટોળાં મળી ઊભરાવા લાગ્યા. તેમના ગરબડાટમાં અમારા માટે ગુસ્સો દેખાઇ આવતો હતો. 'તમારાં કાગળિયાંની ને તમારી હોડીની મારે જડતી લેવી પડશે.' જતાં જ અમલદારે કરડાકીથી કહ્યું.

કર્ચિસે સાચી નૉર્વેજિયન અદાથી હાથ અને ભવાં ઊંચા કરી મૂક પ્રશ્ન કર્યો.

'આ લોકો તમને જર્મન ધારે છે માટે.'

હવે હું ઝડપથી વિચાર કરવા લાગ્યો. આની પાસે હથિયાર નથી. અમે છ જણા બરાબર સજ્જ હતા. તે વખતે પણ કર્ચિસ અને હું, ત્યાં ઊભેલા બધાને ઉડાડી દઇએ એટલા સજ્જ હતા. છતાં કર્ચિસની અજાયબી વચ્ચે મેં કહ્યું, 'ખરી વાત છે; અમે જર્મન છીએ. પણ હું તમને ખાતરી આપું છું કે તમે અને તમારૂં આ ટોળું અમારી સામે ઊભા નહિ રહી શકો. અમારી હથિયારબંધીનો તમને ખ્યાલ નથી. માટે આ લોકો શાંત થાય એટલા સારૂ ભલે તમે અમારી હોડી તપાસવા ચાલો, પણ વધારે પગલું ભરશો તો તમારો જાન સલામત નહિ રહે!'

મારા બોલ સાંભળી તે સ્તબ્ધ થઇ ગયો. કર્ચિસ ઘડિયાળ જોતો હોય તેમ આડી હથેળી રાખી ઊભો હતો. તેણે હથેળી પેલા અંગ્રેજ તરફ ફેરવીને કહ્યું, 'હજુ તો દસ વાગ્યા છે. ગરમી વધતાં પહેલાં તમે પાછા ફરી શકશો.' અને પોતાની હથેળી પેલા અમલદારની આંખ સામે એણે ધરી. એમાં ઘડિયાળ તો હતું જ નહિ. પણ એ હથેળી જોતાં જ અમલદારના હોશ ઊડી ગયા. કર્ચિસની હથેળીમાં નાનકડો બૉમ્બ એણે જોયો!

'ચાલો, હું મછવો જોવા આવું છું. પણ મને વચન આપો કે તમે મને હોડીમાં કેદ નહિ કરો!' તેણે કરગરતાં કહ્યું.

'અમારી હોડીમાં કેદીઓ માટે બંદોબસ્ત નથી; અને નાહક્ક કોઇનો જાન હું લેતો નથી.' મેં ટૂંકમાં જવાબ આપ્યો.

અમે કાંઠા તરફ ચાલ્યા. લોકોનું ટોળું તો આટલી વારમાં ગંજાવર થઇ ગયું હતું. અમારા તરફ બધા દાંત કચકચાવતા હતા, પણ પેલા બહાદુર અંગ્રેજને જોઇ શાંત થઈ જતા હતા!

હોડીની જડતી લેતાં અમારી લૉગબુક એણે જોઇ. એના પર લખ્યું હતું 'Kaiserliche Marine—શાહી આરમારી.'

'આ શું?' એણે પૂછ્યું.

'એ નૉર્વેજીયન છે, સાહેબ.' કર્ચિસે અદબથી કહ્યું. એણે તાલપત્રીનો એક છેડો ઊંચો કર્યો, ને એની નીચે અમારી બંદુકો દેખાઇ; બીજો છેડો ઊંચો કર્યો, એની નીચે સક્કરજન જેવડા બૉમ્બો ગોઠવેલા પડ્યા હતા!

'આ બંધ કરી રાખો.' એનો ચહેરો સફેદ પૂણી જેવો થઇ ગયો હતો.

'જરા તમારી આ વફાદાર પ્રજાને કહેશો કે અમારા માટે થોડોક તંબાકુ અને થોડાંક તાજાં ફળ—શાક લઈ આવે. અને ત્યાં સુધી અમારા મહેમાન થવાની તમને તસ્દી આપવી પડશે.' મેં કહ્યું. એણે અમારા કહ્યા મુજબ બધું કર્યું.

અમે ત્યાં રહ્યા હોત તો?—

પણ એ ખ્યાલ નકામો છે.

અમારા ઉપડ્યા પછી ત્રીજે દહાડે એક વહાણ ઍતુતકી આવ્યું. એને બધી ખબર મળી. એણે સફર દરમ્યાન એક સ્ટીમરને ખબર આપ્યા. સ્ટીમરે વાયરલેસથી આખો મહાસાગર જગાડ્યો. અમારા માટે શોધ શરૂ થઇ.

'હવે તો ખરો રંગ જામે છે.' કર્ચિસે કહ્યું.

[ચાલુ] 'સુકાની'

બાપા—બચુ, તારા માસ્તર કેવુંક શીખવે છે?

બચુ—માસ્તર છે તો સારા. પણ કેટલુંક એવું શીખવે છે કે કંઈ સમજાય નહિ

બાપા—કેમ એવું શું શીખવે છે?

બચુ—જુઓને, કાલે એમ શીખવ્યું કે ચાર ને પાંચ નવ થાય; આજે વળી એમ શીખવ્યું કે છ ને ત્રણ નવ થાય. હવે સાચું કયું માનવું?

કોણી મારીને કુરડું!

ઘણા વખત પહેલાં ચતુરસેન નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને ચતુરા નામની એક ઘણી જ સુંદર ને ડાહી દીકરી હતી. એ ભણવા ગણવામાં એવી તો હોશિયાર કે એક વખત બતાવ્યું કદી ભૂલે નહિ. બધી જાતની કળા કારીગરી ને હુન્નર તે શીખી.

એ પંદર વર્ષની થઈ એટલે તેના બાપુ એના માટે સારા વરની શોધ કરવા લાગ્યા. આ વાતની ખબર પડતાં ચતુરાએ તેના પિતાને કહ્યું, 'બાપુ! તમે મારા માટે શામાટે નકામી ચિંતા કરી વરની શોધમાં પડો છો? મારે તો એક વ્રત છે. જો તે પાર પડશે તો જ હું પરણીશ; નહિ તો કુંવારી જિંદગી પૂરી કરીશ.'

રાજાએ પૂછ્યું, 'તે વ્રત કઇ જાતનું છે બેટા?'

'બાપુ! મને કુરડાનો બહુ શોખ છે અને તેથી મેં જુદીજુદી જાતનાં કુરડાં ભેગાં કર્યાં છે. હું તે આપને બતાવીશ. જે કોઈ સારામાં સારૂં કુરડું કરીને આપશે તેને જ હું પરણીશ.'



તરત જ એ જુવાને માટીના નાના ગોળા પર કોણી મારીને કોડિયા જેવો આકાર કરી બતાવ્યો.

બાપ બહુ રાજી થયો અને આખા ય દેશમાં ઢંઢેરો પીટાવ્યો 'કે જેને મારી દીકરી ચતુરાને વરવું હોય તેણે સુંદરમાં સુંદર કુરડું કરાવવું અને તે લઇ અહીં આવવું. જેનું કુરડું પસંદ પડશે તેને ચતુરા વરશે.'

ચતુરાનું નામ સુણતાં તો ઘણા ય લોકો તેને વરવા માટે પોતાનાથી બનતી મહેનતે કુરડાં તૈયાર કરાવવા લાગ્યા. સૌએ પોતપોતાની શક્તિ ઉપરાંત પૈસા ખરચીને પણ એકેક કુરડું તૈયાર કરાવ્યું.

કુરડું પસંદ કરવાનો દિવસ નજીક આવતાં તો શહેરને પાદર ડેરાતંબુનો પાર રહ્યો નહિ. હજારો માણસો કુરડું કરાવીને અને લાખો માણસો તે બનાવ જોવાને એકઠાં થયાં હતાં. જાણે કાશીનો મેળો ભરાયો હોય તેવો સરસ દેખાવ થઇ રહ્યો હતો.

પસંદગીને દિવસે એક તંબુમાં ચતુરા બેઠી. ઠરાવ એવો હતો કે સૌએ પોતપોતાનું કુરડું જાતે લઇને જવું; બીજા કોઇની મારફત નહિ. પહેલાં તો રાજા મહારાજાઓનો વારો આવ્યો. રત્ન અને માણેક જડેલાં કુરડાં લઇને એક પછી એક રાજા તંબુમાં આવે અને ચતુરા આગળ કુરડું હાથમાં ધરી ઊભો રહે. ચતુરા ડોકું હલાવી ના પાડે એટલે તેની દાસી તરત જ તે રાજાને 'પધારો, આપનું કુરડું નાપસંદ પડ્યું છે!' એમ કહે. તરત જ તે બીચારો વીલે મોઢે તંબુને બીજે બારણેથી ચાલતી પકડે.

રાજાઓ પછી આવ્યો ધનવાનોનો વારો. તેમણે પણ સારાં ને સુશોભિત કુરડાંઓ બનાવ્યાં હતાં. પણ ચતુરાને એક પણ પસંદ પડ્યું નહિ. આ પછી આવ્યો સાધારણ માણસોનો વારો. તેમણે પોતાનાં સોનાનાં કુરડાં બનાવ્યાં પણ તેમાંથી યે એક્કે એ રાજકુમારીને પસંદ ન પડ્યું. ત્યારબાદ તાંબા, પિત્તળ, કથીર ને માટીનાં કુરડાં કરી આવનારા પણ હતાશ થઇ પાછા ફર્યા. હવે છેવટના માત્ર પાંચસાત માણસો રહ્યા. તેઓ પણ અંદર જઈ કુરડું બતાવી એમ ને એમ પાછા ફર્યા. છેલ્લો અઢારેક વર્ષનો ઉઘાડા પગ વાળો એક ગરીબ જુવાન હાથમાં માટીનો લોંદો લઇ અંદર ગયો. દાસીએ કહ્યું, 'બતાવો જોઇએ તમારૂં કુરડું!'

તરત જ એ જુવાને માટીના નાના ગોળા ઉપર કોણી મારીને કોડિયા જેવો આકાર કરી બતાવ્યો. ચતુરાએ તેની ચતુરાઇ પારખી અને તેને વરવા માટે હા પાડી. ચતુરસેનના વિસ્મયનો તો પાર રહ્યો નહિ કે દીકરી જરૂર ગાંડી થઇ છે; નહિ તો વળી આવા ગરીબ છોકરાને પસંદ કરે ખરી!

ચતુરાને પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, 'બાપુ, એ માણસ તાત્કાલિક બુદ્ધિવાળો હોવાથી કદી પણ ભૂખ્યો દુખ્યો નહિ રહે. માટે જ મેં તેને પસંદ કર્યો છે. આપ પણ તે બાબત જરૂર જોઇ લેશો.'

લગ્ન થઇ ગયાં. બુદ્ધિના ભરેલા વરને વરી ચતુરા તરત જ તેની સાથે ચાલી નીકળી. ચતુરાના એ ચતુર વરનું નામ હતું **સમયવર્તી**. સમયવર્તી પોતાના સસરાની એક પાઇ પણ ન લેતાં તરત જ ત્યાંથી દેશપરદેશમાં ચાલી નીકળ્યો. એ વાતને ઘણાં વરસ વહી ગયાં.

ઘણી મુદ્દત વીત્યે સમયવર્તી પાછો ચતુરસેન રાજાના શહેરની પડોશના ગામડામાં આવી ઊતર્યો અને તે ગામમાં જુદાજુદા હુન્નર ઉદ્યોગ કરી આનંદ કરવા લાગ્યો. ચતુરા પણ પોતાના ધણી જેવી તાત્કાલિક બુદ્ધિ મેળવી શકી હતી અને તેથી તે પણ વધારે ચતુર બની હતી.

એક દિવસ ચતુરસેન રાજાના દરબારમાં એક કવિ આવ્યો. તેણે સરસ કવિતાઓ ગાઇ રાજાનું મન રંજન કરી દીધું. રાજાએ ખુશ થઇને માગવાનું કહ્યું. ત્યારે તેણે એક મોરલો માગ્યો. પણ તે એવી શરતે કે તે મોરલો ધાતુનો ન જોઇએ, માટીનો ન જોઇએ, તેમ લાકડાનો પણ ન જોઇએ; લુગડાંનો કે સાચોય ન જોઇએ, તેમ ખોટો પણ ન જોઇએ. અને જોઇએ કાલ સવારમાં જ.

[જુઓ ૩૫૯મા પાનાને છેડે]



આ સાથે આપેલું ચિત્ર 'ગલગોટા' નામની એક નવી બહાર પડેલી ચોપડીમાંનું એક પાનું છે. એ આખી યે ચોપડી એવાં આખાં ચીતરેલાં પાનાંઓથી ભરેલી છે; બીબાંથી છાપેલી નહિ: એવાં આખાં પાનાં ને પાનાં જ ચીતરેલાં. અને—ચાળીસ એવાં પાનાં, રંગબેરંગી શાહીથી છાપેલાં; એવી જ રમૂજી કવિતાઓ અને ગમ્મતી ચિત્રોથી ભરેલાં. ઊજળા દૂધ જેવા જાડા કાગળ અને જોતાં ઝડપો એવું સુંદર પૂઠું.
એ ચોપડી લખી-ચીતરી છે કોણે તે જાણો છો ? દેશળજી પરમારે એ ગીતો લખ્યાં છે, ને રવિશંકર પંડિતે ચિત્રો દોર્યાં છે. દેશળજી પરમારનાં ગીતો તમને અજાણ્યાં નથી. 'વા પવન વા', 'ડાહી ડોશી' વગેરે 'કુમાર'માં આવી ગયાં તેવાં જ ગમ્મતી ગીતો. અને પંડિતનાં ચિત્રો એટલે શું તે તો આ ઉપર પાનું આપ્યું છે તે જ જુઓને !

જાણે હાથેથી જ લખીને તમને આપી હોય તેવી આ ચોપડી બીજી ચોપડીઓ કરતાં તદ્દન નવાતર છે, એટલે એની દસ આના કિંમત બહુ મોંઘી ના કહેવાય. તમારા મિત્રોને આવતી દીવાળીએ જરૂર ભેટ આપવા જેવી છે. શ્રી દેશળજી પરમારને ગવારા મહોલ્લામાં સલાપોસ રોડ અમદાવાદને સરનામે લખવાથી મોકલી આપશે.



મધુકરી

ધડકે હૈયું, ઊછળે લોહી, નસનસ જોમ જગાવે,
વ્હેંત વ્હેંત છાતી અમ ફૂલે, હાકલ જ્યાં તુજ આવે: હો! તારા આદેશે!
છોડી વ્હાલો ઘરનો ખૂણો, છોડી સુખની શય્યા,
નીકળી પડશું લાખો પુત્રો, તવ આદેશે મૈયા: હો! તારા આદેશે!
અફાટ વ્યોમાંગણની નીચે, ધીર ધરતીને છેડે,
દમદમ ધૂમતા, રજ નવ ચૂમતા, લડશું બાંધી કેડે: હો! તારા આદેશે!
ચઢશે તારી વ્યથા–ચીસે મા! લાખ લાખ સૈનિકો,
ડગલું એક ન પાછું ભરશે, વ્હેશે લોહી નીકો! હો! તારા આદેશે!

શ્રીમતી હંસાબહેન

[શ્રીમતી હંસાબહેન ગુજરાતનું અમોલું નારીરત્ન છે. આ યુગની સંપૂર્ણ ગુજરાતણનો નમૂનો જોવો હોય તેણે શ્રી હંસાબહેનનાં માનસ અને ગૃહજીવનનો પરિચય મેળવવો.

આ જમાનાની ઊંચામાં ઊંચી કેળવણી લીધા છતાં યે તેનો જરા યે આડંબર કે તકલાદી ઓપ જેને બીલકુલ લાગ્યો ન હોય એવાં ઘણાં થોડાં સન્નારીઓમાં હંસાબહેનને ગણી શકાય. પશ્ચિમના વાતાવરણને આરપાર અનુભવી આવીને પણ તે પૌરસ્ત્ય સ્વાસ્થ્ય અને સંસ્કૃતિ સાચવી શક્યાં છે. તેમના ચહેરા પર હિંદી માતૃત્વ તરવરે છે. બાળકો અને ઘર પરનો તેમનો સ્નેહ ઊગતી પ્રજાને આદર્શ બને એવો અને એટલો છે. હાલની પશ્ચિમી કેળવણી પામેલા અનેક હિંદીઓનો પોતાનાં ઘર, દેહ અને વ્યવહારનું કદરૂપું યુરોપી ઘડતર કરી નાખે છે. હંસાબહેન તેમાં એક અજબ અપવાદ છે. યુરોપની સંસ્કારી છટા અને ગૌરવ સંઘરીને તેમણે ઘરમાંનો સર્વ સરંજામ અને રાચરચીલાં હિંદી બનાવટ અને હિંદી સ્વરૂપનાં જ વસાવ્યાં છે. તથા કુશળ કળાવિદ્‌ની સંસ્કારી દૃષ્ટિથી તે ગોઠવ્યાં છે. એમનું દીવાનખાનું ગુજરાતનાં ઘણાં સારાં ઘરોમાં પણ આગળપડતી કોટિમાં આવે એવું છે. સાહિત્યનો ઊંચો અભ્યાસ અને ફિલસૂફીનું ઊંડું જ્ઞાન મેળવ્યા પછી પણ તેમણે બાલસૃષ્ટિ માટે પોતાની સેવા ધરી છે અને બાલસાહિત્યની મોટી ઉણપ પૂરનાર તરીકે હંસાબહેન અચૂક સ્થાન ભોગવશે. દેખાવે મૃદુ અને શાંત લાગતાં છતાં કાર્યયોજનામાં અડગ, દૃઢ નિશ્ચયી અને ખરી શ્રદ્ધા રાખી જોખમથી પણ ન ડરનાર હંસાબહેન ગુજરાતનાં શક્તિ સમાં છે.

મુંબાઈ પ્રાંતિક મહાસભા સમિતિ તથા તેની સત્યાગ્રહ સંગ્રામ સમિતિનાં પ્રમુખ તરીકે અજબ કાર્યકુશળતા, વ્યવહારદક્ષતા ને વીરતા બતાવી હમણાં જેલ જનાર શ્રીમતી હંસા બહેન મહેતાને આજે તો ગુજરાત ને હિંદભરનો પ્રજાસમુદાય ઓળખે છે; પણ ગુજરાતનાં બાળકો અને કુમારો તો તેમને શિર એ લોકપ્રેમનો યશકળશ ઢળ્યો તે પહેલાં એમનાં પરિચિત થઈ ગયાં છે; એમની રચેલી પેલી અભિનવ ‘બાળવાર્તાવલિ’થી. આજે પોતાની કાર્યશક્તિ અને અનોખા વ્યક્તિત્વથી એ પ્રજાનેત્રી બન્યાં છે તે કાળે, એમનો લાંબા સમયનો પરિચય પામેલા અમારા મિત્ર શ્રી પરમાનંદે લખેલી આ નીચે આપેલી એમના જીવનની ટૂંકી ચરિત્રરેખા ઘણાં યુવકયુવતીઓને પ્રેરક બનશે. —તંત્રી]

‘કરણ ઘેલા’ના પુસ્તકથી કોઈક જ વિદ્યાર્થી આજે અજાણ હશે. તે સુપ્રસિદ્ધ ઐતિહાસિક નવલકથાના કર્તા સાક્ષરવર્ય નંદશંકર તુળજાશંકરનાં હંસાબહેન પૌત્રી થાય. અને હજુ ગઈ કાલે જે વડોદરા રાજ્યના અમાત્ય હતા ને આજે જે બિકાનેર રાજ્યના પ્રધાનપદે છે તે સર મનુભાઇ નંદશંકર મહેતા હંસાબહેનના પિતા. હંસાબહેનનો જન્મ ૧૮૯૭ના જુલાઈની ત્રીજી તારીખે થયો. આપણા ગુજરાતમાં સામાજિક સુધારાની જે અનેકવિધ પ્રવૃત્તિઓ શરૂ થઈ તે સર્વ પ્રવૃત્તિઓમાં સર મનુભાઇનું કુટુંબ વિચાર તેમજ આચાર બંનેમાં અગ્રેસર ગણાય છે. તે કૌટુંબિક પ્રથાનો હંસાબહેનને પૂરેપૂરો લાભ મળ્યો અને તેમની તેજસ્વી બુદ્ધિને ઊંચા શિક્ષણના સંસ્કાર પ્રાપ્ત થયા. તેમની વિદ્યાર્થી તરીકેની કારકીર્દિ ઉજ્જ્વલ તેમજ યશપૂર્ણ છે. ૧૯૧૩માં તેમણે મૅટ્રિક પસાર કરીને ચેટફીલ્ડનું તથા નારાયણ પરમાનંદ બંને ઇનામ લીધાં. તે પછી તે વડોદરા કૉલેજમાં દાખલ થયાં. ત્યાં પણ ઇન્ટર મીડીએટની પરીક્ષા પસાર કરી ગંગાબાઇ ભટ્ટની સ્કૉલરશિપ લીધી. ૧૯૧૮માં ફિલોસોફી વિષય લઇને ઑનર્સ સાથે તેઓ



બી. એ. થયાં અને તરત પત્રકારિત્વના અભ્યાસ માટે ઇંગ્લંડ ગયાં, જ્યાં તે ઘણો વખત શ્રીમતી સરોજિની નાયડુ સાથે રહ્યાં.

ત્યાંથી સરોજિની દેવી સાથે તેઓએ જીનીવામાં સ્ત્રીઓના મતાધિકાર-પ્રચાર અર્થે મળેલી આંતરરાષ્ટ્રીય નારીપરિષદમાં સારો ભાગ લીધો. આ સફર દરમ્યાન યુરોપનો કેટલોક અનુભવ લઇને તે હિંદુસ્તાન પાછાં ફર્યાં અને પાછાં બીજે વર્ષે અમેરિકાની શિક્ષણ-સંસ્થાઓ જોવા માટે તેઓ ઉપડયાં. અમેરિકાના નિવાસ દરમ્યાન સાન ફ્રાન્સિસ્કોમાં મળેલી આંતરરાષ્ટ્રીય શિક્ષણ પરિષદમાં હિંદુસ્તાનના પ્રતિનિધિ તરીકે તેમણે અગ્ર ભાગ લીધો હતો અને આપણા દેશનું અસાધારણ અજ્ઞાન-પ્રમાણ અને તેમ બનવામાં અંગ્રેજી રાજ્યની જવાબદારી ઉપર બહુ સારો પ્રકાશ પાડયો હતો. ઇ.સ. ૧૯૨૩માં અમેરિકાથી તેઓ જાપાન જવા ઉપડયાં. પણ ત્યાં પહોંચ્યાં કે તરત જ પેલા કાલકરાલ ધરતીકંપમાં તેઓ સપડાયાં. જોકે એ આફતમાંથી દૈવકૃપાએ તેઓ બચી જવા પામ્યાં, પરંતુ જાપાનની સુપ્રસિદ્ધ નારી વિદ્યાપીઠ અને અન્ય શિક્ષણ-સંસ્થાઓનો નિકટ પરિચય પામવાની તેમની આકાંક્ષા ઘણે અંશે અતૃપ્ત રહી ગઇ.

જાપાનથી વતન પાછા ફર્યા બાદ તરત જ ડૉ. જીવરાજ મહેતા સાથે તેમનાં લગ્ન થયાં. આ લગ્ન વર્ણાન્તર હોઇને સુધારાની દિશાએ તેમણે ભારે હિંમતભર્યું પગલું ભર્યું કહેવાય. લગ્ન થયા બાદ ડૉ. જીવરાજ મહેતાએ વડોદરાના ચીફ મેડિકલ ઑફિસરના પદનું રાજીનામું આપ્યું અને મુંબાઇમાં ગોવર્ધનદાસ મેડિકલ કૉલેજના તેઓ ડીન નીમાયા.

આ બનાવ સાથે શ્રીમતી હંસાબહેને મુંબાઇના જાહેર જીવનમાં પ્રવેશ કર્યો. ભગિની સમાજના મંત્રી તરીકે તેમજ રાષ્ટ્રીય સ્ત્રી સભાના સભ્ય તરીકે તેમણે કેટલુંક કામ કર્યું, તેમજ મુંબાઇની મ્યૂનિસિપલ કૉર્પોરેશનની સ્કૂલ્સ કમિટીના સભ્ય તરીકે પણ બહુ શોભાસ્પદ કાર્ય બજાવ્યું. વળી સમસ્ત હિંદની નારીપરિષદની પહેલી બેઠક પૂનામાં અને બીજી બેઠક આ વર્ષના પ્રારંભમાં મુંબાઈમાં મળી તે બંને બેઠકોમાં ઉત્તરોત્તર તેમણે સારો ભાગ લઇને નારી ઉદ્ધારના પ્રશ્નને અનેક રીતે આગળ ધપાવ્યો હતો.

હંસાબહેન ગુજરાતી ભાષાનાં સારાં લેખક છે, એટલું જ નહિ પણ બાળશિક્ષણની દિશાએ કેટલાંક બાલોપયોગી પુસ્તકો રચીને તેમણે સક્રિય રસ દર્શાવ્યો છે. રસસાહિત્યનું પાન તો તેમણે ગળથૂથીમાં કરેલું તેથી તે પ્રદેશમાં તેમની વિશેષતા સહજસિદ્ધ છે. તેમની લેખનશૈલીમાં વિનોદ તો હોય જ. ભાષા સાદી છતાં રસાળ ને પૂરી સંસ્કારી છે અને વિચાર નિવેદનમાં સચોટ સ્પષ્ટતા કોઈ પણ તટસ્થ વાંચનાર અનુભવ્યા સિવાય ન રહે. તેમની બુદ્ધિની પ્રતિભા તેમના લેખોમાં, વાર્તાઓમાં તેમની સાથેના વાર્તાલાપમાં એકસરખી રીતે અનુભવગોચર થાય છે. કદીકદી તેઓ સુંદર કાવ્યો તેમજ નાનાં નાટકો પણ રચે છે. તેમની આંખોમાં કોઇ જુદું જ તેજ છે, તેમજ તેમની વાણીમાં કોઈ અજબ નિશ્ચલતા દેખાય છે. તેમની વ્યક્તિગત તેમજ સંયોગગત વિશેષતાઓ જ એવી છે કે સામાન્ય જનતાથી તેઓ બે ડગલાં ઊંચે જ ચાલે. તેમના પરિચયથી તમને તેમના માટે પ્રેમ ઉપજે યા ન ઉપજે, માન તો ઉપજવું જ જોઇએ તેમની રીતભાતમાં એવું ગૌરવ અને સ્વત્વની સંભાળપૂર્વક રક્ષા જોવામાં આવે કે તેઓ મિત્ર થવાને નહિ પણ હુકમ આપવાને જ સરજાએલાં છે એમ તેમને દૂરથી જોનાર કોઇને પણ લાગ્યા વિના ન રહે.

પણ આ તો બધી સ્વાતંત્ર્યસંગ્રામ પૂર્વેનાં હંસાબહેનની વાતો થઇ. ગાંધીજીએ માર્ચની શરૂઆતમાં સત્યાગ્રહ આશ્રમ છોડયો અને પોતાના ખાસ પસંદ કરેલા વીર સૈનિકો સાથે દાંડી તરફ પ્રયાણ આરંભ્યું તે સાથે જ દેશભરમાં નવું ચૈતન્ય આવ્યું અને સર્વ પ્રજાજનોમાં દેશની આઝાદી અર્થે પોતાથી બને તેટલું કરી છૂટવાની પ્રબળ પ્રેરણા જાગૃત થઇ. પુરુષો માટે તો બની શકે તેણે સરકારી કાયદાઓનો સવિનયભંગ કરવાનો કાર્યક્રમ નિર્મિત જ હતો, પણ સ્ત્રીઓ માટે શો કાર્યક્રમ રાખવો તે હજુ નિશ્ચિત નહોતું. નવસારી મુકામે ગાંધીજીને સ્ફૂર્યું કે બધી બહેનો જો વિદેશી વસ્ત્ર અને દારૂ સામે પિકેટિંગનું કાર્ય ઉપાડી લે તો ભારે કામ થાય. મુંબાઈ માટે તેમણે પેરીન બહેન તથા હંસાબહેનને યાદ કર્યાં. ગાંધીજીનું આવાહન થતાં હંસાબહેન નવસારી મુકામે મળેલી બહેનોની પરિષદમાં ગાંધીજીને મળી આવ્યાં અને મુંબાઇ પાછાં આવીને દેશસેવિકા સંઘની સ્થાપના કરી. આ દેશસેવિકા સંઘે જે જોશભર્યું ને ઉજ્જ્વલ કાર્ય કરી મુંબાઇનો વિદેશી વસ્ત્રનો વ્યાપાર લગભગ બંધ કરાવ્યો તેનું માન શ્રી હંસાબહેનની નીડરતા અને વ્યવસ્થાશક્તિને ઘટે છે. કાળક્રમે

મુંબાઇની પ્રાંતિક મહાસભા સમિતિ તેમજ સત્યાગ્રહ સંગ્રામ સમિતિના પ્રમુખ શ્રી મોદીને સરકારે પકડયા અને તેમના સ્થાને શ્રી હંસાબહેન આરૂઢ થયાં.

આ કાંઇ સોનાનું સિંહાસન નહોતું; આ તો કાંટાની શય્યા હતી. પારાવાર ઉપાધિથી ભરેલા એ સ્થાનને તેમણે વ્યવસ્થા, સાહસ તેમજ સમન્વયની દૃષ્ટિએ અપૂર્વ રીતે શોભાવ્યું છે. નાનીમોટી અનેક ગૂંચોના તેમણે સુંદર ઉકેલ કાઢયા છે તેમજ જરૂર જણાયે ગમે તેવાં જોખમી પગલાં ભરવામાં તેમણે જરા પણ પાછી પાની કરી નથી.

તિલક દિનને લગતું સરઘસ પોતાની સરદારી નીચે તેમણે કાઢયું. તેને સરકારે બોરીબંદર પાસે અટકાવ્યું ત્યારે હજારો માણસો સાથે આખી રાત વરસતા વરસાદે ભૂખ્યાં અને તરસ્યાં બેસી રહેનાર હંસાબહેનને, તથા બીજે અઠવાડિયે સમસ્ત કેદી દિનને લગતા લાખ્ખો માણસોના સરઘસને, સરકારને ચૅલેંજ આપવા માટે અનેક વાર નિષેધ થએલા હૉર્નબી રોડ ઉપર લઇ જતાં કેસરી રંગના વસ્ત્રમાં સુસજ્જ થએલાં અપૂર્વ પ્રભુતાથી પગલાં ભરતાં, લોકોના જયનાદને સતત સ્મિતપૂર્વક ઝીલતાં હંસાબહેનને જેણે જોયાં હશે તેને પૂર્વ કાળની કોઈ રજપૂત વીરાંગનાનું સ્મરણ થયા વિના રહ્યું નહિ જ હોય. પોતાના પ્રમુખપદ દરમ્યાન તેમણે બહિષ્કાર સમિતિને વધારે વ્યવસ્થિત પાયા ઉપર મૂકી એટલું જ નહિ પણ મીલ મજૂરોના સર્વ વર્ગોને તેમણે સચેત કરી દીધા.

તિલક સરઘસના સંબંધમાં અન્ય દેશનેતાઓને પકડવા છતાં હંસાબહેનને હજી સરકારે છૂટાં જ રહેવા દીધાં. દિલ્હીમાં પણ મહાસભાની કાર્યવાહક સમિતિના અન્ય સર્વ સભ્યોને પરહેજ કરવા છતાં તેમને તો યથેચ્છ મુંબાઇ આવવા દીધાં. પણ અંતે હંસાબહેનનાં તેજ ને તપોબળ, શક્તિમત્તા ને પ્રગલ્ભતા સરકારથી ન ખમાયાં અને આઝાદ મેદાનના રાષ્ટ્રધ્વજ વંદનના નામે સરકારને જે નવી ચૅલેંજ આપવામાં આવી હતી તે તેમની સરદારી નીચે પાર પડે તે પહેલાં સરકારે તેમની સ્વતંત્રતા ઝૂંટવી લીધી તથા કાયદા ને વ્યવસ્થાના બહાના હેઠળ ત્રણ માસ માટે તેમને આપણાથી પરોક્ષ કીધાં.

હંસાબહેનની મુંબાઇની કૉંગ્રેસના પ્રમુખ તરીકેની આખી કારકિર્દી તેમના પૂર્વજીવનથી તેમજ તેમના સુવિખ્યાત કુટુંબની સામાન્ય પ્રણાલિથી જુદી પડે તેવી છે. તેમના પિતા તેમજ પિતામહ ભિન્નભિન્ન દેશી રાજ્યોમાં મોટી પદવીઓ ભોગવતા આવ્યા છે અને રાજ્યભક્તિનું તો તેમના જન્મથી તેમને અનુપાન કરાવવામાં આવ્યું છે. તેમના કાકા વિનાયકરાવ સંયુક્ત પ્રાંતની સરકારના સેક્રેટરી છે. વૈભવ અને વિલાસ વચ્ચે તેઓ ઊછર્યાં છે અને સમાજમાં ભળવા છતાં તેલ ને પાણી જેમ જુદાં રહે તેવું સામાન્ય જનતાથી ઊંચું અને અલગ જીવન એ તેમની પ્રકૃતિની સામાન્ય ખાસિયત છે. સ્વાતંત્ર્યસંગ્રામ શરૂ થયા પહેલાં રાજકારણમાં તેઓ કદી પડેલાં નથી અને રાજકીય વિષયોમાં તેઓને કદી ઉદ્દામ વિચારો ધરાવતાં કોઇએ જાણ્યાં નથી. આવાં બહેન અનેક સંકટ ને જોખમથી ભરેલી રાજ્યદ્રોહ પ્રવૃત્તિના સૂત્રધાર બને અને આવી નીડરતા તથા આત્મભોગ પૂર્વક આખું કાર્ય પાર ઉતારે એ ખરેખર આશ્ચર્યમુગ્ધ કરે એવો બનાવ છે.

પણ આવાં અનેક આશ્ચર્યોના મૂળ સર્જક તો મહાત્મા ગાંધીજી છે. જે બહેન નવસારી જાઉં કે નહિ એ વિષે વિચાર કરતાં હતાં તે બહેન નવસારી ગયાં અને ગાંધીજીને મળ્યાં; અને પરિણામે એવું બળ ને પ્રેરણા પામીને આવ્યાં કે આજે હંસાબહેનથી હિંદની આખી સ્ત્રીજનતા વિશેષ ઉજ્જવલ અને સન્માનયોગ્ય બની છે.

આવાં આપણાં સન્નારીવિશેષ હંસાબહેન અને તેમના શક્તિપ્રવાહને આઝાદીની અપૂર્વ લડતના માર્ગે વહેવડાવનાર પારસમણિ મહાત્મા ગાંધીજીને આપણાં અંતરનાં અનેક નમન ઘટે છે.

—પરમાનંદ

વેદની પ્રાર્થનાઓ

'પ્રસ્થાન'ના શ્રાવણ અંકમાં વેદની પ્રાર્થનાઓનાં રસ અને રહસ્ય સતજાવતો એક નાનો લેખ છે, તેમાં આ નીચે ઉતારેલી પ્રસ્તાવના સાથે કેટલીક ઋચાઓ અર્થ સહિત આપી છે. વેદને વિસારીને આપણે ઘણું ગુમાવ્યું છે. આર્ય જાતિનો અમૂલો આદિમ વારસો આપણે ભૂલ્યા છીએ; અને પરિણામે એ કાળના જીવનની પ્રફુલ્લતા, તેજસ્વિતા, બલિષ્ટતા અને નિર્દોષતા આપણામાંથી ચાલી ગઈ છે. આપણા પૂર્વજોના આપણે કપૂત પાક્યા છીએ, અને એમણે પ્રદિપ્ત કરેલા વેદાગ્નિને આપણે અખંડ ઉપાસનાથી સતત પ્રોજ્જ્વલ રાખવાને બદલે, વેદના જીવનઅગ્નિને ફરીફરી સંકોરીને, નવાં કાષ્ટ ઉમેરીને પ્રદીપ્ત રાખવાને બદલે આજે વિસ્મૃતિ અને પ્રમાદની રાખ હેઠળ ઠારી દીધો છે. એટલે જ આપણાં જીવન નિષ્પ્રાણ થયાં, આપણી ધર્મભાવના વહેમાદિથી કલુષિત થઈ, આપણું સાહિત્ય શુષ્ક ને પરાન્નભોજી થયું. આપણે જે મૂળ દ્વારા જીવનપોષક રસ પ્રાપ્ત કરતા હતા તે મૂળનો સંબંધ કાપી નાખ્યાથી આપણા સમાજવૃક્ષની શાખાપ્રશાખાઓ શુષ્ક, પત્રહીન બની. અને જો આપણા વર્તમાન જીવનમાં જાગૃતિ, ઉલ્લાસ અને ચેતનનાં ચિહ્ન દેખાવા લાગ્યાં છે, તો તે વેદની ભાવનાઓને એક યા બીજી રીતે અપનાવવાથી જ આવ્યાં છે.

વેદની જીવનભાવના આજે ફરીથી જાગ્રત કરવાની આપણે માટે ઘણી જરૂર છે. કારણ આપણા આજના એકેએક પ્રશ્ન ઉપર વેદને કંઇક કહેવાનું છે. વેદ આપણને એ દરેક પ્રશ્ન વિષે કંઇક મદદ આપી શકે તેમ છે. વેદનો સમાજ, વેદના મંત્રદ્રષ્ટાઓ આ જીવનને જ સંપૂર્ણતયા ભોગવવા ઇચ્છે છે, આ જીવનની જ પરમ ઉન્નતિ પહેલાં માગે છે; જીવનથી એ ભાગી જવા—તેનો ત્યાગ કરવા નથી માગતો, પણ તેના બધા પ્રશ્નોનો સામનો કરી, વિઘ્નોનો પરાભવ કરી, વિજયલક્ષ્મીને

હસ્તગત કરી આ પૃથ્વી ઉપર જન્મ્યા છીએ એનો જ વિચાર સૌથી પ્રથમ કરવો જોઈએ. આ ઈહજીવનની સંપૂર્ણતાની કામનાને બળે માનવ જાતિના ઉષઃકાળમાં પ્રગટ થએલાં આ મંત્રકાવ્યો પ્રાતઃકાળની લાલિમાથી, નવચૈતન્યથી, ઉલ્લાસથી, તરવરે છે. એમાં ક્યાં યે વિષાદ નથી, નિરાશા નથી, વૈરાગ્ય નથી. આ જ જીવનને સર્વતોભદ્ર જોવા ઈચ્છતો ઋષિ જીવનના અંગેઅંગને સમૃદ્ધ કરવાં પ્રાર્થે છે. (પ્રસ્થાન)

નવા ગ્રહનું નામ પડયું

ગયા અંકમાં પૃથ્વીના નવા ભાઇ–નવા શોધાએલા ગ્રહ વિષેની વાત આવી ગઇ છે તેમાં એના નામ માટે આવેલી વિવિધ દરખાસ્તો આપી હતી. આ મહિને તેનો નામકરણ વિધિ થયાના ખબર આવી ગયા છે. તેનું નામ પ્લૂટો પાડવામાં આવ્યું છે. પ્લૂટો એ રોમન પુરાણકથાઓમાંનું નામ છે. અત્યાર સુધી ગ્રહોનાં જે નામ પડયાં છે તે પણ રોમન પુરાણકથાનાં પાત્રો પરથી જ પાડેલાં છે. લૉવેલની વેધશાળાના ખગોળવેત્તાઓએ પ્લૂટો નામ પસંદ કરવામાં એ જૂની પ્રથાને અનુસરવા ઉપરાંત બીજી પણ બેએક બાબતોનો વિચાર કર્યો છે. રોમન પુરાણોમાં પ્લૂટો અંધકારનો અધિદેવતા ગણાય છે. આ નવો ગ્રહ પણ વિશ્વના દૂરમાં દૂરના છેલ્લા અંધારા સીમાડા પર આવેલો હોવાથી એ નામ તેને અનુરૂપ છે. વળી ખગોળવેત્તાઓ વ્યવહારની સગવડ ખાતર ગ્રહોનાં નામને મિતાક્ષરી સ્વરૂપો આપે છે. અકસ્માતે નવાઈ જેવું એ બન્યું છે કે પ્લૂટોના મિતાક્ષર જે PL આવે છે તેમાં જ એના શોધક ખગોળવેત્તા સ્વ. ડૉ. પર્સિવલ લૉવેલના પ્રથમાક્ષરોનો સમાવેશ થઇ જાય છે.

ચૂંકો જડવાની બંદુક

નાનાંનાનાં સુથારી કામમાં ઝીણી ચૂંકો (ટૅકસ) વપરાય છે તે હથોડી વડે બેસાડતાં ઘણો વખત લાગે છે. પણ અમેરિકનોએ હમણાં એવી ઍરગન શોધી કાઢી છે કે જેનો ઘોડો દાબતાં વેંત અંદરથી ચૂંક નીકળીને ક્ષણવારમાં ધારેલે સ્થળે જડાઇ જાય. એક બંદુકમાં આવી દસ હજાર ચૂંકો રહી શકે એવી સગવડ હોય છે. તમારે માત્ર મશિનગનની પેઠે ઘોડો દબાવ્યે રાખવાનો, અને ધડાધડ, ધાણી ફૂટે એમ, ચૂંકો ધારેલે સ્થળે જડાતી જાય!

કપાશિયાના ખોળમાંથી—

સાકર વધુ ખાવી નુકસાનકર્તા છે. તે શરીરમાં મેદ વધારે છે. પણ અમેરિકન બ્યૂરો ઑફ સ્ટૅન્ડર્ડ્ઝ તરફથી હમણાં નવી જાતની સાકર શોધાઈ છે. એનું નામ 'ક્ઝાઇલોઝ' Xylose. તેમાં મિઠાશ છે, પણ તે શરીરમાં મેદ રૂપે એકઠી થતી નથી. પહેલાં તો એની એક રતલ ખાંડ બનાવતાં બહુ મહેનત ને ખર્ચ લાગતાં અને ત્રણસો રૂપિયે રતલ પડતી; પણ હવે તે સસ્તામાં સસ્તી બની શકે એવી રીત શોધી કઢાઇ છે;— કપાશિયાના ખોળમાંથી! અને અઢીઆને શેર મળી શકે.

બનાવટી સાકર ઉત્પન્ન કરવાનો અમેરિકાનો આ કાંઇ પહેલો પ્રયત્ન નથી. સાત વર્ષ પહેલાં એ જ બ્યૂરોએ અનાજમાંથી સાકર (જે 'ડેક્સ્ટ્રોઝ'ના નામથી ઓળખાય છે) બનાવવામાં કીમિયો શોધી કાઢેલો તે આજે એટલો ધમધોકાર ચાલે છે કે એક જ કંપની એકલી રોજની દસ લાખ ટન સાકર બનાવે છે. અને આવી તો ઘણી કંપનીઓ છે. અમેરિકા આખું આજ એ સાકર વાપરે છે.

અને તાડનાં મૂળમાંથી—

યૂનાઇટેડસ્ટેટ્સના દક્ષિણ વિભાગમાં પામેટો નામનાં નાનાં તાડનાં ઝાડ થાય છે. તેનાં મૂળના લોટને એક ખાસ બનાવેલા સીમેન્ટ સાથે મેળવીને; લાકડાના જેવો પદાર્થ ઉત્પન્ન કરવાની શોધ ફ્લૉરિડાના પુન્ટગોર્ડા ગામના સી પી. વિલ્હેલ્મ નામના માણસે આજ સાત વર્ષે ફતેહમંદ રીતે પાર પાડી છે. એ પદાર્થ લાકડા જેટલો હલકો ને ચીકણો, સીમેન્ટ જેટલો ટકાઉ અને પાણીથી તદ્દન અસર થયા વિનાનો રહી શકે છે; અને વળી ભાંગે કે બટકે નહિ. આટલાંટિક મહાસાગરને તળિયે તેના થોડા ટુકડા ડુબાડી રાખીને અઢાર મહિને જેવા ને તેવા (પાણીની જરા પણ અસર વિનાના) બહાર કાઢી બતાવીને તેના 'વૉટર પ્રુફ' પણાની ખાતરી કરી બતાવવામાં આવી હતી.

આ પદાર્થને બે રીતે બનાવટમાં લઇ શકાય છે. પ્રવાહી રૂપે બનાવી ઢાળા પણ પાડી શકાય, અને મશિનમાં દબાવીને જુદાજુદા આકારમાં પણ ફેરવી શકાય. સીમેન્ટના જેટલો જ તે મજબૂત હોવા છતાં વજનમાં તેના ચોથા ભાગનો અને કિંમતમાં અરધે ખર્ચે પડે, અને એની બનાવટનાં સાધન પણ ખૂટે એમ નથી; કેમકે ફ્લૉરિડા પ્રાંતમાં હજારો એકર જમીનમાં એ તાડનાં વનનાં વન ઊભાં છે.

ફોનોગ્રાફ–પોસ્ટકાર્ડ

મિત્રોને પોસ્ટકાર્ડ ઉપર પોતાના ફોટોગ્રાફ તો ઘણા મોકલતા હશે; પરંતુ પોસ્ટકાર્ડ ઉપર પોતાના સંદેશાની રેકર્ડ ઉતારીને પણ મોકલવાની શોધ થઈ હતી પણ હમણાં એક જર્મને એ બંને શોધનું મિશ્રણ કરી એવાં પોસ્ટકાર્ડો બનાવ્યાં છે, જેના પર તમારો ફોટોગ્રાફ હોય, અને તે ગ્રામોફોન પર મૂકતાં તમારો સંદેશો પણ સંભળાય! મિત્રની આગળ જાણે રૂપે અને અવાજે તમે હાજરાહજુર!

દુનિયાનો સૌથી મોટો જળબોગદો

ઇંગ્લંડની મરસી નદીના બે કાંઠા પર સામસામાં આવેલાં લિવરપૂલ ને બર્કનહેડ શહેરોને જોડવા માટે નદીની નીચે થઇને એક મોટો બોગદો ખોદવાનું કામ શરૂ થયું છે. એ પૂરો થશે ત્યારે જગત આખામાં પાણી નીચેનો મોટામાં મોટો બોગદો ગણાશે. ચાર તો વાહનમાર્ગ એમાં બનશે, ને તે ઉપરાંત રેલવે અગર એવા બીજા સાધન માટે એક મોટો વાહનમાર્ગ બનાવવાની સગવડ રહેશે. છેંતાળીસ ફૂટ પહોળી, બસ્સો ટન

વજનની એક પ્રચંડ શારડી એ નદીના પટની નીચેના નક્કર ખડકોને કોરતી પૃથ્વીના પેટાળમાં બોગદો પાડતી જશે. દુનિયાભરમાં એ મોટામાં મોટી બોગદો પાડનારી શારડી ગણાય છે, અને એના બનાવનાર અંગ્રેજ ઇજનેર મિ. એમ. આઇ. બ્રુનેલને એ બનાવવાનો મૂળ વિચાર, બે શારડી જેવાં શીંગડાવાળો લાકડું કોરનારો એક જીવડો જોઇને આવેલો!

હાથીનું વજન કેમ થાય?

આજે તો હાથી શું પણ તેથી યે મોટી જંગી વસ્તુઓનાં વજન કરવાનાં 'પ્લૅટફૉર્મ બૅલેન્સ'—પાવડી કાંટા—ની વ્યવસ્થા છે; પરંતુ જૂના વખતમાં લોકો શું કરતા હશે? એક ચીના મુસાફરે હિંદુસ્તાનના ગ્રંથસંગ્રહ પરથી, એક રાજાએ હાથીનું વજન કેમ કરાવેલું તેનો ઉલ્લેખ પોતાની ભાષામાં ઉતારેલો તે પ્રગટ થયો છે. એ રાજાનો એક માનીતો સફેદ હાથી મરી ગયો. રાજાને તેની પાછળ તેના વજન જેટલું દાન કરવાની ઇચ્છા થઇ. પણ એવડા મોટા હાથીનું વજન કેમ કરવું? વૃદ્ધ પ્રધાને સલાહ આપી કે હાથીના શબને એક હોડીમાં મૂકી તેને ઊંડા સરોવરમાં તરતી મૂકો. પાણીમાં હોડી ડૂબતાં તેના જે ભાગ સુધી પાણીની રેખા આવે ત્યાં નિશાન કરો. પછી હાથીના શબને કાઢી લઇ તેને બદલે હોડીમાં વજનનાં તોલાં ભરતા જાઓ, તે પેલા નિશાન સુધી પાણીની રેખા પહોંચે ત્યાં લગી. જેટલાં તોલાં થાય તેટલું હાથીનું વજન.

ગુગળ

ગુગળનું દેશી નામ ગુગર, ગુગલ–ગુગળ. હિંદુસ્તાની ને સંસ્કૃતમાં તેને ગુગળ કહેવામાં આવે છે. ગુગળનાં ઝાડ ચારથી બાર ફીટ ઊંચાં થાય છે. એમાં આડીઅવળી લાંબી ટૂંકી કાંટા જેવી અણીવાળી ઘણી ડાળીઓ થાય છે. એની નીચેની છાલનો રંગ લીલો હોય છે. ઝાડને કાપ મૂકવાથી તેમાંથી પીળાસપડતો ચીકણો પદાર્થ નીકળે છે તે જ ગુગળ. એ ઝાડનાં થડ લીસાં અને ચળકતાં હોય છે. અને તેનો આકાર ધંતૂરાના જેવો હોય છે. તે રંગે રાતો અને છેડે સૂક્ષ્મ અણીવાળો હોય છે. ફળની છાલની વાસ કાચી કેરી જેવી અને સ્વાદ કડવો કે જરા ખટાશ પડતો હોય છે.

ગુગળનો ગુણ ચિર ગુણકારી, પૌષ્ટિક, સારક, ઉત્તેજક અને લોહી સાફ કરનાર છે. શરીર ને વીર્યની નબળાઇમાં તે અતિ ઉપયોગી છે. વળી પગની તળી તથા હાથની હથેલીમાં દુખાવા હોય તે ઉપર સ્વચ્છ ગુગળ સાકર સાથે ખવડાવવાથી તે મટે છે. ભગંદર, હરસ, વીસફોટક, ક્ષય, કોઢ, સંગ્રહણી, ચામડીનાં દરદો, લોહીવિકારનાં દરદો, કંઠમાળ અને જલોદર પર પણ ગુગળ વપરાય છે. ચાંદા અને ગડગુમડાં ઉપર ગુગળનો મલમ વાપરવામાં આવે છે. વાતરોગ કે રાંઝણ અને પક્ષઘાત એટલે અરધા શરીરનું રહી જવું વગેરે તમામ પ્રકારના વાયુ ઉપર ગુગળ એક રામબાણ ઈલાજ છે.

પડી જવાથી યા તો કાંઇ વાગવાથી અંગમાં દુખાવો થઇ આવે છે અથવા સાંધા દુઃખે છે ત્યારે તેના ઉપર ગુગળનો લેપ થાય છે. શરીરના કોઇ પણ ભાગમાં શૂળ કે ચસકા મારતા હોય તો તેના ઉપર ગુગળનો લેપ કરવામાં આવે તો તેનાથી આરામ થાય છે. એક બાજુની કમર રહી ગઈ હોય તો તેના ઉપર ગુગળની પટી મારવી અથવા લેપ કરવો. હવા બગડી હોય તો ગુગળનો ધૂપ કરવામાં આવે છે. કેટલાક લોકો વાળાના સોજા ઉપર તેનો લેપ કરે છે. તેથી ચામડી ખેંચાય છે અને એ તાણથી વાળાને બહાર કાઢી નાખે છે. ચિકાશ લાવવાને કડીઆ ચૂનામાં ગુગળ નાખે છે. બરોલ અને કલેજાંની ગાંઠ ઉપર ગુગળ અને ચૂનો બેઉ ભેગાં કરી ચોપડવામાં આવે છે.

ગુગળના ફળને ગુગલીઆ કહે છે. તે અજીરણ લુસ અને ખાટા ઓડકાર અને શીરસ આવવાથી શરીરમાં ધામડા ફૂટી નીકળે છે તે ઉપર મીઠા સાથે ગુગળ ખવડાવવામાં આવે છે. ગુગળનાં ફળ ન મળે તો તેનાં પાન વાપરવાં. જો મોઢું આવ્યું હોય કે દાઢ કળતી હોય તો ગુગળનું દાતણ કરવાથી મટી જાય છે.

(બે ઘડી મોજ)

કોણી મારીને કુરકું! પાન ૩૫૪થી ચાલુ

રાજાને તો આ સાંભળી બહુ જ નવાઇ લાગી. તેણે આસપાસનાં ગામડામાં પણ તેવી જાતનો ઢંઢેરો પીટાવી દીધો કે 'ઉપરની શરતે કરેલો મોરલો જે કોઇ લાવી આપશે તેને રાજા ચતુરસેન અરધું રાજ્ય આપશે.'

આ ઢંઢેરો સાંભળી ઘણાં માણસો કોણ આ ઈનામ જીતી જાય છે તે જોવાને ચતુરસેનની રાજધાની તરફ જવા લાગ્યાં, પણ કોઇની હિંમત મોરલો બનાવવાને ચાલતી ન હતી; તેમ બુદ્ધિ પણ કામ કરતી ના હતી.

સમયવર્તી આ વિચિત્ર ઢંઢેરો સાંભળતાં જ ઘરથી એકદમ નીકળી પડ્યો અને રસ્તામાં એક નાનકડું તલાવડું હતું ત્યાંથી મુંજ ઉપાડી એક સુંદર મોરલો ગૂંથ્યો અને રાજાની સભામાં જઇ હાજર કર્યો.

પેલા કવિએ તો પાસ કર્યો કારણકે તેના ઢંઢેરામાં જે કહેવામાં આવ્યું હતું તે જાતનો આ મોરલો ના હતો. રાજા પણ ખુશખુશ થઈ ગયો અને પૂછ્યું, "તમો કોણ છો?"

'નામદાર! હું આપનો જમાઇ. પેલું કોણી મારીને કુરકું બનાવનાર આદમી!' રાજાને બહુ જ આનંદ થયો અને પોતાને પેટે કંઇ છોકરું ન હતું એટલે બધું ય રાજપાટ સમયવર્તીને આપી દીકરી ને જમાઇ બંનેને પોતાને ઘેર રાખ્યાં.

ખાધું પીધું ને રાજ કર્યું. **પ્રાણભાઇ મ. મહેતા**

ધમધમાટ કરતી ધસ્યે આવતી ટ્રેનને માર્ગ કરી આપવા માટે મદ્રાસ ઇલાકાના એક સ્ટેશનનો સાંધાવાળો જેવો પાટાનો સાંધો ફેરવવા જાય છે તેવો જ એક ભયંકર કાળો નાગ આવી તેના પગની આસપાસ વીંટળાયો. હવે શું કરવું? ગભરાઇને સાંધો છોડી ભાગે તો ગાડી એજ પાટા પર સામે ઊભેલા ભારખાના સાથે અથડાઇ ચૂરો થઇ જાય ને હજારો ઉતારૂઓની જાનહાનિ થાય. ક્ષણ વારમાં તેણે પોતાના જીવને ભોગે પણ ગાડીમાંના જીવોને બચાવવાનો નિશ્ચય કરી લીધો ને સ્થિર ચિત્તે કર્તવ્યમાં દૃઢ રહી સાંધો ફેરવ્યો. બીજી જ ક્ષણે ધસમસતી ગાડી સલામતીથી પસાર થઈ ગઇ. તેના અવાજથી સાપ પણ ભયભિત થઇ નાસી ગયો ને સાંધાવાળો પણ બચી ગયો.

લેખનની સામાન્ય ભૂલો : અર્થભાર વધારવાની વૃત્તિથી ઘણા અઘોષને બદલે ઘોષ વ્યંજન લખવાની ભૂલ કરે છે. દાખલા તરીકે ઘણા 'ઝકડી' લખે છે તેને બદલે 'જકડી' જોઇએ–જકડવું એ ખરો શબ્દ છે. એમ જ, જંપવું–જંપીને; ઝંપીને નહિ. જંજીર; ઝંઝીર નહિ.

'સારૂં થયું ને, હું ચીનમાં ન જન્મ્યો?'

'કેમ?'


'મને એ ભાષા નથી આવડતી!'

કોલસાની સગડી બરોબર ન સળગતી હોય તો ઉપર થોડી મોરસ ખાંડ નાખજો. જરા ખર્ચાળ લાગે છે, ખરૂં?

૧૨મી માર્ચે સત્યાગ્રહની લડત શરૂ થયાને છ માસ થયા; એટલા સમયમાં મુંબાઈસરકારને તેની અસરથી સવા કરોડ રૂપિયાની ખોટ ગયાનું જાહેર થયું છે.

આંબાનો ગુંદર લીંબુના રસ કે તેલમાં મેળવી લગાડવાથી ચામડીનાં દર્દ મટે છે.

વનસ્પતિનાં સુંદર પાન કે ફૂલને કુદરતી રંગોમાં સંઘરવાનો શોખ હોય તો તેને બ્લૉટિંગના પડ વચ્ચે રાખી ઉપર ભારે વજન મૂકી ૪૮ કલાક રહેવા દો.



આ ચક્કર સામે એક મીટે જોઈ રહો, એનાં વર્તુળો ચકળવકળ ફરતાં જણાશે.

ઝાડના થડમાં વેહ પાડી તેમાં ખાસ પ્રકારના બીનનુકસાનકારક રંગો મૂકવાથી ઝાડના લાકડાનો રંગ ફેરવી શકાય છે; અને પક્ષીઓના પણ ખોરાકમાં એ રંગો મેળવવાથી તેના, તેનાં ઇંડાંના તથા બચ્ચાંના રંગો પણ ફેરવી શકાય છે.

ચીનાઓ બાળકના જન્મ સાથે જ તેની એક વર્ષની ઉમર ગણે છે.

રૂપાની વસ્તુઓ ફલાનલના કટકાથી ઘસવાથી ચકચકિત થશે.

બૅંક ઑફ ઇંગ્લંડની તિજોરીઓના ઓરડા સલામત રાખવા માટે રોજ તેને કેટલાક ફૂટ ઊંડા પાણીમાં ડુબાડી દેવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.


રાયણનો ઠળિયો ઘસીને વીંછીના ડંખ ઉપર ચોપડવાથી વીંછી ઊતરે છે



કેનેથ અને જાન હંટર નામના આ બે અમેરિકન ભાઇઓએ લાગટ ૫૫૩ કલાક (૨૩ રાત, ૨૩ દિવસ અને એક કલાક) સુધી નીચે ઊતાર્યા વિના હવામાં જ એરોપ્લેન રાખ્યું હતું. ઊતર્યા પછી તરત તેમનો આ ફોટોગ્રાફ લેવાયો છે.

શીમળો બહુ ઉપયોગી ઝાડ છે. તેની છાલ ચોપડવાથી વાળો મટે છે. શીમળાનાં ફૂલનું શાક ઘી ને સિંધવ સાથે સિદ્ધ કરીને લેતાં આવડે તો પ્રદરનો રોગ મટે છે. ગામડાંના લોકો ધાતુપુષ્ટિ માટે શીમળાનાં કુણાં બારીક મૂળને દૂધમાં ઘસીને પીએ છે.

હિંદુસ્તાનના વાઇસરૉયનો માસિક પગાર ત્રીસ હજાર રૂપિયા છે; પણ તેનું અને તેના સરંજામનું માસિક ખર્ચ દોઢ લાખ રૂપિયા થાય છે. એ પણ હિંદને જ માથે. પગારનો તો એને કોરો ચેક મળે!



વળી પાછો વિસૂવિયસનો જ્વાળામુખી હમણાં ફાટ્યા તેનો આ છેલ્લો ફોટોગ્રાફ. તેના શિખર આગળથી ધસ્યો આવતો ધગધગતો લાવા નીચેના ભાગમાં સ્પષ્ટ દેખાય છે.